અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૩ ફેબ્રુઆરી ૨૦૨૪, મંગળવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, મહા સુદ ચોથ | અંક : ૧૯૩ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### સેન્સેક્સમાં ૫૨૩ અને નિફ્ટીમાં ૧૬૬ પોઈન્ટનું ગાબડું


## સપ્તાહના પહેલા જ દિવસે માર્કેટ વેલ્યૂમાં ૭.૫૮ લાખ કરોડ રૂપિયાનો ઘટાડો

। (એજન્સી) મુંબઈ, તા.૧૨ ।

ભારતીય શેર બજારના રોકાણકારો માટે આ અઠવાડિયે પહેલું ટ્રેડિંગ સત્ર ખુબ જ નિરાશાજનક રહ્યું છે. મિડ કેપ અને સ્મોલ કેપ સ્ટોક માટે આજનું સત્ર બ્લેક મંડે સાબિત થયું છે. આજે ટ્રેડિંગમાં બેંકિંગ સ્ટોક્સમાં પણ ખુબ વેચાણ જોવા મળ્યું છે. ટ્રેડિંગ ખતમ થવા પર બીએસઈ સેન્સેક્સ ૫૨૩ પોઈન્ટના ઘટાડા સાથે ૭૧,૦૭૨ પોઈન્ટ પર બંધ થયો છે જ્યારે એનએસઈનું નિફ્ટી ૧૬૬ પોઈન્ટના ઘટાડા સાથે ૨૧,૬૧૬ પોઈન્ટ પર ક્લોઝ થયું છે.

આજે ટ્રેડમાં મિડ કેપ અને સ્મોલ કેપ સ્ટોક્સમાં સુનામી જોવા મળી છે. નિફ્ટીનું મિડ કેપ ઈન્ડેક્સ ૧૨૧૩ અને નિફ્ટનું સ્મોલ કેપ ઈન્ડેક્સ ૬૫૨ પોઈન્ટના ઘટાડા સાથે બંધ થયું છે. જ્યારે બીએસઈમિડ કેપ ૧૦૩૮ અને બીએસઈસ્મોલ કેપ ૧૪૪૩ પોઈન્ટના ઘટાડા સાથે બંધ થયો છે. આ સિવાય બેંક શેરોમાં પણ મોટો ઘટાડો જોવા મળ્યો છે. નિફ્ટી બેંક ઈન્ડેક્સ ૭૫૨ પોઈન્ટ ઘટીને ૪૪,૮૮૨ પોઈન્ટ પર બંધ થયું છે. નિફ્ટી પીએસયૂ ઈન્ડેક્સ ૩૦૮ ટકા ઘટીને બંધ થયું છે. આ સિવાય એફએમસીજી, મેટલ્સ, એનર્જી, મીડિયા, રિયલ એસ્ટેટ, કન્ઝ્યૂમર ડ્યૂરેબલ્સ અને ઓઈલ એન્ડ ગેસ સેક્ટરના શેર ઘટીને બંધ થયા. માત્ર હેલ્થકેર, ફાર્મા અને આઈટી સ્ટોક્સમાં તેજી જોવા મળી. શેર બજારમાં આ ઘટાડાને લઈને બજારમાં લિસ્ટેડ કંપનીઓમાં માર્કેટ વેલ્યૂમાં મોટો ખાડો પડ્યો છે. આજે ટ્રેડિંગ પૂર્ણ થવા પર બીએસઈપર લિસ્ટે કંપનીઓનું માર્કેટ કેપ ઘટીને ૩૭૮.૮૫ લાખ કરોડ રૂપિયા પર બંધ થયું છે જે છેલ્લા ટ્રેડિંગ સત્રમાં ૩૬૮.૪૩ લાખ કરોડ રૂપિયા રહ્યું હતું. આજના ટ્રેડમાં બજારના માર્કેટ વેલ્યૂમાં ૭.૫૮ લાખ કરોડ રૂપિયાનો ઘટાડો આવ્યો છે. સોમવારે શેરબજારમાં નોંધપાત્ર નબળાઈ નોંધાઈ હતી અને બીએસઈસેન્સેક્સ ૫૨૩ પોઈન્ટ ઘટીને ૭૧૦૭૨ પોઈન્ટના સ્તરે બંધ થયો હતો. નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી ૧૬૬ પોઈન્ટ ઘટીને ૨૧૬૧૬ પોઈન્ટના સ્તરે બંધ થયો છે. સોમવારે શેરબજારના કામકાજમાં નિફ્ટી મિડકેપ ૧૦૦, બીએસઈસ્મોલ કેપ, નિફ્ટી બેક્ર સહિત નિફ્ટી ઓટો અને નિફ્ટી ફાઈનાન્સિયલ સર્વિસિસની સાથે નિફ્ટી એફએમસીજી ઈન્ડેક્સમાં નબળાઈ નોંધાઈ હતી. નિફ્ટી આઈટી અને નિફ્ટી ફાર્મા ઈન્ડેક્સ વધીને બંધ થયા છે.

### શેરબજારના કામકાજમાં વધારો દર્શાવનાર કંપનીઓના શેર વિશે વાત કરીએ



ડો. રેડ્ડીઝ, અપોલો હોસ્પિટલ, ડિવિઝ લેબ, વિપ્રો, એચસીએલ ટેક, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા અને એલટીઆઈ માઇન્ડટ્રીના શેરમાં વધારો નોંધાયો હતો. કોલ ઈન્ડિયા, હીરો મોટોકોર્પ, ઓએનજીસી, ટાટા સ્ટીલ, એનટીપીસી અને એસબીઆઈના બીપીસીએલ શેર નબળાઈ પર બંધ થયા હતા. સોમવારે શેરબજારમાં ટ્રેડિંગ દરમિયાન ઓરિએન્ટ ઇલેક્ટ્રિક, શારદા ક્રોપ કેમ, દીપક ફર્ટિલાઇઝર્સ, પોલીપ્લેક્સ કોર્પ અને વિનતી ઓર્ગેનિક્સના શેર ૫૨ સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા. સોમવારે શેરબજારની નબળી કામગીરી વચ્ચે ગૌતમ અદાણી ગ્રૂપની ૧૦ લિસ્ટેડ કંપનીઓમાંથી બેના શેરમાં નજીવો વધારો નોંધાયો હતો જ્યારે આઠ કંપનીઓના શેર નુકસાનમાં બંધ થયા હતા. સોમવારે મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, નેસ્લે ઈન્ડિયા અને યુપીએલના શેરમાં થોડો વધારો નોંધાયો હતો, જ્યારે એશિયન પેઈન્ટ્સ, જિયો ફાઈનાન્શિયલ, ટાટા મોટર્સ, એચડીએફસી બેંક, હિન્દુસ્તાન ઝિંક, આઈસીઆઈસીઆઈ બેંક, કોટક મહિન્દ્રા બેંક, એક્સાઈડ ઈન્ડસ્ટ્રીઝ, ઓએનજીસી, ઓમ ઈન્ફ્રા, એનએમડીસી. ઉર્જા ગ્લોબલ, બ્રાન્ડ કોન્સેપ્ટ, પટેલ એન્જિનિયરિંગ અને પંજાબ એન્ડ સિંધ બેંકના શેરમાં નબળાઈ નોંધાઈ હતી.

### નવમી વખત મુખ્યપ્રધાન બનવામાં નીતિશ સફળ

## નીતિશ કુમારે ૧૨૯ સભ્યોના સમર્થનથી વિશ્વાસનો મત જીત્યો

। (એજન્સી) પટના, તા.૧૨ ।

નીતીશ કુમાર ફરી એનડીએમાં જોડાઈ ગયા બાદ બિહારના ૯મી વખત મુખ્યમંત્રી બની જવામાં સફળ રહ્યા હતા. ત્યારે હવે આજે વિધાનસભામાં તેમની સરકારે વિશ્વાસ મત મેળવી લીધો છે. નીતીશ સરકારે ફ્લોર ટેસ્ટમાં જીત મેળવી છે. એનડીએને ૧૨૯ મત મળ્યા છે. નીતીશ સરકારને બહુમત હાંસલ થયો છે. નીતીશ કુમારના ફ્લોર ટેસ્ટ દરમિયાન વિપક્ષે વૉકઆઉટ કર્યું હતું. ઉલ્લેખનીય છે કે વિપક્ષમાંથી આરજેડીના કેટલાક ધારાસભ્યો સત્તાપક્ષની તરફેણમાં થઈ જતાં નીતીશ કુમારની જીત સ્પષ્ટ દેખાઈ રહી હતી. જેના પગલે તેમને ફાયદો પણ થયો અને વિપક્ષને પોતાની હાર દેખાતા તેમણે વૉકઆઉટ કરી લીધું હતું. બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારે વિધાનસભામાં રજૂ કરાયેલા વિશ્વાસ પ્રસ્તાવનો જવાબ આપતા કહ્યું હતું કે, 'અમે વિકાસ માટે અને લોકોના હિતમાં કામ કરવાનું ચાલુ રાખીશું. ૨૦૨૧માં સાત સંકલ્પો શરૂ કર્યા, આજે કેટલો ફાયદો થયો છે.



### નીતીશના ફ્લોર ટેસ્ટ દરમિયાન વિપક્ષે વોકઆઉટ કર્યું

આપણે બધાએ તેને ચાલુ રાખ્યું છે. બિહારનો વિકાસ થશે. સમાજના દરેક વર્ગનું ધ્યાન રાખશે. આ લોકોનું જે પણ થશે. અમે આ લોકોને માન આપ્યું અને અમને ખબર પડી કે આ લોકો ફક્ત કમાણી કરે છે. આજ સુધી, જ્યારે આ પાર્ટી અમારી સાથે હતી, ત્યારે અમે ક્યારેય આમ તેમ ન કર્યું. પૈસા ક્યાંથી આવ્યા અમે તપાસ કરાવીશું.' બિહારમાં અવધ બિહારી ચૌધરીને વિધાનસભા સ્પીકર પદેથી હટાવવાનો પ્રસ્તાવ ધ્વનિ મતથી પસાર કરાયો હતો. આ પ્રસ્તાવ પર વોટિંગ પણ થઈ અને તેના પછી સ્પીકરની તરફેણમાં ૧૨૫ અને વિરુદ્ધમાં ૧૧૨ મત પડ્યા હતા. સમ્રાટ ચૌધરીની પાઘડી વિશે તેજસ્વીએ કહ્યું કે, તેમને અમારા કાકાએ પાઘડી ઉતારવાની સલાહ આપી હશે. સમ્રાટ ચૌધરીના પિતા અમારી પાર્ટીમાં રહ્યા છે, તેમણે નીતિશ વિશે શું કહ્યું છે તે અમે જણાવવા માંગતા નથી.

### ન્યૂઝ બ્રિફ

#### ફ્લોર ટેસ્ટ પહેલાં આરજેડી -ઈન્ડિયા ગઠબંધનના સાથીઓ ક્રિકેટ રમ્યા

। પટના, તા.૧૨ ।

બિહારમાં આજે નીતીશ કુમાર સરકારે ફ્લોર ટેસ્ટમાંથી પસાર થયું છે. તમામ નજરો આજે એચએએમના ધારાસભ્યો પર હતી. નીતીશ કુમાર મહાગઠબંધનની સરકારમાંથી છેડો કરીને તાજેતરમાં જ એનડીએમાં જોડાઈ ગયા હતા અને આજે તેમની સરકારનું ફ્લોર ટેસ્ટ હતો. જેને લઈને બિહારનું રાજકારણ ગરમાયું હતું.

#### ઈઝરાયેલના હુમલામાં ૩૭ પેલેસ્ટિનીનાં મોત થયા

। જેરૂસલેમ, તા.૧૨ ।

ગત વર્ષે ૭ ઓક્ટોબરથી શરૂ થયેલા ઈઝરાયલ અને હમાસ વચ્ચેનું યુદ્ધ હજુ પણ યથાવત્ છે. અત્યાર સુધી હજારોની સંખ્યામાં બંને દેશોના લોકો જીવ ગુમાવી ચૂક્યા છે. આ સૌની વચ્ચે ઈઝરાયલે ફરી એકવાર ગાઝામાં હુમલા કર્યા હતા. ગાઝાના સ્વાસ્થ્ય અધિકારીઓના જણાવ્યાનુસાર દક્ષિણ શહેર રાફાહમાં ઈઝરાયલી હુમલામાં ઓછામાં ઓછા ૩૭ પેલેસ્ટિની લોકોએ જીવ ગુમાવી દીધા હતા.

### કોંગ્રેસની ભારત જોડો ન્યાય યાત્રાછત્તીસગઢ પહોંચી

## દેશનું તંત્ર માત્ર 3-૪ લોકો માટે ચલાવવામાં આવી રહ્યું છે : રાહુલ

। (એજન્સી) કોરબા, તા.૧૨ ।

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીની 'ભારત જોડો ન્યાય યાત્રા' છત્તીસગઢ પહોંચી છે. તેમની યાત્રાની શરૂઆત મણિપુરથી થઈ હતી જે મુંબઈમાં સમાપ્ત થશે. આ યાત્રા બિહાર, ઝારખંડ, ઓડિશા થઈને છત્તીસગઢ પહોંચી છે. ત્યારે છત્તીસગઢમાં રાહુલ ગાંધીએ કેન્દ્ર સરકાર પર પ્રહાર કરતા કહ્યું કે, આ સરકાર માત્ર થાળી વગાડે છે. રાહુલ ગાંધીએ કેન્દ્ર સરકાર પર નિશાન સાધતા કહ્યું કે, બીજેપી સરકારે નોટબંધી અને ત્યારબાદ જીએસટી લાગુ કરી. સરકારના આ નિર્ણયોના કારણે નાના વેપારી તબાહ થઈ ગયા. તેમણે આરોપ લગાવ્યો કે, દરેક સેટક્ટરને કેટલાક લોકોમાં વહેંચવામાં આવી રહ્યા છે. રાહુલે કહ્યું કે, દેશમાં પાવર, ડિફેન્સ, હેલ્થ, રિટેલ, એરપોર્ટ આમ દરેક ઈન્ડસ્ટ્રીમાં પસંદ કરાયેલા લોકો છે. એનો અર્થ એ કે, દેશનું તંત્ર માત્ર ૩-૪ લોકો માટે ચલાવવામાં આવી રહ્યું છે, બાકીની જનતા પર મોંઘવારીનું ભારણ છે. આ જ આર્થિક અન્યાય છે.

### જનતા પર મોંઘવારીનું ભારણ છે : રાહુલ ગાંધી



કોંગ્રેસ નેતાએ કહ્યું કે, દેશમાં પછાત વર્ગના ૫૦%, દલિત ૧૬% અને આદિવાસી ૮% છે. તેમની તમામ મહેનતની કમાણી મૂડીવાદીઓની કંપનીઓમાં જાય છે, જ્યારે તેમની કંપનીઓમાં કોઈ દલિત અને પછાત લોકો નથી. રાહુ ગાંધીએ કહ્યું કે, દેશના અલગ-અલગ સેક્ટરમાં દલિત-પછાતની ભાગીદારી નથી. બીજેપી હિન્દુ રાષ્ટ્રની વાત કરે છે જ્યારે પછાત, દલિત અને આદિવાસી વર્ગને કંઈ નથી મળી રહ્યું. રામ મંદિર ઉદ્ઘાટનના સમયે પણ એક પણ ગરીબ-મજૂર ખેડૂત નજર ન આવ્યો. લોકસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને કોંગ્રેસે 'ભારત જોડો ન્યાય યાત્રા' શરૂ કરી છે. પાર્ટીનું કહેવું છે કે આ યાત્રાનો હેતુ લોકોને ન્યાય આપવાનો છે. અગાઉ ભારત જોડો યાત્રા દક્ષિણમાં કન્યાકુમારીથી શરૂ થઈ હતી અને ઉત્તરમાં કાશ્મીરમાં સમાપ્ત થઈ હતી. જોકે, આ વખતે યાત્રા ઉત્તર-પૂર્વીય રાજ્ય મણિપુરથી શરૂ થઈ છે જે માર્ચમાં મુંબઈમાં સમાપ્ત થશે.

#### કેન્દ્રીય કર્મચારીઓને મોદી સરકાર આપી શકે છે મોટી ભેટ

। નવી દિલ્હી, તા.૧૨ ।

PF ખાતાધારકોને મોટી ભેટ આપતા કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન એ શનિવારે વ્યાજદરમાં વધારાની જાહેરાત કરી હતી. જે હવે વધારીને ૮.૨૫ ટકા કરી દેવામાં આવી છે. ચૂંટણીના વર્ષમાં પીએફ પર વ્યાજમાં વધારો થયા બાદ હવે મોંઘવારી ભથ્થા માં ટૂંક સમયમાં વધારો થવાની આશા છે. જો અહેવાલો પર વિશ્વાસ કરવામાં આવે તો સરકાર માર્ચ ૨૦૨૪માં આ અંગે મોટો નિર્ણય લઈ શકે છે.

### કોંગ્રેસને મહારાષ્ટ્રમાં વધુ એક ફટકો

## ભૂતપૂર્વ મુખ્યપ્રધાન અશોક ચવ્હાણનું કોંગ્રેસમાંથી રાજીનામું

#### અશોક ચવ્હાણ ભાજપમાં જોડાઈ જશે તો તેમને ભાજપ દ્વારા રાજ્યસભામાં મોકલવામાં આવી શકે છે

। (એજન્સી) મુંબઈ, તા.૧૨ ।

મહારાષ્ટ્રમાં કોંગ્રેસની મુસીબત ઘટવાનું નામ નથી લઈ રહી. હવે વધુ એક મોટા નેતાએ રાજીનામું આપ્યાના સમાચાર મળી રહ્યાં છે. માહિતી અનુસાર કોંગ્રેસ વતી રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી રહી ચૂકેલા દિગ્ગજ નેતા અશોક ચવ્હાણે રાજીનામું આપી દીધું છે. તેમણે વિધાનસભા સ્પીકરને રાજીનામું સોંપી દીધો હોવાના અહેવાલ છે. હવે તેઓ ભાજપમાં જોડાશે તેવી શક્યતા છે. અશોક ચવ્હાણ હવે રાજીનામું આપ્યા બાદ ભાજપના કાર્યાલયે જશે અને વિધિવત રીતે તેઓ ભાજપમાં જોડાઈ શકે છે. ઉલ્લેખનીય છે કે મિલિંદ દેવડા, બાબા સિદ્દિકી બાદ હવે અશોક ચવ્હાણનો પાર્ટી છોડવાનો નિર્ણય કોંગ્રેસ માટે મોટા ઝટકા સમાન સાબિત થઈ શકે છે.



કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહે અમદાવાદ મહાનગર પાલિકાના કુલ રૂા.૧૯૫૦ કરોડનાં વિકાસ કાર્યોનું લોકાર્પણ તથા ખાતમુહૂર્ત કર્યું.




ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુ ગુજરાતના ટંકારા ખાતે મહર્ષિ દયાનંદ સરસ્વતીની જન્મજયંતિ નિમિત્તે ૨૦૦મા જન્મોત્સવ-જ્ઞાન જ્યોતિ પર્વ સ્મરણોત્સવ સમારોહનું સન્માન કરવામાં આવ્યું હતું.





## ન્યૂઝ બ્રિફ

### બુબવાણામાં લટકતો વીજ વાયર ટ્રેક્ટર ટ્રોલીને અડી જતાં ૩નાં મોત

। સુરેન્દ્રનગર, તા.૧૨ ।

સુરેન્દ્રનગરથી એક મોટી દુર્ઘટનાના અહેવાલ મળી રહ્યા છે. અહીં બુબવાણા ખાતે વીજળીનો લટકતો વાયર ટ્રેક્ટર ટ્રોલીને અડી જતાં ૩ મજૂરોને જોરદાર કરંટ લાગ્યો હોવાની ઘટના બની. જેમાં ત્રણેયના મોતના અહેવાલ છે. આ ત્રણેય મજૂરો મધ્યપ્રદેશના હોવાનું મનાય છે. જોકે અન્ય ૬ મજૂરોને પણ જોરદાર ઝટકો વાગ્યો હતો જેના લીધે તેઓ દાઝી ગયા હતા. ઘટનાની જાણ થતાં જ પોલીસ ટુકડી ઘટનાસ્થળે ધસી આવી હતી અને તાત્કાલિક બચાવ કામગીરી હાથ ધરવાની સાથે આ મામલે વધુ તપાસ હાથ ધરી હતી. બીજી બાજુ મૃતકોના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યા છે. ઘાયલોને વિરમગામ ખાતે સારવાર અર્થે હોસ્પિટલ લઈ જવાયા હતા.

### દેવભૂમિ દ્વારકાના ભાણવડના બરડા ડુંગરમાં આગ લાગી

। ભાણવડ, તા.૧૨ ।

દેવભૂમિ દ્વારકાના ભાણવડના બરડા ડુંગરમાં આગ લાગી છે. કાનમેરા પર્વતનાં જંગલમાં ભીષણ આગ લાગી છે. આગના કારણે આસપાસ વિસ્તારમાં ભયનો માહોલ જોવા મળ્યા હતો. ઘટનાની જાણ ફાયર બ્રિગેડને કરતા તાત્કાલિક ફાયર બ્રિગેડ ઘટના સ્થળે આવી પહોંચ્યુ હતુ. રાજ્યમાં અવારનવાર આગ લાગવાની ઘટના સામે આવતી હોય છે. ત્યારે ફરી એક વાર દેવભૂમિદ્વારકા પંથકમાં આગ લાગવાની ઘટના સામે આવી છે. દેવભૂમિ દ્વારકાના ભાણવડના બરડા ડુંગરમાં આગ લાગી છે. કાનમેરા પર્વતનાં જંગલમાં ભીષણ આગ લાગી છે. આગના કારણે આસપાસ વિસ્તારમાં ભયનો માહોલ જોવા મળ્યા હતો. ઘટનાની જાણ ફાયર બ્રિગેડને કરતા તાત્કાલિક ફાયર બ્રિગેડ ઘટના સ્થળે આવી પહોંચ્યુ હતુ. તેમજ આગ પર કાબૂ મેળવવાના પ્રયાસ હાથ ધર્યો હતો. જેમાં બીજી તરફ આ અગાઉ સુરતના પલસાણાના બલેશ્વર ગામે ડંપિંગ યાર્ડમાં આગ લાગતાં દોડધામ મચી હતી. આગ લાગવાનું કારણ અકબંધ છે જોકે આગ ઉપર ભારે જહેમત બાદ કાબુ મેળવી શકાયો હતો. નશેનલ હાઈવે નંબર ૪૮ અડીને આવેલ બત્રીસ ગંગા નદી કિનારે ડંપિંગ યાર્ડમાં આ આગ લાગી હતી.

# ગુજરાતમાં આ અઠવાડિયાથી જ ગરમીના દિવસો આવી જશે

## ૧૯થી ૨૨ના વાદળછાયા વાતાવરણ વચ્ચે ગરમીનો અહેસાસ થશે : ઉનાળું પાકના વાવેતર માટે સાનુકુળ વાતાવરણ થતું જશે

। (એજન્સી) અમદાવાદ, તા.૧૨ ।

હાલ રાજ્યમાં ઉત્તર-પશ્ચિમી પવન ફૂંકાઈ રહ્યા છે. જેથી વાતાવરણમાં અચાનક ઠંડી અનુભવાઈ રહી છે. પરંતુ ઠંડી હવે ગણતરીના કલાકોની મહેમાન છે. ગુજરાતમાં આ અઠવાડિયાથી જ ગરમીના દિવસો આવી જશે. આ વર્ષે ભીષણ ગરમીની આગાહી હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલ દ્વારા કરવામાં આવી છે. હજી તો ફેબ્રુઆરી મહિનો છે, પરંતું એપ્રિલ, મે અને જુન મહિનો ગુજરાત માટે આકરો બની રહે છે. આમાં ગરમીનો પારો એટલો વધી જતો હોય છે કે લોકો કાળઝાળ ગરમીમાં શેકાય છે. ત્યારે આ વર્ષે કેવી ગરમી રહેશે તેની આગાહી અંબાલાલ પટેલે કરી છે. હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે પણ આગાહી કરી છે કે ૧૩ ફેબ્રુઆરી સુધીમાં વહેલી સવારે અને રાતના ભાગોમાં તાપમાન ઘટશે. ૧૫થી ૧૬ ફેબ્રુઆરીના ફરી તાપમાન વધશે. ધીરે ધીરે ૧૫ ફેબ્રુઆરીથી ગરમીની શરુઆત થઈ હોય તેવું લાગશે. ૧૯થી ૨૨ ફેબ્રુઆરીના વાદળછાયા વાતાવરણ વચ્ચે ગરમીનો અહેસાસ થશે.

ઉનાળું પાકના વાવેતર માટે સાનુકુળ વાતાવરણ થતું જશે. અંબાલાલ પટેલે જણાવ્યું કે, આ વર્ષે આકરો ઉનાળો રહેશે. ૧૯-૨૪ ફેરબુઆરીથી જ ગરમી શરુ થઈ જશે. ફેબ્રુઆરીમાં મહત્તમ તાપમાન ૩૪ ડિગ્રી ઉપર જશે. આ વર્ષનો ઉનાળો ઉનાળુ પાક માટે સાનુકૂળ રહેશે. ૪ માર્ચથી ગરમીમાં ઉતરોત્તર વધારો થશે. માર્ચ મહિનામાં મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રીની આસપાસ રહેશે. ૨૦ એપ્રિલથી વધુ ગરમી પડશે. ૨૬ એપ્રિલથી મહત્તમ તાપમાન ૪૪ ડિગ્રી પાર જશે. ૧૧ મેથી કાળઝાડ ગરમી પડશે.

તો તેમણે આગળ કહ્યું કે, મે મહિનામાં બંગાળની ખાડી અને અરબસાગરમાં હવાના હળવા દબાણ ઉભા થવાની શક્યતા છે. તેમજ ૪ જૂનથી પણ બંગાળની ખાડી અને અરબસાગરમાં હવાના હળવા દબાણ ઉભા થવાની શક્યતા છે. જો કે રાહતના સમાચાર એ છે કે, ભારે ગરમી સહન કર્યા બાદ ચોમાસુ સારું રહેશએ. અન નીનોનો પ્રભાવ ઘટી જતા આ વર્ષે ચોમાસુ સારું જવાની ધારણા છે. આ ફેબ્રુઆરીનો મહિનો કેરીના પાક માટે નુકશાનકારક હોવાનું આગાહીકાર અંબાલાલ પટેલની આગાહી છે. તેમણે કહ્યું કે, સૂર્યનું રાશિ બ્રહ્મણ કુંભ રાશિમાં સાયન મીન રાશિમાં અને ગ્રહો જળ દાયક નક્ષત્રમાં હોતા માર્ચની શરૂઆતમાં હવામાનમાં પલટો આવશે. ફેબ્રુઆરી મહિનામાં પવનની ગતિ વધુ રહેશે. જેના કારણે આંબાના મોર ખરી પડે તેવી શક્યતા છે. પવનની ગતિ ૧૫-૨૪ દ્વિ/૨ ની રહી શકે છે. જીરા જેવા પાકમાં રોગ આવવાની શક્યતા છે. ઉભા કૃષિ પાકો વળી જવાની શક્યતા છે. આવામાં ખેડૂતોએ સાવચેતીના પગલાં લેવા જરૂરી છે.

### ભયના માર્યે ડર્યા રામભક્તો

## ગુજરાતથી અયોધ્યા જવા નીકળેલી ટ્રેન પર પથ્થરમારો

। (એજન્સી) સુરત, તા.૧૨ ।

ગઈકાલે સુરતથી અયોધ્યા જનારી ટ્રેનને લીલી ઝંડી આપવામાં આવી હતી. કેન્દ્રીય મંત્રી દર્શનાબેન જરદોશ દ્વારા સુરતથી અયોધ્યા જનારી આસ્થા ટ્રેનને ફ્લેગઓફ આપવામાં આવ્યું હતું. પરંતુ આ ટ્રેનને આગળ જતા મોટી મુસીબતનો સામનો કરવો પડ્યો હતો. ટ્રેન જેમ અયોધ્યા તરફ જવા નીકળી હતી, અને નંદુરબાર પહોંચી તો રાતે ટ્રેન પર પથ્થરમારો કરાયો હતો.

આ ટ્રેનમાં સવાર મુસાફરો ગભરાઈ ગયા હતા. તેઓએ ડરના માર્યે ટ્રેનના દરવાજા બંધ કરી દીધા હતા. તેમ છતાં દઝનેક પથ્થરો ટ્રેનની અંદર પહોંચી ગયા હતા. સદનસીબે આ ઘટનામાં કોઈ ઘાયલ થયું નથી. પ્રાપ્ત માહિતી અનુસાર,



સુરતથી ટ્રેન રાતે ૮ વાગ્યે અયોધ્યા જવા આસ્થા ટ્રેન ઉપડી હતી. આ ટ્રેનમાં કુલ ૧૩૪૦ મુસાફરો સવાર હતા. ટ્રેનના મુસાફરો ભોજન કરીને ઊંઘવાની તૈયારી કરી રહ્યા હતા, ત્યારે રાતે પોણા અગિયાર વાગ્યાની આસપાસ ટ્રેન નંદુરબાર પહોંચી હતી. અહી ટ્રેન ઉભી રહેતા જ ટ્રેન પર બહારથી પથ્થરો આવવાની શરૂઆત થઈ હતી.

## ભવનાથ મેળામાં વિધર્મીઓની બગ્ગીમાં નહિ નીકળે રવેડી

। (એજન્સી) જુનાગઢ, તા.૧૨ ।

૮ માર્ચના રોજ મહાશિવરાત્રીનો પર્વ છે. આ પર્વ શિવભક્તો માટે ખાસ ગણાય છે. ત્યારે જુનાગઢના ભવનાથનો મેળો ભક્તો માટે અનેરું મહત્વ ધરાવે છે. અહીં મહાશિવરાત્રીએ દૂરદૂરથી ભક્તો આવે છે. ત્યારે સાધુ સંતો દ્વારા શિવરાત્રિને મેળો લઈ ખાસ બેઠકનું આયોજન કરાયુ હતું. જેમાં મહાશિવરાત્રી મેળામાં સાધુ સંતોને થતી મુશ્કેલી, અન્નક્ષેત્રો ચલાવવામાં પડતી મુશ્કેલી, લોકોને થતી અગવડ અંગે વિસ્તૃત ચર્ચા કરાઈ હતી. વહીવટી તંત્રને સમસ્યાઓનો ઉકેલ કરવા નિર્ણય લેવાયો હતો. સાધુ સંતોના સૂચનોને જૂનાગઢના ધારાસભ્ય, મેયર, શહેર પ્રમુખ તેમજ અગ્રણીઓએ માન્ય રાખ્યા હતા. તેમજ કેટલાક મહત્વના નિર્ણયો પણ આ વર્ષના ભવનાથના મેળા માટે લેવામાં આવ્યા છે. અન્નક્ષેત્રોમાં સામાન માટે મેળામાં વાહનોની અવરજવર વધુ હોય છે, તેથી આ અવરજવર ઓછી થાય એ માટે નિર્ણય લેવાયો કે, સરકાર દ્વારા ટેમ્પરરી ગોડાઉન ઉભુ કરાશે. જેમાં ગેસ સિલિન્ડર, કાચી સામગ્રી, શાકભાજી મળી રહેશે.

### સુરતના હીરા ઉદ્યોગ માટે વધુ એક માઠા સમાચાર

## ૧ કેરેટ કે તેથી વધુ વજન ધરાવતા પોલિશ્ડ હીરા પર ૧ માર્ચથી પ્રતિબંધ લાગુ થશે

### અડધા કેરેટથી પતલી સાઈઝના હીરાને બેન કરવા બાબતે હવે પહેલી સપ્ટેમ્બરે વિચારણા કરવામાં આવશે

। (એજન્સી) સુરત, તા.૧૨ ।

સુરતના હીરા ઉદ્યોગ માટે વધુ એક માઠા સમાચાર સામે આવ્યા છે. પહેલી માર્ચથી અમેરિકામાં રશિયાના હીરા પર પ્રતિબંધ મુકાશે. જેથી સુરતના ઉદ્યોગને અંદાજે ૩૫ ટકાનો ફટકો પડશે. યુક્રેન યુદ્ધ બાદ અમેરિકામાં રશિયામાં ઉત્પાદિત વસ્તુઓને બેન કરવા પ્રયાસો શરૂ કરાયા છે. જેમાં ખાસ કરીને હીરા માટે મંજૂરી મળી છે. ઓફેકના ડેપ્યુટી ડિરેક્ટરે દસ્તાવેજ પર હસ્તાક્ષર કર્યા છે.

૧ કેરેટ કે તેથી વધુ વજન ધરાવતા પોલિશ્ડ હીરા પર ૧ માર્ચથી પ્રતિબંધ લાગુ થશે. અડધા કેરેટથી પતલી સાઈઝના હીરાને બેન કરવા બાબતે હવે ૧ સપ્ટેમ્બરે વિચારણા કરાશે. આ જાહેરાતમાં સ્પષ્ટતા કરવામાં આવી નથી કે આયાતકારોએ પુરાવા પ્રદાન કરવાની જરૂર પડશે કે તેમના પોલિશ્ડ હીરાની રશિયામાં ખાણકામ કરવામાં આવી ન હતી. સુરતમાં આયાત થતા કુલ રફ ડાયમંડમાંથી ૩૦થી ૩૫ ટકા રફ રશિયાથી આયાત કરવામાં આવે છે. જેના કારણે સુરતની ઈન્ડસ્ટ્રીને અસર થશે. નોંધનીય છે કે, થોડા સમય પહેલા વૈશ્વિક મંદીના કારણે હીરા ઉદ્યોગ મુશ્કેલીમાં મુકાયો હતો. યુક્રેન રશિયા યુદ્ધને કારણે રશિયાના રફ ડાયમંડ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. જેના કારણે સુરતમાં હીરા ઉદ્યોગમાં મંદી જોવા મળી રહી છે. મંદીથી મુશ્કેલીમાં મુકાયેલા સુરતના રત્નકલાકારોએ આર્થિક પેકેજની માંગ કરી હતી. ડાયમંડ બુર્સના ઉદ્‌ઘાટન પહેલા આર્થિક સહાય આપવા રજૂઆત કરવામાં આવી હતી. વૈશ્વિક મંદીને કારણે



હીરા ઉદ્યોગ મુશ્કેલીમાં મુકાયો હતો.

યુક્રેન રશિયા યુદ્ધને કારણે રશિયાના રફ ડાયમંડ ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. સુરતમાં પોલિશ્ડ થતાં રફમાં ૩૦ ટકાથી વધુ હિસ્સો રશિયન રફનો હોય છે. રશિયન રફનો પ્રતિબંધ અને મંદીના કારણે હીરા ઉદ્યોગ મુશ્કેલીમાં મુકાયો છે. ડાયમંડ વર્કર યુનિયન દ્વારા રત્નકલાકારો માટે આર્થિક પેકેજની માંગ કરાઈ હતી. માંગ નહીં સંતોષાય તો આગામી દિવસોમાં પ્રતિક ઉપવાસ કરવાની ચીમકી આપી હતી.

G-7 દેશોએ રશિયાના હીરા પર પ્રતિબંધ લગાવ્યો છે ત્યારે GJEPC દ્વારા રફની આયાત પર વોલેન્ટરી રોક હટાવી લીધી છે. હીરા ઉદ્યોગમાં બેરોજગારી ન વધે તે માટે આ નિર્ણય લેવાયો છે. આગામી ૧૫મીથી હીરા વેપારીઓ રફ હીરા મંગાવી શકશે. બેરોજગારી વધવાની શક્યતાને ધ્યાનમાં રાખી હીરા ઉદ્યોગની મુખ્ય સંસ્થા GJEPC દ્વારા નિર્ણય કર્યો છે. હીરાના આયાત પર લગાવેલ વોલેન્ટરી રોક હટાવી લેવામાં આવી છે. કટ એન્ડ પોલિશ્ડ હીરાનું ઓવર પ્રોડક્શન ન થાય તે માટે ૧૫મી સપ્ટેમ્બરના રોજ આયાત સ્વૈચ્છિક બંધ કરાઈ હતી.

## બનાસકાંઠાના રામભક્તનું અયોધ્યામાં દર્શન બાદ મોત

### બનાસકાંઠાના દિયોદરના ભાજપના કાર્યકર્તાઓ ટ્રેન દ્વારા અયોધ્યા રામ મંદિર ખાતે દર્શન કરવા ગયા હતા

। (એજન્સી) બનાસકાંઠા, તા.૧૨ ।

અયોધ્યામાં બીજા ગુજરાતીનું હાર્ટ એટેકથી મોત થયું છે. હજી એક દિવસ પહેલા જ આસ્થા ટ્રેનમાં અયોધ્યા જતા વડોદરાના ભક્તનું હાર્ટ એટેકથી મોત નિપજ્યુ હતું. ત્યારે વધુ એક ગુજરાતીને રામ મંદિરમાં દર્શન કર્યા બાદ હાર્ટ એટેક આવ્યો હતો, અને તેઓ ત્યા જ ઢળી પડ્યા હતા. હાલ તેમના મૃતદેહને ગુજરાત લાવવાની કામગીરી ચાલુ છે. બનાસકાંઠાના દિયોદરના રામભક્તને રામના ધામમાં મોત મળ્યું. દિયોદરના નોખા ગામના રામ ભક્ત ગોરધનભાઈ ઠાકોરનું અયોધ્યામાં હાર્ટએટેકથી નિધન થયું છે. અયોધ્યા રામ મંદિરમાં પહોંચી મંદિરમાં દર્શન કરી પરત આવતા હતા તે દરમિયાન ગોરધનભાઈને હાર્ટ એટેક આવ્યો



હતો. હાર્ટ અટેકથી ઢળી પડતાં તેમને તાત્કાલિક હોસ્પિટલમાં લઈ જવાયા હતા. જ્યાં ફરજ પરના ડોક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા હતા.

આ ઘટનાથી તેમના સાથી રામભક્તોમાં શોકનું મોજું ફરી વળ્યું હતું. નોખા ગામના ૫૫ વર્ષીય ગોરધનભાઈ નાગજીભાઈ ઠાકોરનું મોત નિપજતા પરિવાર અને ગામમાં શોકનો માહોલ છવાયો છે. દિયોદર તાલુકાના ભાજપના સંગઠિત કાર્યકરો ૯ ફેબ્રુઆરીના રોજ પાલનપુરથી અયોધ્યા રેલ્વે મારફતે રામલલ્લાના દર્શન કરવા માટે ગયા હતા.

ઉલ્લેખનીય છે કે, હજી એક દિવસ પહેલા જ વડોદરાના રામ ભક્તને ચાલુ ટ્રેનમાં હાર્ટ એટેક આવ્યો હતો. આસ્થા ટ્રેનથી અયોધ્યા જતા વડોદરાના ભાવિકને ચાલુ ટ્રેનમાં હાર્ટ એટેક આવ્યો હતો. વડોદરાના રમણભાઈ પાટણવાડીયાનું હાર્ટ એટેક આવતા મોત નિપજ્યું છે. તેઓ ગત રોજ વડોદરાથી આસ્થા ટ્રેન મારફતે શહેરના ભક્તો સાથે અયોધ્યા જવા નીકળ્યા હતા. ત્યારે મધ્યપ્રદેશના ખંડવા સ્ટેશન પાસે રમણભાઈને હાર્ટ એટેક આવ્ય હતો. ત્યારે રમણભાઈના મૃતદેહને લઈ ભાજપ કાર્યકરો વડોદરા આવવા રવાના થયા છે.

**વિશેષ** | મહર્ષિ દયાનંદ સરસ્વતી ૨૦૦મી જન્મ જયંતીની ઉજવણી । મહર્ષિ દયાનંદ સરસ્વતી માત્ર વૈદિક ઋષિ નહીં, પરંતુ ભારતીય ચેતનાના ઋષિ હતા

# મહર્ષિ દયાનંદ સરસ્વતીના ૨૦૦મા જન્મોત્સવમાં વર્ચ્યુઅલી સહભાગી થતાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી

। (માહિતી બ્યુરો) મોરબી ।

વિશ્વ વિભૂતિ એવા મહર્ષિ દયાનંદ સરસ્વતીજીની ૨૦૦મી જન્મ જયંતી અન્વયે ટંકારા ખાતે ભવ્યાતિભવ્ય જન્મોત્સવ-સ્મરણોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આજે આ મહોત્સવના દ્વિતીય દિવસે આર્ય સમાજના સંસ્થાપક અને મહાપુરુષ એવા દયાનંદ સરસ્વતીજીને સ્મરણાંજલિ અર્પણ કરવા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આર્ય સમાજના અનુયાયીઓને વર્ચ્યુઅલી સંબોધિત કર્યા હતા. ગુજરાતના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી તેમજ કેન્દ્રીય મંત્રીશ્રી પરસોત્તમ રૂપાલાની પ્રેરક ઉપસ્થિતિમાં આજે બીજા દિવસે કાર્યક્રમોનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.





વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતું કે, દેશ આજે સ્વામી દયાનંદજીની ૨૦૦મી જન્મજયંતી મનાવી રહ્યો છે. આજે મારા માટે ટંકારા પહોંચવું સંભવ ન હતું, પરંતુ હું મન, હૃદયથી તમારી વચ્ચે જ છું. આજે સ્વામીજીના યોગદાનો યાદ કરવા આર્ય સમાજ આ મહોત્સવ મનાવી રહ્યો છે એ વાતનો મને ખૂબ જ આનંદ છે. આ આયોજન નવી પેઢી માટે દયાંદનજીના જીવનથી પરિચિત થવાનું માધ્યમ બનશે એવો મને વિશ્વાસ છે. દયાનંદજીની જન્મભૂમિ ગુજરાતમાં જ જન્મ અને તેઓની કર્મભૂમિ હરિયાણામાં પણ લાંબા સમય સુધી કાર્ય કરવાનો અને જાણવાનો મને અવસર મળ્યો છે એ મારા માટે સૌભાગ્યની વાત છે.

જીવનમાં દયાનંદજીના પ્રભાવ વિશેની વાત કરતાં વધુમાં તેમણે ઉમેર્યું હતું કે, ઈતિહાસમાં કોઈ એવો દિવસ, પળ, કે ક્ષણ હોય છે જે ભવિષ્યની દિશા બદલી શકે છે. સ્વામી દયાનંદજીનો જન્મ પણ આવી જ અભૂતપૂર્વ ક્ષણ હતી. સમાજનો એક વર્ગ જયારે સંસ્કૃતિ અને આધ્યાત્મિકતાથી દૂર જઈ રહ્યો હતો ત્યારે દયાનંદજીએ 'વેદો તરફ પાછા વળો' નો મંત્ર આપી રૂઢિઓ પર પ્રહારો કર્યા હતા, જેના કારણે આજે લોકો વૈદિક ધર્મને જાણતા અને અનુસરતા થયા છે. અંગ્રેજી હકુમત જ્યારે ભારતીય સંસ્કૃતિને હીન બતાવવાનો પ્રયાસ કરી રહી હતી ત્યારે લાલા લાજપતરાય, રામપ્રસાદ બિસ્મિલ, શ્રદ્ધાનંદજી જેવા ક્રાંતિકારીઓની એક શ્રૃંખલા દયાનંદજીના વિચારોથી પ્રભાવિત થઈ રાષ્ટ્રસેવા માટે તૈયાર થઈ રહી હતી. મહર્ષિ દયાનંદ સરસ્વતી માત્ર વૈદિક ઋષિ જ નહિ પરંતુ રાષ્ટ્રચેતનાના ઋષિ પણ હતા. ભારત આજે અમૃતકાળના પ્રારંભના વર્ષમાં છે ત્યારે ઉજ્જ્વળ ભવિષ્યનું સપનું જોનારા દયાનંદજીના સ્વપ્નના ભારતનો આ અમૃતકાળમાં વિકાસ થાય એવો વડાપ્રધાનશ્રીએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

આજે દેશ-દુનિયામાં આર્ય સમાજના ૨.૫ હજાર સ્કૂલ, કોલેજો, યુનિવર્સિટીઓ તથા ૪૦૦થી વધારે ગુરુકુળોમાં હજારો વિધાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. આર્ય સમાજ ૨૧મી સદીમાં નવી ઊર્જા સાથે રાષ્ટ્ર નિર્માણની જવાબદારી ઉપાડે એજ દયાનંદજીને સાચી શ્રદ્ધાંજલિ હશે. આર્ય સમાજના વિદ્યાલયો, કેન્દ્રો સમાજને જોડી લોકલ ફોર વોકલ, આત્મનિર્ભર ભારત, પર્યાવરણ માટે પ્રયાસ, જલ સંરક્ષણ, સ્વચ્છ ભારત અભિયાન, મિશન લાઈફ, મિલેટ્સ અન્ન પ્રોત્સાહન, યોગ વગેરેમાં મોટી ભૂમિકા નિભાવી શકે છે. આર્ય સમાજની સ્થાપનાના ૧૫૦મા વર્ષનો આરંભ થઈ ગયો છે. આ અવસરને યાદગાર બનાવવા દરેક યુવાનો પ્રાકૃતિક ખેતી વિશેની જાણકારી મેળવે તે ખૂબ જ જરૂરી છે. રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી પણ આ દિશામાં સક્રિય પ્રયત્નો કરી રહ્યા છે. સ્વામીજીની જન્મભૂમિ ટંકારાથી દેશના ખેડૂતો પ્રાકૃતિક ખેતીનો સંદેશો મેળવે તેમ તેઓએ ઉમેર્યું હતું. દેશની દીકરીઓ આગળ વધે તે માટે નારી શક્તિ વંદન અધિનિયમ પાસ કરી લોકસભા અને વિધાનસભામાં મહિલા આરક્ષણ પૂરું પાડવામાં આવ્યું છે. "મેરા યુવા ભારત"માં આર્ય સમાજના વિદ્યાર્થીઓ પણ જોડાય એવો અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ પ્રાસંગિક ઉદ્‌બોધન કરતાં જણાવ્યું કે મહર્ષિ દયાનંદ સરસ્વતીજીનો દેશની સમૃદ્ધિ તથા ઉન્નતિમાં અનન્ય ફાળો રહ્યો છે. તેઓએ ૧૮૭૫ માં મુંબઈ ખાતે આર્ય સમાજની સ્થાપના કરી જયારે ૧૮૭૯ માં હરિયાણાના રેવાડીમાં દેશની સૌ પ્રથમ ગૌશાળાનું નિર્માણ કર્યું. મુગલો અને અંગ્રેજો દ્વારા આર્થિક રીતે ખોખલા બનાવી દેવાયેલ ભારતની અર્થવ્યવસ્થા ફરી મજબૂત બને તે માટે મહર્ષિએ કૃષિ અને ગૌ સંવર્ધન પર વિશેષ ભાર મૂકી પ્રેરક પ્રયાસો હાથ ધર્યા. ૧૦ લાખ લોકોને ગૌ હત્યા ન કરવાના તેઓએ પ્રણ લેવડાવ્યા અને તેના હસ્તાક્ષર તેઓએ રાણી વિક્ટોરિયાને ઈંગ્લેન્ડ મોકલ્યા. કિસાનોને તેઓએ રાજાઓના રાજા કહ્યા. આજે કેન્દ્ર તથા રાજ્યની સરકાર પણ ગૌ સંવર્ધન અને કૃષિ ક્ષેત્રે અનેક પગલાંઓ લઈ મહર્ષિ દયાનંદજીની ગૌસેવાની પરિકલ્પનાને સાકાર કરી રહી છે. સરકાર દ્વારા આગામી પાંચ વર્ષમાં સ્વાસ્થ્ય, પર્યાવરણ, પાણી અને ધરતીને બચાવવા પ્રાકૃતિક કૃષિનું વિશેષ અભિયાન હાથ ધરવામાં આવનાર છે સાથે સાથે વૈજ્ઞાનિક ઢબે અનેક આધુનિક પ્રયોગો સાથે ગાયોની નસલોનો વિકાસ અને વિસ્તાર પણ કરાશે.

આ પ્રસંગે મત્સ્ય ઉદ્યોગ, પશુપાલન અને ડેરી ઉદ્યોગનાકેન્દ્રિય મંત્રીશ્રી પરસોત્તમભાઈ રૂપાલાએ વિશ્વના ૧૭થી વધુ દેશો, સમગ્ર દેશ અને રાજ્યના ખૂણે ખૂણેથી આવેલા આર્ય સમાજના અનુયાયીઓનું સ્વાગત કરતાં જણાવ્યું કે, મહર્ષિ દયાનંદ સરસ્વતીજી, ગાંધીજી, સરદાર વલ્લભભાઈ પટેલ અને નરેન્દ્ર મોદીની ધરા એવા ગુજરાતમાં સૌનું અંતઃ કરણથી સ્વાગત કરું છું. આપણા દેશ પર હજારો વર્ષ સુધી મુગલો અને અંગ્રેજોએ શાસન કર્યું અને દેશને હાની કરવામાં કોઈ કચાસ ન રાખી. તેમ છતાં આપણી સંસ્કૃતિ ટકી રહી એની પાછળ મહર્ષિ દયાનંદ સરસ્વતી જેવી વિભૂતિઓનું મહત્વનું યોગદાન રહ્યું છે.

# કતારની જેલથી ૮ ભારતીયોનો છૂટકારો, ૭ સ્વદેશ પાછા ફર્યા

## કતારે આઠ ભારતીય પૂર્વ નેવી અધિકારીઓને છોડી મૂક્યા, તેઓ જાસૂસીના આરોપનો સામનો કરી રહ્યા હતા : તેમને મોતની સજા સંભળાવવામાં આવી હતી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।

ભારતની મોટી કૂટનીતિક જીત થઈ છે. કતારે આઠ ભારતીય પૂર્વ નેવી અધિકારીઓને છોડી મૂક્યા છે. તેઓ જાસૂસીના આરોપનો સામનો કરી રહ્યા હતા. તેમને મોતની સજા સંભળાવવામાં આવી હતી. ભારતની ભલામણ પર તેમની સજાને કતારના અમીરે અગાઉ ઘટાડી હતી અને ઉમરકેદમાં ફેરવી હતી. હવે વિદેશ મંત્રાલયના જણાવ્યાં મુજબ તેમને છોડી મૂકવામાં આવ્યા છે અને તેમાંથી સાત પૂર્વ નેવી અધિકારીઓ ભારત પાછા પણ ફર્યા છે.

વિદેશ મંત્રાલયે કહ્યું કે ભારત સરકાર કતારમાં ધરપકડ કરાયેલા દહરા ગ્લોબલ કંપની માટે કામ કરનારા આઠ ભારતીય નાગરિકોના છૂટકારાનું સ્વાગત કરે છે. આઠમાંથી સાત ભારતીયો ભારત પાછા ફર્યા છે. અમે આ નાગરિકોના છૂટકારા અને ઘર વાપસીને સક્ષમ કરવા માટે કતારના અમીરના નિર્ણયને બિરદાવીએ છીએ.

કતારમાં ધરપકડ કરાયેલા ૮ ભારતીયોમાં કેપ્ટન નવતેજ સિંહ



ગિલ, કેપ્ટન બીરેન્દ્રકુમાર વર્મા, કેપ્ટન સૌરભ વશિષ્ઠ, કમાન્ડર અમિત નાગપાલ, કમાન્ડર પૂર્ણેન્દુ તિવારી, કમાન્ડર સુગુનાકર પકાલા,કમાન્ડર સંજીવ ગુપ્તા અને સલર રાગેશ સામેલ હતા. આ અગાઉ ભારત સરકાર તરફથી મોતની સજા વિરુદ્ધ દાખલ કરાયેલી અપીલને કતાર કોર્ટે સ્વીકારી હતી.

ભારત પાછા ફરેલા પૂર્વ નેવી અધિકારીઓમાંથી એકે કહ્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના હસ્તક્ષેપ વગર તેમનો છૂટકારો શક્ય નહતો. તેમણે દિલ્હી એરપોર્ટ પર લેન્ડ થયા બાદ ભારત માતા કી જયના નારા પણ લગાવ્યા. તમામ પૂર્વ અધિકારીઓએ પીએમ મોદી અને કતારના અમીરનો આભાર માન્યો. એક પૂર્વ અધિકારીએ કહ્યું કે ભારત સરકારની કોશિશો વગર તેમનો છૂટકારો શક્ય નહતો.

અલદાહરા ગ્લોબલ ટેક્નોલોજીસ અને કન્સલ્ટન્સી સર્વિસીઝ સાથે કામ કરતા પૂર્વ ભારતીય નેવી કર્મચારીઓને ભ્રષ્ટાચાર અને જાસૂસીના એક કેસમાં કથિત રીતે સામેલ હોવા બદલ ધરપકડ કરવામાં આવ્યા હતા. ભારત સરકારે તેને ગંભીરતાથી લીધુ અને કતાર સાથે વાતચીત કરીને તેમને કાનૂની મદદ આપવામાં આવી. ૨૬ ઓક્ટોબરના રોજ કતારની એક કોર્ટે ૨૦૨૨ ઓગસ્ટમાં ધરપકડ કરાયેલા આ અધિકારીઓને મોતની સજા સંભળાવીજો કે ન તો કતાર એડમિનિસ્ટ્રેશન કે ન તો ભારત સરકારે આ અધિકારીઓ વિરુદ્ધના આરોપોના સાર્વજનિક કર્યા. જ્યારે મોતના સમાચાર વિશ્વપટલમાં ચર્ચામાં આવ્યા તો ભારતે નિર્ણયને ચોંકાવનારો ગણાવ્યો હતો અને આ મામલે તમામ કાનૂની વિકલ્પ સાથે જવાનો નિર્ણય કર્યો હતો.

ગત વર્ષ ૧ ડિસેમ્બરના રોજ દુબઈમાં કૉપ૨૮ શિખર સંમેલનના અવસરે પીએમ મોદી અને કતારના અમીર શેખ તમીમ બીન હમાદ અલ થાની વચ્ચે બેઠક બાદ પૂર્વ નેવી અધિકારીઓની સજા ઘટાડવામાં આવી હતી. કતારના અમીર સાથે મુલાકાત દરમિયાન પીએમ મોદીએ પૂર્વ અધિકારીઓનો મુદ્દો ઉઠાવ્યો હતો. પૂર્વ નેવી અધિકારીઓના મુદ્દે વિદેશમંત્રી એસ જયશંકરે પણ તેમને પરિવારના સભ્યો સાથે મુલાકાત કરી હતી અને તેમને દરેક શક્ય મદદનું આશ્વાસન આપ્યું હતું.

### ન્યૂઝ બ્રિફ

## બે તૃતીયાંશ ભારતીયો પાકિસ્તાનીઓને આવકારવા તૈયાર છે : મણિશંકર ઐયર



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।

આર્થિક પડકારોનો સામનો કરી રહેલા પાકિસ્તાનમાં નવી સરકાર બનાવવા મથામણ ચાલી રહી છે. લોટ, ખાંડ, તેલ, વીજળી જેવી મૂળભૂત સુવિધાઓ માટે તરસતી પાકિસ્તાનની પ્રજા નવી સરકારની રાહ જોઈ રહી છે. લગભગ આખી દુનિયાની નજરો હાલ પાકિસ્તાનમાં યોજાયેલી ચૂંટણી પર છે. ત્યારે ભારતના પૂર્વ ભારતીય રાજદ્વારી અને કોંગ્રેસ નેતા મણિશંકર અય્યરે પાકિસ્તાનમાં જઈને કંઈક એવું કહી દીધું છે કે જેને લઈને ફરી વિવાદ છંછેડાઈ શકે છે. ઉલ્લેખનીય છે કે તેઓ પાકિસ્તાનમાં રાજદૂત રહી ચૂક્યા છે. પાકિસ્તાન પહોંચીને કોંગ્રેસ નેતા મણિશંકર અય્યરે મોદી સરકાર સામે નિશાન તાકતાં કહ્યું કે હું પાકિસ્તાનના લોકોને બસ એટલું કહીશ કે તે યાદ રાખે કે મોદીને ક્યારેય એક તૃતીયાંશથી વધુ વોટ નથી મળ્યાં પણ અમારી સિસ્ટમ એવી છે કે જો તેમની પાસે એક તૃતીયાંશ વોટ છે તો તેમની પાસે બે તૃતીયાંશ સીટ પહોંચી જાય છે. એટલા માટે બે તૃતીયાંશ ભારતીયો પાકિસ્તાનીઓને આવકારવા તૈયાર જ છે તમારે એમ માનવું. મણિશંકર અય્યરે કહ્યું કે પાકિસ્તાન સાથે વાતચીત ન કરવી એ મોદી સરકારની સૌથી મોટી ભૂલ છે.

## રાહુલના નેતૃત્વ હેઠળની ભારત જોડો ન્યાય યાત્રા ટૂંકાવી દેવાશે



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।

કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીના નેતૃત્વમાં ચાલી રહેલી ભારત જોડો ન્યાય યાત્રા તેના નિર્ધારિત સમય પહેલા જ સમાપ્ત થઈ શકે છે. અહેવાલ અનુસાર રાહુલ ઉત્તરપ્રદેશમાં તેમની યાત્રાનો સમય ઘટાડશે. તેઓ યુપીના ઘણા ક્ષેત્રોને આ યાત્રાથી બાકાત રાખી શકે છે. જેમાં મોટાભાગે પશ્ચિમ ઉત્તરપ્રદેશના જિલ્લાઓને પડતા મૂકવામાં આવી શકે છે. અગાઉના કાર્યક્રમ મુજબ, રાહુલ ગાંધીની આ યાત્રા ૨૦ માર્ચે મુંબઈમાં પૂરી થવાની હતી પરંતુ હવે તે ૧૦ થી ૧૪ માર્ચની વચ્ચે સમાપ્ત થઈ શકે છે એટલે કે તેના નક્કી કાર્યક્રમથી ૮થી ૧૦ દિવસ પહેલાં. અત્યાર સુધી સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર રાહુલ ગાંધી ઉત્તરપ્રદેશમાં ભારત જોડો ન્યાય યાત્રા દરમિયાન અનેક વિસ્તારોને બાકાત રાખી શકે છે. પાર્ટીના આંતરિક સૂત્રોનું પણ કહેવું છે કે યાત્રા નિર્ધારિત સમય કરતાં ઓછામાં ઓછા એક અઠવાડિયા પહેલા સમાપ્ત થશે. હવે આ યાત્રા લખનઉથી અલીગઢ અને પછી આગ્રા જશે. જેમાં પશ્ચિમ યુપીના કેટલાક જિલ્લાઓને છોડી દેવાશે.

### પાકિસ્તાનમાં ચૂંટણી બાદ ત્રિશંકુ સ્થિતિ સર્જાઈડ

## ઈમરાન સમર્થિત ઉમેદવારોનો ૧૦૧ બેઠક પર વિજય

### શરીફની પાર્ટીને ૭૫ બેઠકો, ઝરદારીને ૫૪ બેઠકો અને ભારતથી આવેલા ઉમેદવારોને ૫૪ બેઠકો મળી

। (એજન્સી) ઈસ્લામાબાદ, તા.૧૨ ।

પાકિસ્તાન ચૂંટણી પરિણામો ૨૦૨૪ જેલમાં બંધ ભૂતપૂર્વ વડા પ્રધાન ઈમરાન ખાન દ્વારા સમર્થિત અપક્ષ ઉમેદવારોએ સૌથી વધુ બેઠકો જીતી અને સરકાર બનાવવા માટે સાથી પક્ષો માટે પણ પ્રયાસો કરી રહ્યા છે. વિધાનસભાની કુલ ૩૩૬ બેઠકોમાંથી ૨૬૪ બેઠકો માટે ઉમેદવારો મેદાનમાં હતા. તેમાં ૭૦ અનામત બેઠકો પણ છે. પાકિસ્તાન નેશનલ એસેમ્બલીમાં શું થશે અને પાકિસ્તાનમાં આગામી સરકાર કેવી રીતે રચાશે એ જાણવું રસપ્રદ રહેશે. પાકિસ્તાનમાં ચૂંટણી પંચે સરકાર બનાવવા માટે ૩૩૬માંથી ૨૬૪ સંસદીય બેઠકોના પરિણામો જાહેર કર્યા છે. ઈમરાન ખાનની પાર્ટી પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ (પીટીઆઈ) દ્વારા સમર્થિત અપક્ષ ઉમેદવારોને ૧૦૧ બેઠકો, નવાઝ શરીફની પાર્ટી પાકિસ્તાન



મુસ્લિમ લીગ (નવાઝ)ને ૭૫ બેઠકો, બિલાવલ ભુટ્ટો ઝરદારીની પાકિસ્તાન પીપલ્સ પાર્ટી (પીપીપી)ને ૫૪ બેઠકો અને ભારતથી આવેલા ઉમેદવારોને ૫૪ બેઠકો મળી હતી. પીપલ્સ પાર્ટી મુત્તાહિદા કૌમી મૂવમેન્ટ (એમક્યુએમ)ને ૧૭ સીટો મળી છે. ખુશાબની એનએ ૮૮ બેઠકનું ચૂંટણી પરિણામ જાહેર થયું ન હતું, જ્યારે એક બેઠક પરની ચૂંટણી ઉમેદવારના મૃત્યુને કારણે મોકૂફ રાખવામાં આવી હતી. પાકિસ્તાનના ચૂંટણી પરિણામોમાં કોઈ પક્ષને બહુમતી ન મળવાથી ત્રિશંકુ સ્થિતિ સર્જાઈ છે. નેશનલ એસેમ્બલીમાં કોઈપણ પક્ષને પોતાના દમ પર સરકાર બનાવવા માટે પૂરતી બેઠકો ન મળવાથી, મામલો હવે ગઠબંધનમાં અટવાઈ ગયો છે.

એક તરફ જ્યાં સૌથી વધુ બેઠકો જીતનાર ઈમરાન ખાન સરકાર બનાવવાનો દાવો કરી રહ્યા છે તો બીજી તરફ પૂર્વ વડાપ્રધાન નવાઝ શરીફની પાર્ટી ૭૫ બેઠકો સાથે અને બિલાવલ ભુટ્ટો ઝરદારીની પાર્ટી ૫૪ બેઠકો સાથે અન્ય નાની પાર્ટીઓ સાથે વાતચીત કરી રહી છે. ગઠબંધન સરકાર બનાવવા બધા પ્રયાસ કરી રહ્યા છે. જેલમાં બંધ ભૂતપૂર્વ વડા પ્રધાન ઈમરાન ખાન દ્વારા સમર્થિત અપક્ષ ઉમેદવારોએ સૌથી વધુ બેઠકો જીતી છે અને સાથીઓ માટે સરકાર બનાવવા માટે પ્રયાસો પણ કરી રહ્યા છે.

### હરિયાણામાં બની અસ્થાયી જેલો

## પોતાની માંગણીઓને લઈને પંજાબથી ટ્રેક્ટરો લઈને નીકળી પડ્યા કિસાન

### ખેડૂતો વ્યાસ પૂલથી ફતેહગઢ સાહિબ માટે રવાના : તેમની સાથે કિસાન મજૂર સંઘર્ષ કમિટીના નેતા સરવનસિંહ પંધેર છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।

કિસાન આંદોલનને લઈને પંજાબ અને હરિયાણામાં ખુબ હલચલ છે. દિલ્હી કૂચ કરતા રોકવા માટે હરિયાણા પોલીસે જબરદસ્ત સુરક્ષા બંદોબસ્ત કર્યો છે. હરિયાણા-પંજાબ બોર્ડર પર પોલીસે રસ્તાઓ ખોદી નાખ્યા છે. આ સાથે જ ખિલ્લા ને અન્ય બંદોબસ્ત કર્યા છે. હાલ હરિયાણાના ૧૫ જિલ્લાઓમાં કલમ ૧૪૪ લાગૂ છે.

જ્યારે ૭ જિલ્લામાં ઈન્ટરનેટ સેવા બંધ કરાઈ છે. ચંડીગઢમાં ૬૦ દિવસ માટે કલમ ૧૪૪ લાગૂ છે. મળતી માહિતી મુજબ પંજાબથી ખેડૂતોની મૂવમેન્ટ શરૂ થઈ ગઈ છે. પંજાબથી મોટી સંખ્યામાં ખેડૂતો ટ્રેક્ટર ટ્રોલીઓ લઈને હરિયાણા બાજુ નીકળી પડ્યા છે. આ ખેડૂતો વ્યાસ પૂલથી ફતેહગઢ સાહિબ માટે રવાના થયા છે. તેમની સાથે કિસાન મજૂર સંઘર્ષ કમિટીના નેતા સરવન સિંહ પંધેર પણ છે. ખેડૂતોના આંદોલનના પગલે હરિયાણા સરકારે મોટું પગલું ભરતા સિરસામાં ચૌધરી દલબીર સિંહ ઈન્ડોર સ્ટેડિયમ અને ગુરુ ગોવિંદ સિંહ સ્ટેડિયમ ડબવાલીને અસ્થાયી જેલ બનાવ્યા છે.



ખેડૂતોને અટકાયતમાં લીધા બાદ આ જેલોમાં શિફ્ટ કરવામાં આવી શકે છે. ખોટી અફવાઓ ફેલાવનારાઓને પણ હરિયાણા પોલીસે ચેતવણી આપી છે. રાજધાની દિલ્હીની સરહદો ઉપર પણ સુરક્ષાદળોની તૈનાતી સાથે કાંટાળા તાર લગાવવામાં આવ્યા છે. મળતી માહિતી મુજબ કિસાન મજદૂર મોરચા અને સંયુક્ત કિસાન મોરચા (બિનરાજકીય) ના ખેડૂતો પંજાબના અલગ અલગ વિસ્તારોથી કૂચ કરશે અને સોમવારે બપોર સુધીમાં તેમનો ફતેહગઢ સાહિબ પહોંચવાનો પ્લાન છે. આ ખેડૂતો પોતાની ૧૨ માંગણીઓને લઈને સરકારને ઘેરવા માંગે છે. જાણો આખરે આ ૧૨ માંગણીઓ કઈ છે.

### આ સિસ્ટમ આગામી એપ્રિલથી લાગુ થવાની શક્યતા

## FASTagનો જમાનો ગયો, હવે GPSના આધારે ટોલ ઉઘરાવાશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।

ભારતમાં હાઈવે પર ટોલ ભરતી વખતે હજુ પણ લાંબી લાઈનોમાંથી છુટકારો નથી મળ્યો. કેશની જગ્યાએ હવે વાહનો પર FASTagના સ્ટીકર આવી ગયા હોવા છતાં ટોલ નાકા પર પહેલાની જેમ જ ભીડ જોવા મળે છે. જોકે, સરકાર હવે આ સિસ્ટમમાં મોટો ફેરફાર કરવા જઈ રહી છે. ભારતમાં ટૂંક સમયમાં GPSના આધારે ટોલ ટેક્સ વસુલવામાં આવશે. એટલે કે જીપીએસ દ્વારા વાહનોને ટ્રેક કરવામાં આવશે અને તેના આધારે ટોલ ભરવો પડશે. આ સિસ્ટમ આગામી એપ્રિલ મહિનાથી જ લાગુ થવાની શક્યતા છે. એક્સપર્ટ્સના કહેવા પ્રમાણે GPS આધારિત ઈલેક્ટ્રોનિક ટોલ કલેક્શન સિસ્ટમમાં નંબર પ્લેટને ઓટોમેટિક ઓળખી લેતી ANPR સિસ્ટમનો ઉપયોગ કરવામાં આવશે. હાલમાં સ્થિતિ એવી છે કે હાઈવે પર થોડા થોડા અંતરે ટોલ નાકા આવેલા છે અને તેમાંથી પસાર થતી વખતે વાહનચાલકોનો ઘણો સમય બગડે છે તથા મુસાફરીનો મૂડ ખરાબ થઈ જાય છે. હાઈવે મંત્રી નીતિન ગડકરીએ જણાવ્યું છે કે ફાસ્ટેગ ઉપરાંત હવે GPS આધારિ ટેક્સ કલેક્શન સિસ્ટમ આવી રહી છે. એપ્રિલ મહિનાથી જ નવી સિસ્ટમ લાગુ થવાની શક્યતા છે. શરૂઆતમાં GPS આધારિત સિસ્ટમ એક પાઈલટ પ્રોજેક્ટની જેમ હશે અને ફાસ્ટેગની સાથે કામ કરશે. તેનાથી દરેક ટોલ નાકા પર વાહનોની ભીડ ઘટશે તેવી આશા છે. આ ઉપરાંત નેશનલ હાઈવે ઓથોરિટીની આવકમાં પણ મોટો વધારો થવાનો છે. હાલમાં નેશનલ હાઈવે ઓથોરિટી વર્ષના ૪૦,૦૦૦ કરોડની કમાણી કરે છે.

### ૧૭મી લોકસભાનો કાર્યકાળ ૧૬ જૂનના રોજ પૂરો થશે

## ૧૮મી લોકસભાની ચૂંટણી એપ્રિલ કે મે મહિનામાં યોજાઈ શકે છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।

હાલ દેશમાં લોકસભાની ચૂંટણીની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. જોકે અત્યાર સુધી ભારતના ચૂંટણી પંચે (ECI) આ અંગે કોઈ સત્તાવાર માહિતી આપી નથી પરંતુ શક્ય છે કે, ૧૮મી લોકસભાની ચૂંટણી એપ્રિલ કે મે મહિનામાં યોજાઈ શકે છે. ચૂંટણી પંચ ફેબ્રુઆરીના અંતિમ સપ્તાહ અથવા માર્ચના પ્રથમ સપ્તાહમાં ચૂંટણીની તારીખો જાહેર કરે તેવી અપેક્ષા છે. મહત્વનું છે કે, ૧૭મી લોકસભાનો કાર્યકાળ ૧૬ જૂન ૨૦૨૪ના રોજ પૂરો થઈ રહ્યો છે. છેલ્લી લોકસભા ચૂંટણી એપ્રિલ-મે ૨૦૧૯માં યોજાઈ હતી. ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટી (BJP)એ ૩૦૩ સીટો જીતી હતી, જ્યારે નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ (NDA)એ ૩૫૩ સીટો જીતી હતી અને નરેન્દ્ર મોદી બીજી વખત વડાપ્રધાન બન્યા હતા. એક ચર્ચા એવી પણ છે કે, અત્યાર સુધી ચૂંટણી પંચે ન તો ચૂંટણીની તારીખો અંગે કોઈ માહિતી આપી છે અને ન તો ચૂંટણી કાર્યક્રમ જાહેર કર્યો છે પરંતુ એવું માનવામાં આવે છે કે, ૨૦૨૪માં ૭ તબક્કામાં ચૂંટણી યોજાઈ શકે છે. ૨૦૧૯માં ચૂંટણી ૭ તબક્કામાં પૂર્ણ થઈ હતી. એવી ધારણા છે કે, ગત વખતની જેમ આ વખતે પણ એપ્રિલમાં મતદાન થઈ શકે છે અને મે મહિનામાં પરિણામ જાહેર થઈ શકે છે. આ તરફ ૨૦૧૯ અને ૨૦૨૪ વચ્ચે વિપક્ષનું સ્વરૂપ બદલાયું છે. આ દરમિયાન NDAમાં સામેલ કેટલાક પક્ષો આ વખતે NDA વિરુદ્ધ ઉભા જોવા મળશે. આ સિવાય ૨૦૧૯માં અલગ-અલગ ચૂંટણી લડનાર રાજકીય પક્ષો ભાજપના વિજય રથને રોકવા માટે એકસાથે ચૂંટણી લડી શકે છે. વિપક્ષના INDIA ગઠબંધનમાં કોંગ્રેસ, તૃણમૂલ કોંગ્રેસ, સમાજવાદી પાર્ટી, આમ આદમી પાર્ટી (AAP), દ્રવિડ મુનેત્ર કઝગમ (DMK) અને શિવસેના (ઉદ્ધવ જૂથ) સામેલ છે. જોકે આ પક્ષો વચ્ચે સીટની વહેંચણી પહેલા જ વિભાજનના અહેવાલો સામે આવી રહ્યા છે. વિપક્ષી એકતાના શિલ્પી ગણાતા બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર પહેલા જ NDAમાં સામેલ થઈ ગયા છે. તે જ સમયે બંગાળના સીએમ મમતા બેનર્જી તમામ સીટો પર ચૂંટણી લડવાની તૈયારી કરી રહી છે, જ્યારે આમ આદમી પાર્ટીએ પણ પંજાબની તમામ સીટો પર એકલા હાથે ચૂંટણી લડવાની જાહેરાત કરી છે.

## યુક્રેનિયન યુવતી પર દુષ્કર્મના કેસમાં પાક. યુવકને ૨૦ વર્ષની કેદ

। (એજન્સી) મથુરા, તા.૧૨ ।

યુપીના મથુરાની એડિશનલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન કોર્ટે એક પાકિસ્તાની યુવકને ૨૦ વર્ષની જેલની સજા ફટકારી છે. આ મામલો યુક્રેનિયન યુવતી પર બળાત્કારનો છે. આ મામલામાં પાકિસ્તાની યુવકને દોષી ઠેરવવામાં આવ્યો છે. કોર્ટે આ વ્યક્તિ પર ૨૩ હજાર રૂપિયાનો દંડ પણ ફટકાર્યો છે. મથુરાની એડિશનલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ કોર્ટે એક પાકિસ્તાની યુવકને યુક્રેનિયન કિશોરી પર બળાત્કાર કરવા બદલ દોષિત ઠેરવ્યો હતો અને તેને ૨૦ વર્ષની જેલ અને ૨૩,૦૦૦ રૂપિયાનો દંડ ફટકાર્યો હતો. ફરિયાદ પક્ષના વિશેષ સરકારી વકીલ રામવીર યાદવ અને સહાયક જિલ્લા સરકારના એડવોકેટ નરેન્દ્ર શર્માએ રવિવારે જણાવ્યું હતું કે વૃંદાવનના રમનરેતી પોલીસ ચોકી વિસ્તારમાં રહેતા એક યુક્રેનિયન નાગરિકે પ્રવાસી વિઝા પર વૃંદાવનના વરાહ ઘાટમાં રહેતા પાકિસ્તાનીઓ વિરુદ્ધ કેસ દાખલ કર્યો હતો. આનંદ કુમાર સન્યાલ, કરાચી જિલ્લાનો વતની, ૩૧ ઓગસ્ટ ૨૦૨૦ની રાત્રે ઘરમાં ઘુસી ગયો અને તેની ૧૩ વર્ષની પુત્રી પર બળાત્કાર ગુજાર્યો. ઘટના સમયે યુવતી ઘરે એકલી હતી. પોલીસે આરોપી આનંદ કુમારની ધરપકડ કરીને તેને જેલમાં મોકલી દીધો હતો અને તપાસ બાદ કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી. શનિવારે એડિશનલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજ રામરાજ (II) ની કોર્ટે બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ પાકિસ્તાની યુવકને દોષી ઠેરવ્યો હતો.

## હિમાચલ પ્રદેશમાં થયેલી હીમવર્ષાથી ખીલી સુંદરતા

। (એજન્સી) શિમલા, તા.૧૨ ।

જ્યાં મોટી સંખ્યામાં દર વર્ષે પ્રવાસીઓ પહોંચતા હોય છે તે હિમાચલ પ્રદેશમાં હાલ રમણીય સૌંદર્ય જોવા મળી રહ્યું છે. બરફવર્ષાને કારણે પહાડોએ જાણે સફેદ ચાદર ઓઢી લીધી છે. તો પર્યટકો મનભરીને મસ્તી કરતાં જોવા મળી રહ્યા છે.હિમાચલ પ્રદેશમાં ઉંચાઈવાળા વિસ્તારોમાં લાંબા સમય પછી થયેલી બરફવર્ષા થઈ છે. સ્નોફોલને કારણે તાપમાનમાં ઘટાડો નોંધાયો છે. હિમાચલના કુફરીમાં પણ બરફવર્ષાને કારણે હવામાન ઠંડક પ્રસરી ગઈ છે. ચારે બાજુ બરફ અને વચ્ચે આનંદ ઉઠાવતા પર્યટકો જોવા મળી રહ્યા છે. મોટી સંખ્યામાં દેશના વિવિધ રાજ્યોના સહેલાણીઓ કુફરીમાં બરફનો આનંદ કરવા માટે પહોંચ્યા છે. જાન્યુઆરીમાં હિમાચલમાં કંઈ ખાસ બરફવર્ષા થઈ નહતી. પરંતુ જાન્યુઆરી પછી ફેબ્રુઆરી માસમાં જોરદાર સ્નોફોલ થયો તેના કારણે સમગ્ર વાતાવરણ ખીલી ઉઠ્યું. બહારના રાજ્યથી આવેલા પર્યટકો લાંબા સમયથી બરફ વર્ષાનો ઈન્તજાર કરી રહ્યા હતા. પરંતુ ક્યાંય બરફ પડી રહ્યો નહતો. પરંતુ જેવો સ્નોફોલ શરૂ થયો તેની સાથે જ મોટી સંખ્યામાં સહેલાણીઓ કુફરીમાં ઉમટી પડ્યા અને સ્નોફોલનો આનંદ ઉઠાવા લાગ્યા. કુફરી એક પર્યટન સ્થળ છે જ્યાં દર વર્ષે હજારોની સંખ્યામાં પ્રવાસીઓ આવે છે. આ વર્ષે પણ મોટી સંખ્યામાં પ્રવાસીઓ ઉમટ્યા છે. અને હજુ પણ પ્રવાસીનો ધસારો સતત ચાલુ જ છે.

## પોલીસની કાર્યવાહીથી ડરીને હલ્દવાનીથી ૩૦૦ પરિવારનું પાલયન

। (એજન્સી) હલ્દવાની, તા.૧૨ ।

ઉત્તરાખંડના હલ્દવાનીમાં સ્થિતિ બનભૂલપુરા સામાન્ય થતી જણાતાં પોલીસે કર્ફ્યુમાં રાહત આપવાનું શરૂ કર્યું હતું. આ દરમિયાન એવા અહેવાલ સામે આવી રહ્યા છે કે, પોલીસની કાર્યવાહીના ડરથી ઘણાં પરિવારો પલાયન કરી રહ્યા છે. અનેક પરિવારો ઘર છોડીને અન્ય શહેરોમાં જઈ રહ્યા છે. અહેવાલ અનુસાર, બનભૂલપુરામાં લગભગ ૩૦૦ પરિવારો ઘરોને તાળા મારીને ઉત્તર પ્રદેશના વિવિધ શહેરોમાં જતા રહ્યા છે. રવિવારે પણ ઘણાં લોકો સ્થળાંતર કરતા જોવા મળ્યા હતા. વાહનોના અભાવને કારણે લોકો યુપીના ગાઝિયાબાદમાં લાલકુઆન તરફ પગપાળા જતા જોવા મળ્યા હતા. ત્યાંથી ટ્રેન પકડીને બરેલી જવા રવાના થયા હતા. પોલીસે રમખાણોના સંબંધમાં પૂછપરછ માટે શનિવારે બનભૂલપુરા વિસ્તારમાંથી ઘણાં લોકોની અટકાયત કરી હતી. આ દરમિયાન પોલીસ પર બળપ્રયોગ કરવાનો આરોપ પણ લાગ્યો છે. રવિવારે સવારે ૫ વાગ્યાથી બરેલી રોડ પર ઘણા પરિવારો પલાયન કરતા જોવા મળ્યા હતા. લાલકુઆન સુધી ૧૫ કિલોમીટર પગપાળા ચાલી રહ્યા છે. અહેવાલ અનુસાર, હલ્દવાનીમાં હિંસા બાદ પોલીસ કડક કાર્યવાહી કરી રહી છે. પોલીસ નિર્દોષ લોકોને પણ હેરાન કરી રહી છે. આવી સ્થિતિમાં પોલીસના ડરથી તે પોતાના સંબંધીને મળવા બેહેડી જઈ રહ્યો છે.

## તંત્રી લેખ...

# ટ્રમ્પને નેતા તરીકે પસંદ ન કરવાનો લોકોને સંદેશ

હાલમાં જ અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે એક ઈવેન્ટ દરમિયાન યુએનના પૂર્વ રાજદૂત નિક્કી હેલીને તેમના પ્રચારમાં તેમના પતિની ગેરહાજરી પર મજાક ઉડાવતા સવાલ કર્યા હતા. ટ્રમ્પના આ પગલાથી નિક્કી અને તેના પતિ ખૂબ જ ગુસ્સામાં જોવા મળ્યા હતા. ટ્રમ્પના સવાલના જવાબમાં નિક્કીએ કહ્યું કે માઈકલ આપણા દેશની સેવામાં તૈનાત છે, જેના વિશે તમને કંઈ ખબર નથી. ૨૦૨૪ રિપબ્લિકન નેશનલ કન્વેન્શનમાં પ્રતિનિધિઓને પસંદ કરવા માટે રાષ્ટ્રપતિની પ્રાથમિક અને કોકસ યોજવામાં આવે છે. રિપબ્લિકન પ્રાઈમરીઝ અને કોકસ જાન્યુઆરી અને જૂન ૨૦૨૪ વચ્ચે તમામ ૫૦ યુએસ રાજ્યો, કોલંબિયા ડિસ્ટ્રિક્ટ અને પાંચ યુએસ પ્રદેશોમાં યોજાશે. ડોનાલ્ડ ટ્રમ્પ, નિક્કી હેલી, રામાસ્વામી અને રોન ડીસેન્ટિસ આ રેસમાં સામેલ હતા, જેમાંથી રામાસ્વામી અને રોન ડીસેન્ટિસ રેસમાંથી બહાર થઈ ગયા હતા. રિપબ્લિકન પાર્ટીના ઉમેદવાર બનવાની ચૂંટણી ૧૫ જાન્યુઆરીથી શરૂ થઈ રહી છે, જેમાં અત્યાર સુધી ડોનાલ્ડ ટ્રમ્પ સતત ત્રણ રાજ્યો જીતી ચૂક્યા છે અને તેઓ ૨૪ ફેબ્રુઆરીએ સાઉથ કેરોલિનામાં પ્રાથમિક ચૂંટણી જીતીને હેલીની તકોને નષ્ટ કરવાની આશા રાખી રહ્યા છે. અમેરિકામાં નવેમ્બર ૨૦૨૪માં રાષ્ટ્રપતિની ચૂંટણી યોજાવા જઈ રહી છે, જેને ધ્યાનમાં રાખીને રિપબ્લિકન પાર્ટીમાં ડોનાલ્ડ ટ્રમ્પ અને નિક્કી હેલી ઉમેદવારની રેસમાં છે. તમને જણાવી દઈએ કે રાષ્ટ્રપતિની ચૂંટણી માટે રિપબ્લિકન પાર્ટીના ઉમેદવારને પસંદ કરવા માટે ૨૪ ફેબ્રુઆરીએ પ્રાથમિક ચૂંટણી યોજાવા જઈ રહી છે. બંને એકબીજાના હરીફ છે અને ઉમેદવાર બનવાની રેસમાં આગળ વધવા માટે જુદા જુદા કાર્યક્રમોનું આયોજન કરી રહ્યા છે. ડોનાલ્ડ ટ્રમ્પે સાઉથ કેરોલિનાના કોનવેમાં આયોજિત એક ઈવેન્ટમાં લોકોની સામે હેલીને પૂછ્યું કે તેના પતિનું શું થયું? તે ક્યા છે? તે ગયો છે. તેના સવાલ પર હેલી ગુસ્સે થઈ ગઈ. ટ્રમ્પ પર નિશાન સાધતા તેણે સોશિયલ મીડિયા પર એક પોસ્ટ મૂકી હતી જેમાં લખ્યું હતું કે માઈકલ આપણા દેશની સેવામાં તૈનાત છે, જેના વિશે તમને કંઈ ખબર નથી. તમને જણાવી દઈએ કે નિક્કીના પતિ માઈકલ હેલી સાઉથ કેરોલિના નેશનલ ગાર્ડના કમિશન્ડ ઓફિસર છે, હાલમાં ૨૧૮માં મેન્યુવર એન્હાન્સમેન્ટ બ્રિજ પર જૂનથી એક વર્ષની તૈનાતી પર છે, જે હોર્ન ઑફ આફ્રિકામાં સહાય પૂરી પાડી રહી છે. પોતાના પતિ પર ગર્વ વ્યક્ત કરતા હેલીએ કહ્યું કે દરેક સૈનિકની પત્ની જાણે છે.

## પ્રધાનમંત્રીએ મોરેશિયસનાં પ્રધાનમંત્રી અને શ્રીલંકાનાં રાષ્ટ્રપતિ સાથે સંયુક્તપણે યુપીઆઈ સેવાઓનું ઉદઘાટન કર્યું

**"યુપીઆઈ સાથે જોડાવાથી શ્રીલંકા અને મોરેશિયસ બંનેને લાભ થશે અને ડિજિટલ પરિવર્તનને વેગ મળશે"**



। નવી દિલ્હી ।


પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આજે શ્રીલંકાના રાષ્ટ્રપતિ શ્રી રાનિલ વિક્રમસિંઘે અને મોરેશિયસના પ્રધાનમંત્રી શ્રી પ્રવિન્દ જગન્નાથ સાથે સંયુક્તપણે શ્રીલંકા અને મોરેશિયસમાં યુનિફાઈડ પેમેન્ટ ઈન્ટરફેસ (યુપીઆઈ) સેવાઓનો શુભારંભ કરાવ્યો હતો તથા વીડિયો કોન્ફરન્સિંગ મારફતે મોરેશિયસમાં રુપે કાર્ડ સેવાઓનો પણ શુભારંભ કરાવ્યો હતો. મોરેશિયસના પ્રધાનમંત્રી શ્રી પ્રવિન્દ જગન્નાથે માહિતી આપી હતી કે, કો-બ્રાન્ડેડ રૂપે કાર્ડને મોરેશિયસમાં ડોમેસ્ટિક કાર્ડ તરીકે નિયુક્ત કરવામાં આવશે. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, આજની શરૂઆતથી બંને દેશોનાં નાગરિકોને ઘણી સુવિધા મળશે. શ્રીલંકાનાં રાષ્ટ્રપતિ શ્રી રાનિલ વિક્રમસિંઘેએ પ્રધાનમંત્રીને અયોધ્યા ધામમાં શ્રી રામ મંદિરનાં અભિષેક માટે અભિનંદન પાઠવ્યાં હતાં. તેમણે સદીઓ જૂના આર્થિક સંબંધો પર પણ ભાર મૂક્યો હતો. રાષ્ટ્રપતિએ બંને દેશો વચ્ચેના સંબંધોને ગાઢ બનાવવા અને કનેક્ટિવિટીની ગતિ જાળવવાની આશા વ્યક્ત કરી હતી. આ પ્રસંગે સંબોધન કરતાં પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, અત્યારે ભારત, શ્રીલંકા અને મોરેશિયસ એમ ત્રણ મિત્ર દેશો માટે વિશેષ દિવસ છે, જ્યારે તેમનાં ઐતિહાસિક જોડાણો આધુનિક ડિજિટલ જોડાણનું સ્વરૂપ ધારણ કરે છે. તેમણે કહ્યું કે તે લોકોના વિકાસ પ્રત્યે સરકારની પ્રતિબદ્ધતાનો પુરાવો છે. પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, ફિનટેક કનેક્ટિવિટી સરહદ પારના વ્યવહારો અને જોડાણોને વધારે મજબૂત કરશે. પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, "ભારતનું યુપીઆઈ અથવા યુનાઈટેડ પેમેન્ટ્સ ઈન્ટરફેસ આજે નવી ભૂમિકામાં છે – ભારત સાથે ભાગીદારોને જોડવા."

પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, ડિજિટલ જાહેર માળખાએ ભારતમાં ક્રાંતિકારી પરિવર્તન લાવ્યું છે, જ્યાં ગામડાંનાં અંતરિયાળ વિસ્તારોમાં નાનામાં નાના વિક્રેતાઓ યુપીઆઈ મારફતે વ્યવહાર કરી રહ્યાં છે અને ડિજિટલ ચુકવણી કરી રહ્યાં છે. યુપીઆઈ વ્યવહારોની સુવિધા અને ઝડપ વિશે વાત કરતાં પ્રધાનમંત્રીએ જાણકારી આપી હતી કે, ગયા વર્ષે યુપીઆઈ મારફતે રૂ. ૨ લાખ કરોડ કે શ્રીલંકાનાં રૂ. ૮ ટ્રિલિયન અથવા રૂ. ૧ ટ્રિલિયન મોરેશિયસનાં મૂલ્યનાં ૧૦૦ અબજથી વધારે વ્યવહારો થયાં હતાં. પ્રધાનમંત્રીએ જીઈએમ ટ્રિનિટી ઓફ બેંક એકાઉન્ટ્સ, આધાર અને મોબાઈલ ફોન મારફતે છેલ્લી માઈલ ડિલિવરી કરવાનો પણ ઉલ્લેખ કર્યો હતો, જેમાં લાભાર્થીઓનાં બેંક ખાતાઓમાં રૂ. ૩૪ લાખ કરોડ કે ૪૦૦ અબજ અમેરિકન ડોલર હસ્તાંતરિત કરવામાં આવ્યાં છે. પ્રધાનમંત્રીએ માહિતી આપી હતી કે, કોવિન પ્લેટફોર્મ સાથે ભારતે વિશ્વનો સૌથી મોટો રસીકરણ કાર્યક્રમ હાથ ધર્યો છે. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, "ટેકનોલોજીનો ઉપયોગ પારદર્શકતાને પ્રોત્સાહન આપે છે, ભ્રષ્ટાચારમાં ઘટાડો કરે છે અને સમાજમાં સર્વસમાવેશકતામાં વધારો કરે છે."

---

**આપણો પોતાનો અહંકાર પછી દુશ્મનાવટ અને બદલો લેવાનું કારણ બની જાય છે**

# સેવા અને ત્યાગનું અભિમાન પણ જીવનનો સૌથી મોટો રોગ છે



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**સફળતા ન મળવી એ ચિંતાનો વિષય નથી,પરંતુ સફળતા માટે બને તેટલો પ્રયાસ ન કરવો એ ચિંતાનો વિષય છે**

આપણા શાસ્ત્રોમાં લોભને તમામ પાપી વૃત્તિઓનું મૂળ માનવામાં આવે છે. અતિશય લોભના કારણે રાવણે લંકાનો વિનાશ કર્યો અને અતિશય લોભના કારણે દુર્યોધને કુરુ વંશનો વિનાશ કર્યો. લોભ એ અહંકાર કરતા પણ ખરાબ છે કારણ કે જ્યારે અહંકાર આવે છે ત્યારે વ્યક્તિ સંબંધો તોડી નાખે છે, પરંતુ જ્યારે વ્યક્તિ લોભના પ્રભાવમાં હોય છે ત્યારે વ્યક્તિ સંબંધોને લોહી વહેવડાવી દે છે.

આપણા મહાપુરુષોએ કહ્યું છે કે "કામી તારે ક્રોધી તારે, લોભી કી ગતિ નહિ" એટલે કે વાસનાની મુક્તિ શક્ય છે, ક્રોધી વ્યક્તિની મુક્તિ પણ શક્ય છે પણ લોભીને કોઈ ગતિ નથી એટલે કે તે હંમેશા ભટકતો જ રહેશે. આપણે જીવતા હોઈએ ત્યારે લોભ આપણને ભટકાવે છે એટલું જ નહીં પણ મૃત્યુ પછીના દુન્યવી બાબતોમાં પણ આપણને ખોટે માર્ગે લઈ જાય છે. જીવનમાં એક વાત યાદ રાખવા જેવી છે કે જે વ્યક્તિ લોભથી છટકી જાય છે.

જે આપે છે તે ભગવાન છે. જ્યારે વ્યક્તિ સમાજને આપે છે ત્યારે તે પોતાની જાતને ભગવાન તરીકે સ્થાપિત કરે છે. જ્યારે ભગવાન આશીર્વાદ આપે છે, ત્યારે તે કેટલાક જીવોના મનમાં સેવાની ભાવના જાગૃત કરે છે અને તેને સમાજ સેવાનું સાધન બનાવે છે.

જે વ્યક્તિના જીવનમાં સેવા અને ત્યાગ હોય તે સમાજમાં મૂલ્યવાન છે. સેવા અને બલિદાન ની ગુણવત્તા સમાજમાં વ્યક્તિનું મૂલ્ય અથવા ઉપયોગિતા નક્કી કરે છે.સેવા અને ત્યાગએ ચોક્કસ દૈવી ગુણો છે, પરંતુ સેવા અને ત્યાગનું અભિમાન પણ જીવનનો સૌથી મોટો રોગ છે.

મનુષ્ય હોય કે દેવરાજ ઈન્દ્ર, જેને કર્તા હોવાનો અભિમાન હોય, તેનું અભિમાન એક દિવસ ભગવાન ચોક્કસ તુટી જાય છે. સેવા અને ત્યાગની સાથે સાથે નમ્રતાની લાગણી એ જીવનનું સૌથી મોટું સ્વાસ્થ્ય છે. તેથી, સ્વસ્થ જીવન જીવવા માટે, નમ્ર જીવન જીવવું ફરજિયાત બની જાય છે.

સફળતા ન મળવી એ ચિંતાનો વિષય નથી,પરંતુ સફળતા માટે બને તેટલો પ્રયાસ ન કરવો એ ચિંતાનો વિષય છે. પ્રયાસ કરતી વખતે નિષ્ફળ જવા કરતાં પ્રયાસ કર્યા વિના નિષ્ફળ થવું વધુ અપમાનજનક છે.

સ્વામી વિવેકાનંદ કહેતા હતા કે નિષ્ફળતા એ સફળતાનો આધાર છે. જો તમે ક્યારેય નિષ્ફળતાનો સામનો કર્યો નથી, તો તેનો સીધો અર્થ એ છે કે તમે ક્યારેય કંઈપણ નવું કરવાનો પ્રયાસ કર્યો નથી.

બીજી એક વાત માણસ સફળતા માંથી એટલું શીખતો નથી જેટલું તે નિષ્ફળતામાંથી શીખે છે. નિષ્ફળતા હંમેશા અનુભવી વ્યક્તિને જન્મ આપે છે. નિષ્ફળતાના માર્ગ પર પકડાયેલ ધીરજ અને પ્રયત્ન હંમેશા સફળતાના દરવાજા ખોલે છે.

તમારા વિચારોની તમારા જીવન પર મોટી અસર પડે છે. તમારું વલણ તમારા જીવનના નિર્માણમાં અથવા જીવનને ખુશ કરવામાં ખૂબ જ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. તમે રસ્તામાં પડેલા પથ્થરને પણ અવરોધ માની શકો છો અને જો તમે ઈચ્છો તો તે પથ્થરને સીડી બનાવીને ઉપર ચઢી શકો છો.

માત્ર એવા લોકો જ જીવનનો આનંદ માણી શકે છે જેમની વિચારવાની રીત સકારાત્મક છે. દુઃખમાં સુખ શોધવું, નુકસાનમાં લાભ શોધવો, પ્રતિકૂળતામાં પણ તક શોધવી, આને કહેવાય હકારાત્મક અભિગમ. જીવનમાં એવું કોઈ મોટું દુઃખ નથી કે જેમાં સુખનો પડછાયો ન દેખાય.

જીવનમાં એવો કોઈ અવરોધ નથી કે જેમાંથી પ્રેરણા ન લઈ શકાય. સકારાત્મક વિચારો, સકારાત્મક જુઓ. તેનાથી તમને ગરીબીમાં પણ જીવવાનો આનંદ મળશે. જીવન એક ઉત્સવ છે, દરેક ક્ષણ ને ઉત્સવની જેમ જીવો અને સુખી અને આનંદમય જીવન માટે ઈશ્વર પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરો.

ક્ષમા કરો અથવા ક્ષમા માગો, જીવનની ઘણી સમસ્યાઓ આપો આપ હલ થઈ જશે. કોઈને તેની ભૂલ માટે ક્ષમા આપવી એ પણ એક હિંમતવાન અને દૈવી ગુણ છે. આપણા જીવનમાં ઘણી સમસ્યા ઓ ત્યાંથી જ ઊભી થાય છે, જ્યારે આપણી અંદર અહંકારની ભાવના આવી જાય છે કે હું તેને કેમ માફ કરું..?

આપણો પોતાનો અહંકાર પછી દુશ્મનાવટ અને બદલો લેવાનું કારણ બની જાય છે. કૌટુંબિક જીવન,મિત્રતા જીવન કે સામાજિક જીવનમાં સંબંધોને મજબૂત અને મધુર બનાવવા માટે આ બેમાંથી એક ગુણ કોઈપણ વ્યક્તિમાં આગવો હોવો જોઈએ.

મહાભારતનો પાયો એ સૂત્રના આધારે નાખવામાં આવ્યો હતો કે જો કોઈ માફ કરે તો ક્ષમા કોઈની પાસેથી માંગવામાં આવતી નથી. નવા મહાભારતમાંથી બચીને આપણું જીવન સુખમાં પસાર કરવા માટે આજે એક જ સૂત્ર પૂરતું છે અને તે છે ક્ષમા કરો અથવા ક્ષમા માગો.

---


**સ્પાઇન સાથે જોડાયેલી કસરત શરીરની તાકાતને વધારે છે...**

# ફિટનેસ માટે કસરત, પુરતી ઉંઘ જરૂરી

**એથલીટ જેવી શારિરિક ફિટનેસને હાંસલ કરવા માટે કેટલાક પ્રયોગ કરવાની જરૂર હોય છે. મજબુત અને તાકતવર શરીર માટે ભોજનની સાથે સાથે નિયમિત કસરત જરૂરી છે**

આધુનિક ભાગદોડની લાઈફમાં ફિટનેસને લઈને કાળજી લેવાતી નથી. લોકો ફિટનેસને હાંસલ કરવા માટે શોર્ટ કટ અપનાવે છે. ફિટનેસ સાથે જોડાયેલા જાણકાર નિષ્ણાંતો કહે છે કે ફિટનેસ હાંસલ કરવા માટે નિયમિત કસરત કરવાની જરૂર હોય છે. સાથે સાથે પૌષ્ટિક ભોજનની પણ જરૂર હોય છે. ઉપરાંત પુરતા પ્રમાણમાં ઉંઘ પણ જરૂરી હોય છે. સ્પાઈન સાથે જોડાયેલી કસરત કરવાથી શરીરની તાકાતમાં વધારો થાય છે. આધુનિક સમયમાં યુવક યુવતિઓ ફિટનેસ હાંસલ કરવા માટે જીમિંગ અને સ્પેશિયલ ડાઈટને પ્રાથમિકતા આપે છે. પરંતુ યોગ્ય રીતે ડાઈટ ન લેવાના કારણે શાનદાર રિઝલ્ટ મળી શકતા નથી.

પાંચમી મેના દિવસે હાલમાં જ વર્લ્ડ એથલીટિક્સ ડેની ઉજવણી કરવામાં આવી હતી. એથલીટ જેવી બોડી મેળવી લેવા માટે તમામ ઈચ્છા રાખે છે પરંતુ શારરિક ગતવિધી આડેધડ કરે છે. શારરિક ગતિવિધી કરતા પહેલા કેટલાક પાસા પર ધ્યાન આપવામાં આવે તે જરૂરી છે. કેટલીક સાવચેતી રાખવાની જરૂર છે. ફિટનેસને લઈને યુવાનો સવારમાં અને સાંજે ખુબ પરસેવો કાઢે છે. વ્યસ્ત જીવન શેલીની વચ્ચે યુવાઓ ૩૦ મિનિટની લઈને દોઢ કલાક સુધી સમય કાઢે છે. પોતાને ફિટ રાખવા માટેનો ક્રેઝ હાલમાં વધી રહ્યો છે. આમાં ૨૦થી ૪૫ વર્ષની વયના લોકોમાં ક્રેઝ સૌથી વધારે જોવા મળે છે. ઉપરાંત સ્થુળતાના કારણે પરેશાન થયેલા યુવાનો પણ ફિટનેસ હાંસલ કરવા માટે તમામ પ્રયાસો કરી રહ્યા છે. વજનને ઘટાડી દેવા માટે કસરત કરી રહ્યા છે. આધુનિક સમયમાં મહિલાઓની સંખ્યા પણ જીમમાં વધી



રહી છે. જુમ્બા અને એરોબિ કસરત કરતી મહિલાઓ પણ મોટા પ્રમાણમાં જોવા મળે છે. જાણકાર નિષ્ણાંતો કહે છે કે ફિટનેસ માટે પ્રોટીન ખુબ જરૂરી છે. તે વજન ઘટાડી દેવામાં પણ મદદ કરે છે. તેના કારણે ફેટ સેલ્સ સરળતાથી બર્ન થાય છે.

જે પ્રોટીન મારફતે ૨૫-૩૦ ટકા કેલોરી મેળવે છે તેમનુ વજન ઝડપથી ઓછુ થાય છે. સોયા પ્રોટીન, ઈન્ડા સૌથી ઉપયોગી છે. સોયા અને ઈન્ડા પ્રોટીનના સારા સોર્સ તરીકે છે. સોયા પ્રોટીનની વાત કરવામાં આવે તો તમામ નૌ એમિનો એસિડ હોય છે. પ્રોટીન ત્રણ પ્રકારના હોય છે. ફિટનેસને લઈને કેટલાક અભ્યાસકરવામાં આવી રહ્યા છે. એથલીટ જેવી શારરિક ફિટનેસને હાંસલ કરવા માટે કેટલાક પ્રયોગ કરવાની જરૂર હોય છે. મજબુત અને તાકતવર શરીર માટે ભોજનની સાથે સાથે નિયમિત કસરત જરૂરી છે. સામાન્ય એથલીટને ૫૦૦૦-૬૦૦૦ કેલોરીની જરૂર હોય છે. ભોજનમાં ૬૦-૭૦ ટકા કેલોરી કાર્બોહાઈડ્રેડ, ૧૨ ટકા કેલોરી પ્રોટીન, ૧૮-૨૮ ટકા કેલોરી ફેટથી લેવામાં આવે તે જરૂરી છે. આ શારરિક ગતિવિધી પર આધારિત હોય છે. રનિંગ, શોલ્ડર સ્ટ્રેચ, ક્રંનેચેજ, પુશઅપ્સ અને ચેસ્ટ સ્ટ્રેચ કસરત કરવાથી ફાયદો થાય છે. સાથે સાથે પુરતા પ્રમાણમાં ઉંઘ પણ જરૂરી છે. ખાવા પીવાની ચીજોની વાત કરવામાં આવે તો ભોજનમાં કાર્બોહાઈડ્રેટાવાળી ચીજો ઉપયોગમાં લઈ શકાય છે. આના કારણે શરીરને સ્ટાર્ચ અને શર્કરા મળે છે. માંસપેશી મજબુત બને છે. ભોજનમાં વિટામિન, મિનરલ, કેલ્શિયમઅને પ્રોટીન યુક્ત ચીજ સામેલ કરવાથી લાભ થાય છે. સાથે સાથે સ્પાઈન સાથે જોડાયેલી કસરત કરવાથી લાભ થાય છે.છે.

ભોજનમાં વિટામિન, મિનરલ , કેલ્શિયમઅને પ્રોટીન યુક્ત ચીજ સામેલ કરવાથી લાભ થાય છે. સાથે સાથે સ્પાઈન સાથે જોડાયેલી કસરત કરવાથી લાભ થાય છે. કસરત શરીર માટે આદર્શ સાબિત થાય છે. તાજેતરમાં જ કરવામાં આવેલા એક રસપ્રદ અભ્યાસમાં જાણવા મળ્યું છે કે દિવસમાં ૧૫ મિનિટ સુધી કસરત લાઈફમાં ત્રણ વર્ષનો ઉમેરો કરે છે. તાઈબાનમાં તાજેતરમાં જ કરવામાં આવેલા અભ્યાસમાં આ મુજબની બાબત જાણવા મળી છે. અભ્યાસાં એમ પણ જણાવવામાં આવ્યું છે કે મોટાભાગના લોકો ૩૦ મિનિટ સુધીની કસરત કરે તો તેમના લાઈફમાં ઉમેરો કરી શકે છે. અભ્યાસમાં એવું પણ જાણવા મળ્યું છે કે સપ્તાહમાં પાંચ દિવસ કસરત કરવાથી પણ ફાયદો મળે છે. નિષ્ણાંતોએ કહ્યું છે કે ઓછા ડોઝના કારણે ઓછો ફાયદો થાય છે પરંતુ નિયમિત રીતે ૩૦ મિનિટ સુધી કસરત ખૂબ જ આદર્શ છે. લીડ રિચર્સર તાઈવાનના સીપેગે કહ્યું છે કે દિવસમાં ૧૫ મિનિટ સુધીની કસરતથી પણ ફાયદો થાય છે. વોકીંગથી પણ ફાયદો થાય છે.

---

**ચેતવણી : નવજાત શિશુનુ વજન ઓછુ રહે તો ખતરો વધી શકે છે**

# શિશુની ડાયટની કાળજી જરૂરી બની

**શિશુમાં આ પ્રકારના લક્ષણ દેખાય તો જાણી શકાય કે તેમાં કેલ્શિયમની પણ કમી છે બાળકોનુ વજન ન વધવા માટેનુ એક કારણ શરીરમાં પૌષક તત્વોની કમી પણ છે**

આધુનિક સમયમાં મોટા ભાગની માતાઓની ચિંતા એ રહે છે કે તમામ પ્રકારની કાળજી રાખવામાં આવતી હોવા છતાં તેમના નવજાત શિશુનુ વજન કેમ વધતુ નથી. નવજાત શિશુના ઓછા વજનને લઈને માતાઓ ચિંતાતુર રહે છે. આવી સ્થિતીમાં શિશુને માત્ર ખાવા પીવાને જોડીને જોવામાં આવે છે. પરંતુ વજન ન વધવા માટેના અન્ય કેટલાક કારણો પણ હોય છે. શિશુના શરીરમાં થતા નાના નાના ફેરફારથી પણ આ અંગે માહિતી મેળવી શકાય છે. શિશુ પુરતા પ્રમાણમાં ઉંઘ માણે છે કે કેમ, તે વધારે રડે છે કે કેમ જેવી બાબત પણ ધ્યાન રાખવામાં આવે તે જરૂરી છે. જો આ પ્રકારના કોઈ લક્ષણ દેખાય છે તો તબીબોને મળીને તેમની સલાહ લેવાની જરૂર હોય છે. જો તે વધારે પ્રમાણમાં રહે છે અને પુરતા પ્રમાણમાં ઉંઘ લેતો નથી તો તબીબ પાસે જવુ જોઈએ.

સૌથી વધારે મહત્વપૂર્ણ બાબત બાળકની ડાઈટને લઈને હોય છે. શિશુની ડાયટમાં એવી ચીજો સામેલ કરવી જોઈએ જે ચીજો વિટામિન અને મિનરલની કમી પુરી કરે છે. ડાઈટમાં ફેટ, પ્રોટીન, વિટામિનનુ સંતુલન જરૂરી હોય છે. ડાઈટમાં કઈ ચીજો હોવી જોઈએ તેવા માતાઓના પ્રશ્નના જવાબમાં તબીબો કહે છે કે ડાઈટમાં દાળ, કેળા, પીનટ બટરનો સમાવેશ કરવો જોઈએ. દાળમાં પ્રોટીન ખુબ વધારે પ્રમાણમાં હોય છે. નાના બાળકોને દાળનુ પાણી ચોક્કસપણે આપવુ જોઈએ. જે શરીરમાં પાણી અને વિટામિનની કમીને પૂર્ણ કરે છે. કેળાની વાત કરવામાં આવે તો તે પણ ઉપયોગી છે. કેળાને એનર્જીના મજબુત સોર્સ તરીકે ગણવામાં આવે છે. દુધમાં મૈશ કરીને તેને બાળકોને આપવાથી નવજાત શિશુ અને બાળકોના વજનમાં વધારો થાય છે. સાથે સાથે



તેમાં જરૂરી પ્રમાણમાં વિટામિન અને આયરન પણ હોય છે. પીનટ બટર પણ ઉપયોગી છે. તે સ્વાદિષ્ટ હોવાની સાથે સાથે ફેટ, વિટામિન-બી, મેગ્નેશિયમ જેવા તત્વો ધરાવે છે. બાળકોના ગ્રોથ ધીમી ગતિથી થવા માટેના કારણમાં એક કારણ સાફ સફાઈ પણ હોય છે. જેમ જેમ બાળક મોટો થાય છે તે જમીનમાં ચાલવા લાગે છે. આવી સ્થિતીમાં ફર્શ સાફ ન થવાની સ્થિતીમાં તે બેક્ટિરિયાના સંપર્કમાં આવે છે.

આ ઉપરાંત તે માટી, ચુના અને ચોક ખાવા લાગી જાય છે. શિશુમાં આ પ્રકારના લક્ષણ દેખાય તો જાણી શકાય કે તેમાં કેલ્શિયમની પણ કમી છે. બાળકોનુ વજન ન વધવા માટેનુ એક કારણ શરીરમાં પૌષક તત્વોની કમી પણ છે. શરીરમાં પૌષક તત્વો ન મળવાની સ્થિતીમાં તે કુપૌષણનો શિકાર થાય છે. આના કારણે શારરિક અને દિમાગી વિકાસની પ્રક્રિયા ધીમી પડી જાય છે. જો શિશુ છ મહિના અથવા તો તેનાથી ઓછી વયનો છે તો તેને દર બે કલાકમાં સ્તનપાનની જરૂર હોય છે. જો બાળક મોટો છે તો તેને દાળ, ખિચડી, ભાત, ફળ અને બિસ્કિટ આપી શકાય છે. તેને આવી ચીજો દર દોઢ કલાકમાં આપવામાં આવે તે જરૂરી છે. જો બાળક સમયસર જમે છે અને રમે છે તો પણ તેનુ વજન વધતુ નથી તો તેનો અર્થ તેના પેટમાં કીડા હોઈ શકે છે. કેટલીક વખત બાળકના પેટમાં કિડા હોવાના કારણે તેનુ વજન વધી શકતુ નથી. ખાસ બાબત એ છે કે આવા બાળકો પોતાની ડાઈટ પણ સારી લે છે. પરંતુ તેનુ વજન વધી શકતુ નથી. પેટમાં કિડા થઈ જવાની સ્થિતીમાં કેટલાક કિસ્સામાં બાળકનુ વજન વધી શકતુ નથી. કેટલાક બાળકો વધારે પ્રમાણમાં રડતા રહે છે.કેટલાક બાળકોને ખોળામાં રહેવાનુ વધારે પસંદ કરે છે. કેટલાક બાળકો જમીન પર રમવાનુ પસંદ કરે છે. કેટલાક બાળકો એવા પણ હોય છે જે કોઈ પણ ચીજને મોમાં મુકી દે છે. વધારે પડતા રડનાર બાળકો પણ વજન વધારી શકતા નથી. પુરતા પ્રમાણમાં ઉંઘ પણ વજન વધારી દેવામાં ઉપયોગી સાબિત થાય છે. તાજેતરમાં કરવામાં આવેલા અભ્યાસમાં જણાવવમાં આવ્યું છે કે હોસ્પિટલમાં થતા બેક્ટેરિયલ ઈન્ફેક્શનના કારણે ભારતમાં દર વર્ષે જન્મના પ્રથમ ચાર સપ્તાહમાં ૧૯૦૦૦૦ બાળકોના મોત થઈ જાય છે. અભ્યાસમાં ચોંકાવનારા તારણ સપાટી પર આવ્યા બાદ આરોગ્યને લઈને ભારતમાં નવજાત શિશુના મામલે ગંભીર ચિત્ર સપાટી પર આવ્યું છે. સેન્ટર ફોર ડીસીઝડાયનેમિક્સ ઈકોનોમિક્સ એન્ડ પોલિસી દ્વારા કરવામાં આવેલા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે આશરે ૧૦ લાખ ભારતીય નવજાત શિશુ દર વર્ષે લાઈફના પ્રથમ ચાર સપ્તાહમાં મૃત્યુ પામે છે. આ મોત પૈકી ૧૯૯૦૦૦ જેટલાં નવજાત શિશુના મોત બેક્ટેરિયલ ઈન્ફેક્શનનાં કારણે થાય છે. સેપ્સીસ અથવાતો બેક્ટેરિયલ ઈન્ફેક્શન સારવાર થઈ શકે તે પ્રકારનો રોગ છે. નિષ્ણાંતોનું કહેવું છે કે બેક્ટેરિયલ ઈન્ફેક્શન હોસ્પિટલમાં લાગતા ઈન્ફેક્શનનાં કારણે થાય છે. પુખ્ત વયના લોકો દ્વારા ઉપયોગ કરવામાં આવતાં કેટલાંક બાળકોનાં મોત થાય છે.

# સંઘર્ષ માટો લડવું એ પુરસ્કાર સમાન જ છે

તમારા ક્ષેત્રમાં પ્રખ્યાત બનવું અથવા પૈસા કમાવવા અથવા ચેમ્પિયનશિપ જીતવી, તે ફક્ત આડઅસર છે જેનો સંઘર્ષ વિના બહુ અર્થ નથી. નોંધપાત્ર કાર્ય કરવા માટેનો સંઘર્ષ એ જ વાસ્તવિક પુરસ્કાર છે. તમે જેની કાળજી લો છો તેના માટે સ્પર્ધા કરવાની તક. મહેનત કરવાની તક મળશે. કંઈક મૂલ્યવાન બનાવવા માટેનો સમય અને જગ્યા. અર્થપૂર્ણ કંઈક માટે સંઘર્ષ કરવો, તે સફળતા છે. પરિણામને ધ્યાનમાં લીધા વિના. તે બધા નાના ટુકડાઓ છે. ઑપ્ટિમાઈઝેશન અને દૈનિક સંઘર્ષો, જે તેને મૂલ્યવાન બનાવે છે. તે કૃત્યો અને તે ક્ષણો વાસ્તવિક ઈનામ છે, પછીથી આવતા પરિણામ નથી. લડાઈ એ ઈનામ છે. હું આગળ પાછળ સંઘર્ષ વિશે વિચારું છું. હું બીજા કોઈની સામે સ્પર્ધા કરવાની તક વિશે વિચારું છું. હું માનસિક સ્પષ્ટતા અને તે ક્ષણમાં હોવાની દુર્લભ અનુભૂતિ વિશે વિચારું છું. માત્ર તેમાંથી જીવવું જ નહીં, પરંતુ વાસ્તવમાં તેમાં જીવવું. મારી બેઝબોલ કારકિર્દી દરમિયાન આવી હજારો ક્ષણો આવી. ઘણી વખત હું સંઘર્ષ હારી ગયો. આ વખતે હું જીત્યો. આગલી પીચ પર બેટર આઉટ થયો (એક ફાસ્ટબોલ લો એન્ડ અવે). અને થોડા કલાકો પછી, અમે જીત ખેંચી લીધી હતી અને મેં મારી કારકિર્દીના શ્રેષ્ઠ પ્રદર્શનમાંથી એક પૂરું કર્યું હતું. પરંતુ તે જીત ન હતી જેણે તેને સાર્થક બનાવ્યું. તે સંઘર્ષની ક્ષણ હતી. ધીરે ધીરે, મેં જોવાનું શરૂ કર્યું કે આ ક્ષણો આપણી આસપાસ છે. સમસ્યા એ છે કે, વિશ્વ આપણને કહે છે કે આપણે પરિણામો પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. સમાજ "સફળતા દેખાડવા" માટે એટલો ઝનૂની લાગે છે કે સંઘર્ષની ક્ષણોને કદર વિના સરકી જવા દેવાનું જોખમી રીતે સરળ બની ગયું છે. વિશ્વ કહે છે કે અમારે અમારા વેચાણ લક્ષ્યાંકો પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ, અથવા તે વધારાનું વજન ગુમાવવા પર, અથવા સફળ વ્યવસાય બનાવવા પર, અથવા ઠરૂઢ પરિણામ પ્રાપ્ત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ જેથી કરીને અમારી સિદ્ધિ માટે પ્રશંસા થઈ શકે. પરંતુ સાચો પુરસ્કાર તે પરિણામોના માર્ગમાં આવતી ક્ષણોમાં જોવા મળે છે. તે પોતે પરિણામો નથી જે કંઈપણ સાર્થક બનાવે છે, તે લડત છે જે તેમની સામે આવે છે જે આપણા અનુભવોને અર્થ આપે છે. મને યાદ છે કે ત્યાં સુધી પહોંચવા માટે જે સંઘર્ષ થયો હતો તેના કારણે તે બેટરને બહાર કાઢ્યો હતો. તે એવી પ્રક્રિયા છે જે ઉત્પાદનને યાદ રાખવા યોગ્ય બનાવે છે.

### કઈ બાબતો પર ધ્યાન કેન્દ્રિત કરવું જરૂરી?

# લક્ષ્યો તરફ કામ કરવાથી કંટાળો, ત્યારે કેવી રીતે ધ્યાન કેન્દ્રિત કરવું



સ્વાસ્થ્ય જાળવવા માટે, ઘણી વસ્તુઓનું સામાન્ય રીતે કામ કરવું જરૂરી છે અને જ્યારે તમારું શરીર યોગ્ય રીતે કામ કરી શકતું નથી, ત્યારે સ્વાસ્થ્ય સંબંધિત ઘણી સમસ્યાઓ થવા લાગે છે. આપણા બધાના લક્ષ્યો અને સપનાઓ છે, પરંતુ ધ્યાન કેન્દ્રિત કરવું અને તેમની સાથે વળગી રહેવું મુશ્કેલ હોઈ શકે છે. દર અઠવાડિયે, હું એવા લોકો પાસેથી સાંભળું છું જેઓ કહે છે કે, "હું સારા ઈરાદાથી શરૂઆત કરું છું, પરંતુ હું લાંબા સમય સુધી મારી સુસંગતતા જાળવી શકતો નથી." અથવા, તેઓ કહેશે, "હું માનસિક સહનશક્તિ સાથે સંઘર્ષ કરું છું. હું પ્રારંભ કરું છું પરંતુ હું અનુસરી શકતો નથી અને લાંબા સમય સુધી ધ્યાન કેન્દ્રિત કરી શકતો નથી. ચિંતા કરશો નહીં. હું આ માટે બીજા કોઈની જેમ જ દોષિત છું. ઉદાહરણ તરીકે, હું એક પ્રોજેક્ટ શરૂ કરીશ, તેના પર થોડો સમય કામ કરીશ, પછી ધ્યાન ગુમાવીશ અને બીજું કંઈક અજમાવીશ. અને પછી હું મારા નવા ધ્યેય પરનું ધ્યાન ગુમાવીશ અને કંઈક બીજું કરવાનો પ્રયાસ કરીશ.

**ધ્યાન કેન્દ્રિત કરવું તે ઘટના નથી, તે પ્રક્રિયા છે**

ઘણી વાર, અમે વિચારીએ છીએ કે અમારા લક્ષ્યો પરિણામ વિશે છે. અમે સફળતાને એક ઘટના તરીકે જોઈએ છીએ જે પ્રાપ્ત કરી શકાય છે અને પૂર્ણ કરી શકાય છે. અહીં કેટલાક સામાન્ય ઉદાહરણો છે... ઘણા લોકો સ્વાસ્થ્યને ઘટના તરીકે જુએ છે: "જો હું ફક્ત ૨૦ પૈસા ગુમાવીશ, તો હું આકારમાં આવીશ." ઘણા લોકો સાહસિકતાને એક ઈવેન્ટ તરીકે જુએ છે: "જો અમે અમારા વ્યવસાયને ન્યૂ યોર્ક ટાઈમ્સમાં દર્શાવી શકીએ, તો અમે સેટ થઈશું." ઘણા લોકો કલાને એક ઈવેન્ટ તરીકે જુએ છે: "જો હું મારા કાર્યને મોટી ગેલેરીમાં દર્શાવી શકું, તો મારી પાસે જરૂરી વિશ્વસનીયતા હશે." જો તમે મહાન લેખક બનવા માંગતા હો, તો બેસ્ટ સેલિંગ પુસ્તક હોવું અદ્ભુત છે. પરંતુ તે પરિણામ સુધી પહોંચવાનો એકમાત્ર રસ્તો એ છે કે લખવાની પ્રક્રિયા સાથે પ્રેમમાં પડવું. જો તમે ઈચ્છો છો કે વિશ્વ તમારા વ્યવસાય વિશે જાણે, તો ફોર્બ્સ મેગેઝિનમાં દર્શાવવામાં આવે તે ખૂબ જ સરસ રહેશે. પરંતુ તે પરિણામ સુધી પહોંચવાનો એકમાત્ર રસ્તો માર્કેટિંગની પ્રક્રિયા સાથે પ્રેમમાં પડવાનો છે. જો તમે તમારા જીવનના શ્રેષ્ઠ આકારમાં રહેવા માંગતા હો, તો ૨૦ પૈસા ગુમાવવા જરૂરી હોઈ શકે છે. પરંતુ તે પરિણામ સુધી પહોંચવાનો એકમાત્ર રસ્તો એ છે કે તંદુરસ્ત આહાર અને સતત કસરત કરવાની પ્રક્રિયા સાથે પ્રેમમાં પડવું. જો તમે કોઈપણ બાબતમાં નોંધપાત્ર રીતે વધુ સારા બનવા માંગતા હો, તો તમારે તે કરવાની પ્રક્રિયા સાથે પ્રેમમાં પડવું પડશે. તમે ઈચ્છો છો તે પરિણામો વિશે માત્ર સપના જોવાને બદલે તમારે કામ કરનાર વ્યક્તિની ઓળખ બનાવવાના પ્રેમમાં પડવું પડશે. બીજા શબ્દોમાં કહીએ તો કંટાળાને પ્રેમમાં પડવું. પુનરાવર્તન અને અભ્યાસ સાથે પ્રેમમાં પડો. તમે જે કરો છો તેની પ્રક્રિયા સાથે પ્રેમમાં પડો અને પરિણામોને પોતાને સંભાળવા દો.

### ચુનંદા રમતવીર બનવા માટે તમારો તાલીમ કાર્યક્રમ આટલો સારો હોવો જોઈએ

# સફળ થવા માટે તમારે કેટલું સ્માર્ટ હોવું જરૂરી?

**અમુક પ્રશ્નો આપણે આપણી જાતને વારંવાર પૂછતા નથી, પરંતુ તે જીવનના ઘણા તબક્કાઓ વિશેની આપણી માન્યતાઓ અને ક્રિયાઓમાં બંધાયેલા છે**

## સફળ ઉદ્યોગસાહસિક બનવા માટે તમારે કેટલું બુદ્ધિશાળી હોવું જરૂરી છે?

સફળતા ભાગ્યે જ એટલી સરળ છે જેટલી "ફક્ત સખત મહેનત કરો." જેઓ વિચલિત થાય છે તેઓ વચ્ચે તફાવત છે. એકવાર તમે કરવા યોગ્ય વસ્તુઓની મૂળભૂત સમજ મેળવી લો, તે વધુ વખત યોગ્ય વસ્તુઓ કરવાની સુસંગતતા વિશે બની જાય છે. એકવાર તમે મૂળભૂત બાબતોને સમજી લો, તે તમારી આદતો પર આવે છે. વેઈટલિફ્ટિંગ: વ્યાજબી રીતે અસરકારક વ્યાયામ (જેમ કે આના જેવા) કરી રહ્યાં છો, વિગતો ખરેખર એટલી મહત્વની નથી, ૯૫% શું તફાવત બનાવે છે તે આ છે: શું તમે જીમમાં જઈને તમારા પ્રતિનિધિઓ મૂકી રહ્યા છો? લેખન: ધારી લઈએ કે તમે લેખનના મૂળ સિદ્ધાંતો અને વ્યાકરણની મૂળભૂત બાબતોને સમજો છો, જે કંઈપણ કરતાં વધુ સારી રીતે લખવાની તમારી ક્ષમતા નક્કી કરે છે તે ઘણું લખે છે. જે વસ્તુ સફળતા તરફ દોરી જાય છે તે વધુ લખવાનું છે. ઉદ્યોગસાહસિકતા: તમારા વ્યવસાય માટે સૌથી મહત્વપૂર્ણ મેટ્રિક શું છે તે તમે જાણો છો એમ ધારીને, દરરોજ તે મેટ્રિક પર ધ્યાન કેન્દ્રિત કરવું એ સૌથી મોટો તફાવત શું છે. એકવાર તમે શું કામ કરવું તે જાણવાની મૂળભૂત મુશ્કેલી પાર કરી લો, પછી સૌથી મહત્વની બાબત એ છે કે તે એક વસ્તુ પર કામ કરવાનું ચાલુ રાખવું અને બીજી કોઈ વસ્તુ પર નહીં. જો તમે કોઈ વિસ્તારમાં તદ્દન નવા છો, તો સંભવ છે કે તમે હજી સુધી મુશ્કેલીને પાર કરવા માટે પૂરતું શીખ્યા નથી. પરંતુ આપણામાંના મોટાભાગના લોકો માટે, આપણે જાણીએ છીએ કે શું કામ કરે છે અને આપણી પાસે પ્રગતિ કરવા માટે પૂરતું જ્ઞાન છે. તે વધુ બુદ્ધિશાળી અથવા વધુ કુશળ બનવા વિશે નથી, તે વિક્ષેપને દૂર કરવા અને પહેલેથી જ કાર્ય કરે છે તે કાર્ય કરવા વિશે છે.



# શા માટે હકીકતો આપણા વિચારોને બદલતી નથી

કોઈને તેમનો વિચાર બદલવા માટે મનાવવા એ ખરેખર તેમને તેમની જાતિ બદલવા માટે સમજાવવાની પ્રક્રિયા છે. જો તેઓ તેમની માન્યતાઓને છોડી દે છે, તો તેઓ સામાજિક સંબંધો ગુમાવવાનું જોખમ ચલાવે છે. જો તમે તેમના સમુદાયને પણ છીનવી લેશો તો કોઈ વ્યક્તિ તેમનો વિચાર બદલશે તેવી તમે અપેક્ષા રાખી શકતા નથી.

તમારે તેમને ક્યાંક જવા માટે આપવા પડશે. જો એકલતાનું પરિણામ હોય તો કોઈ પણ તેના વિશ્વ દૃષ્ટિકોણને તોડી નાખવા માંગતું નથી. લોકોના વિચારો બદલવાની રીત છે તેમની સાથે મિત્રતા કરવી, તેમને તમારા જનજાતિમાં એકીકૃત કરવા, તેમને તમારા વર્તુળમાં લાવવા. હવે, તેઓ સામાજિક રીતે ત્યજી દેવાના જોખમ વિના તેમની માન્યતાઓને બદલી શકે છે. કદાચ તે તફાવત નથી, પરંતુ અંતર છે જે આદિવાસીવાદ અને દુશ્મનાવટને જન્મ આપે છે. જેમ જેમ નિકટતા વધે છે તેમ સમજણ પણ વધે છે. મને અબ્રાહમ લિંકનનું વાક્ય યાદ આવે છે, "મને તે માણસ ગમતો નથી. મારે તેને વધુ સારી રીતે ઓળખવી જોઈએ."



BOLLYWOOD NEWS FLASH

### ૧૦ વર્ષ સુધી સંઘર્ષ કર્યો હતો: કિરણ

# ફિલ્મ લાલ સિંહ ચઢ્ઢાની નિષ્ફળતાથી આમિરખાન ખૂબ જ દુખી થયો હતો



ફિલ્મમેકર કિરણ રાવ આ હાલમાં પોતાની આગામી ફિલ્મ 'મિસિંગ લેડીઝ'ના પ્રમોશનમાં વ્યસ્ત છે. આ દરમિયાન કિરણે એક ઈન્ટરવ્યૂમાં પૂર્વ પતિ આમિર ખાનની પાછલી ફિલ્મ 'લાલ સિંહ ચઢ્ઢા' વિશે વાત કરી હતી. કિરણે કહ્યું કે, આ ફિલ્મની નિષ્ફળતાથી આમિર ખૂબ જ દુખી છે. એક ઈન્ટરવ્યૂમાં કિરણે કહ્યું, 'જ્યારે તમે તમારાથી બનતી સખત મહેનત કરો છો અને છતાં ફિલ્મ ન ચાલે ત્યારે તે ખૂબ જ નિરાશાજનક લાગે છે. 'લાલ સિંહ ચઢ્ઢા' સાથે પણ કંઈક આવું જ થયું. અને ચોક્કસ આમિર આનાથી ખૂબ જ દુઃખી થયો હતો. અમને બધાને આની અસર થઈ કારણ કે એ પ્રોજેક્ટ કોવિડ-૧૯ જેવી મુશ્કેલીઓમાંથી પણ પસાર થયો હતો. આમિર માટે આ એક ડ્રીમ પ્રોજેક્ટ જેવું હતું કારણ કે તે બનાવતા પહેલા ૧૦ વર્ષ સુધી તેની સ્ક્રિપ્ટના અધિકારો માટે સંઘર્ષ કરી રહ્યો હતો. કિરણે વધુમાં કહ્યું, 'જોકે, હું ખુશ છું કે જ્યારે આ ફિલ્મ્ પર રિલીઝ થઈ, ત્યારે તેને સારો પ્રતિસાદ મળ્યો. સોશિયલ મીડિયા પર લોકોએ તેને ખૂબ સારી પ્રતિક્રિયા આપી. મને એમ પણ લાગે છે કે આ ફિલ્મને વધારે તક નથી મળી. ખેર, અંતે આપણે બધાએ સત્ય સ્વીકારવું પડ્યું કે દર્શકોને આ ફિલ્મ ગમી ન હતી અને તે જોવા માગતા ન હતા. આ દિવસોમાં કિરણ અને આમિર તેમની આગામી ફિલ્મ 'લપતા લેડીઝ'ના પ્રમોશનમાં વ્યસ્ત છે. આ ફિલ્મનું નિર્દેશન કિરણ દ્વારા કરવામાં આવ્યું છે અને આમિરે નિર્માતા છે. ૨૦૨૨માં રિલીઝ થયેલી આમિર અને કરીના સ્ટારર 'લાલ સિંહ ચઢ્ઢા' ખરાબ રીતે ફ્લોપ થઈ હતી.



# દલજીત કૌર અને નિખિલ પટેલના લગ્નને એક વર્ષ પણ નથી થયું ને છૂટાછેડા લેશે!

## નિખિલ પટેલને છોડીને બાળક સાથે દલજીત કૌર ભારત પરત ફરી

૪૧ વર્ષની ટીવી એક્ટ્રેસ દલજીત કૌરે પોતાના સોશિયલ મીડિયા હેન્ડલ પરથી પતિ નિખિલ પટેલની અટક હટાવી દીધી છે. આ સાથે દલજીતે તેમના પતિ સાથેના તમામ ફોટા અને વીડિયો પણ ડિલીટ કરી દીધા છે. આવી સ્થિતિમાં એવી અટકળો લગાવવામાં આવી રહી છે કે દલજીત પતિથી છૂટાછેડા લઈ શકે છે. દલજીત કૌરે ગયા વર્ષે ૧૮ માર્ચે બિઝનેસમેન નિખિલ પટેલ સાથે બીજા લગ્ન કર્યા હતા. લગ્ન પછી તે પતિ સાથે કેન્યા રહેવા લાગી. પરંતુ ગત મહિને દલજીત પુત્ર સાથે ભારત પરત આવી ગઈ હતી. દલજીતના નજીકના સૂત્રોએ જણાવ્યું છે કે શરૂઆતમાં તેમના લગ્નજીવનમાં બધું બરાબર ચાલી રહ્યું હતું. પરંતુ થોડા જ સમયમાં બંને વચ્ચે વાત વણસી હતી. દલજીત અને નિખિલ પણ સમજી ગયા કે તેઓ એકબીજા સાથે સુસંગત નથી. છેલ્લા બે મહિનામાં સ્થિતિ વધુ વણસી છે. જો આ સિલસિલો યથાવત રહે અને બંને વચ્ચેનો અણબનાવ બંધ ન થાય તો દલજીત અને નિખિલ અલગ થવાનું નક્કી કરી શકે છે. જો કે, આ અંગે દલજીત તરફથી હજુ સુધી કોઈ પુષ્ટિ મળી નથી. પરંતુ દલજીત કૌરની ટીમે જણાવ્યું કે અભિનેત્રી આ વખતે તેના પુત્ર સાથે પરત આવી છે કારણ કે તેમના પિતાની સર્જરી કરાવવાની હતી. ટીમે તેમના પુત્રની ગોપનીયતા જાળવવા પણ વિનંતી કરી હતી. દલજીત કૌરે ૧૮ માર્ચ ૨૦૨૩ના રોજ NRI બિઝનેસમેન નિખિલ પટેલ સાથે બીજા લગ્ન કર્યા હતા. દલજીત અને નિખિલ બંનેના આ બીજા લગ્ન છે. દલજીતે પહેલાં ટીવી એક્ટર શાલીન સાથે લગ્ન કર્યા હતા. જેનાથી તેમને એક પુત્ર જેડેન છે.



# શાહરૂખખાનની કતારના પ્રધાનમંત્રી સાથે મુલાકાત

શાહરૂખ ખાન આ દિવસોમાં પોતાના કેટલાક પ્રોજેક્ટ્સને લઈને ચર્ચામાં છે. આ વચ્ચે અભિનેતાનો એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે, જે કતરની સફર દરમિયાનનો છે. રિપોર્ટ્સ પ્રમાણે શાહરૂખ ખાન શનિવારે દોહા પહોંચ્યા હતા. જ્યાં તેમણે કતરના પ્રધાનમંત્રી મોહમ્મદ બિન અહ્દુલરહમાન બિન ઝસીમ અલ થાની સાથે મુલાકાત કરી હતી. એટલું જ નહીં કતારમાં હાજર કિંગ ખાનના ફેન્સે પણ તેનું ગર્મજોશીથી સ્વાગત કર્યું હતું, જેનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહ્યો છે. વાયરલ વીડિયોમાં કતારના પ્રધાનમંત્રી મોહમ્મદ બિન અબ્દુલરહમાન બિન ઝસીમ અલ થાની શાહરૂખ ખાનની સાથે વાત કરતા જોવા મળી રહ્યાં છે. આ દરમિયાન એક્ટર વ્હાઈટ શર્ટ અને બ્લૂ જેકેટમાં જોવા મળ્યા હતા. વીડિયોમાં શાહરૂખના ચહેરા પર હાસ્ય જોઈ શકાય છે. આ સિવાય તેનો એક ફોટો પણ વાયરલ થઈ રહ્યો છે.



# શું જાહ્નવી કપૂરે રામ ચરણ સાથે કામ કરવા માટે પોતાનું મહેનતાણું વધાર્યું?

શ્રીદેવીની પુત્રી જાન્હવી કપૂર, જે બોલિવૂડમાં જાણીતી છે, તે હવે તેલુગુ ફિલ્મ દેવરામાં તેની શરૂઆત સાથે દક્ષિણ ભારતીય ફિલ્મ ઉદ્યોગમાં તરંગો બનાવવા માટે તૈયાર છે. જ્યારે તેરી બાતોં મેં ઐસા ઉલ્ઝા જિયામાં તેણીની નાનકડી ભૂમિકાએ તેણીની બહુમુખી પ્રતિભા દર્શાવી હતી, ત્યારે કોરાતાલા શિવની દેવરામાં જુનિયર એનટીઆર સાથે તેણીનું આગામી સાહસ તેણીની કારકિર્દીમાં નોંધપાત્ર સીમાચિહ્નરૂપ છે. શરૂઆતમાં ૫ એપ્રિલે રિલીઝ થવાની હતી, આ ફિલ્મની પ્રીમિયર તારીખમાં ફેરફાર કરવામાં આવ્યો છે. વધુમાં, બુચી બાબુ સના દ્વારા દિગ્દર્શિત રામ ચરનની આરસી ૧૬માં કપૂરની સંભવિત સંડોવણી અંગે અટકળો ઘણી છે. ડેક્કન ક્રોનિકલ દ્વારા ટાંકવામાં આવેલા સૂત્રોના જણાવ્યા અનુસાર, તાજેતરના અહેવાલો સૂચવે છે કે આ પ્રોજેક્ટ્સ માટે કપૂરની ફીમાં નોંધપાત્ર વધારો થયો છે, જેમાં દેવરા માટેના આંકડા ૫ કરોડથી વધીને રૂ. ૧૦ કરોડ થઈ ગયા છે. દેવરા માટેની તેણીની માંગ ઉપરાંત, કપૂરે કથિત રીતે RC ૧૬ શીર્ષક માટે રૂ.૬ કરોડની પ્રભાવશાળી ફીનો આદેશ આપ્યો છે, જે હિન્દી ફિલ્મ ઉદ્યોગમાં તેણીની અગાઉની કમાણી કરતાં નોંધપાત્ર વૃદ્ધિનો સંકેત આપે છે. જ્યારે કપૂર અને તેની ટીમે આ આંકડાઓની પુષ્ટિ કરવાનું ટાળ્યું છે, તેણીનું અડગ વલણ અભિનેત્રી તરીકે તેણીના હસ્તકલા અને મૂલ્યમાં તેના વિશ્વાસને રેખાંકિત કરે છે. કપૂર તેના દક્ષિણ ફિલ્મ ઉદ્યોગની શરૂઆત માટે તૈયારી કરી રહી છે, તેણીની વ્યૂહાત્મક વાટાઘાટો માત્ર ઉદ્યોગમાં તેણીની વધતી જતી પ્રતિષ્ઠા જ નહીં પરંતુ તેણીની ક્ષમતાઓ પરની તેની અતૂટ માન્યતા પણ દર્શાવે છે.





### મને કામ માટે મોડું થયું... હું આટલા દિવસોથી સાવ બેરોજગાર હતી : સામંથા

# બ્રેક બાદ સામંથાનું કમબેક

સામંથાએ રવિવારે સોશિયલ મીડિયા પર એક વીડિયો શેર કર્યો હતો. જેમાં કહ્યું છે કે , હા, મને કામ માટે મોડું થયું... આખરે. હું આટલા દિવસોથી સાવ બેરોજગાર હતી. હવે હું મારા એક મિત્ર સાથે કંઈક અલગ જ કરવા જઈ રહી છું. આ હેલ્થ પોડકાસ્ટ હોવું આવશ્યક છે. આ એવી વસ્તુ છે જે મને ખરેખર ગમે છે. આવતા અઠવાડિયે તે રિલીઝ થઈ રહી હોવાથી હું આ માટે ખૂબ જ ભાવુક અને ઉત્સાહિત છું. હું આશા રાખું છું કે તમારામાંથી કેટલાકને તે ખૂબ જ ઉપયોગી લાગશે. મને તેના પર કામ કરવામાં ઘણી મજા આવી છે. સામંથાએ ૨૦૨૨માં માહિતી આપી હતી કે તે ઓટો-ઈમ્યુન કંડીશન (માયોસાઈટિસ)થી પીડિત છે અને આ પછી સારવાર માટે કામ પરથી બ્રેક લીધો હતો. સામંથાની છેલ્લી રિલીઝ 'ખુશી' હતી જેમાં તે વિજય દેવરાકોંડાની સામે જોવા મળી હતી. વર્ક ફ્રન્ટની વાત કરવામાં આવે તો સામંથા હવે વરુણ ધવન સાથે વેબ સિરીઝ 'સિટાડેલ'માં જોવા મળશે. સામંથા બ્રેક પર જતા પહેલાં ગયા વર્ષે જુલાઈ સુધી આ વેબ સિરીઝનું શૂટિંગ પણ કરી રહી હતી. નિર્માતાઓએ તેને અને વરુણને આ શોની પ્રથમ ઝલક બતાવી છે.

# "ટ્રાવેલિંગ ટેક્સટાઇલ આર્ટ એક્ઝિબિટ, હમારી વિરાસત, અમદાવાદમાં આવે છે"

। અમદાવાદ,, તા.૧૨ ।

હમારી વિરાસત (અવર હેરિટેજ), હેન્ડ ફોર હેન્ડમેડ ફાઉન્ડેશન દ્વારા એક ટેક્સટાઈલ આર્ટ એક્ઝિબિશન ૧૫-૧૮ ફેબ્રુઆરી દરમિયાન અમદાવાદમાં લાલભાઈ દલપતભાઈ મ્યુઝિયમ ખાતે પ્રદર્શિત કરવામાં આવશે. આ પ્રદર્શન ભારતીય બંધારણની ૭૫મી વર્ષગાંઠની ઉજવણી માટે દેશભરના કારીગરો જૂથો દ્વારા બનાવવામાં આવેલી ૭૫ વિવિધ હાથથી બનાવેલી કાપડની કલાકૃતિઓના પ્રદર્શન દ્વારા ભારતમાં કારીગરી ક્ષેત્રની સમૃદ્ધિની ઉજવણી છે.

આ અદભૂત ભીંતચિત્ર ૭૫ અલગ-અલગ ૧૯x૧૯ આર્ટવર્કનું પ્રદર્શન કરે છે, જે પ્રત્યેક ભારતીય બંધારણની પ્રસ્તાવનામાં દર્શાવવામાં આવેલી કળા દ્વારા જટિલ અને પ્રેરિત છે. આર્ટવર્ક બંધારણીય મૂલ્યો અને રાષ્ટ્રનિર્માણમાં કારીગરી ક્ષેત્રના યોગદાન વચ્ચેના ગહન જોડાણ માટે વિઝ્યુઅલ ટેસ્ટામેન્ટ તરીકે સેવા આપે છે. આ પેનલ સમગ્ર દેશમાંથી વિવિધ કાપડ કલાના સ્વરૂપોના પ્રતિનિધિ છે. ગુજરાત સ્થિત કલાકારો અને કારીગરો ક્લસ્ટરો દ્વારા અજરક, જરદોસી, ખરદ અને કચ્છની ભરતકામની પરંપરાગત કાપડ કલાકૃતિઓનું પ્રદર્શન કરતી અનેક પેનલ બનાવવામાં આવી છે. હમારી વિરાસતની કલ્પના લોકો અને કારીગરો માટે કનેક્ટર તરીકે કામ કરવા અને ભારતના પરંપરાગત કાપડ કલા સ્વરૂપોના સમૃદ્ધ વારસા માટે વ્યાપક જાગરૂકતા અને કદર માટે એક પ્લેટફોર્મ તરીકે કામ કરવા માટે કરવામાં આવી હતી. દરેક આર્ટવર્કને પ્રો-બોનો બાય હેન્ડ





ફોર હેન્ડમેડ મેમ્બર્સ દ્વારા ફાળો આપવામાં આવ્યો છે કારણ કે વિવિધતામાં એકતાના સાચા અર્થમાં પ્રતિનિધિત્વ કરતા આ રાષ્ટ્ર નિર્માણ પ્રોજેક્ટ તરફ તેમની સર્જનાત્મકતા અને આર્ટફોર્મનો ઉપયોગ કરવાના પૂરા દિલથી પ્રયાસ છે. આ પ્રદર્શન ગયા મહિને મુંબઈમાં ઐતિહાસિક CSMVS મ્યુઝિયમ ખાતે શરૂ કરવામાં આવ્યું હતું અને ત્યારબાદ ભારતના સૌથી મોટા બહુ-સાંસ્કૃતિક ઉત્સવ-કાલા ઘોડા આર્ટ ફેસ્ટિવલમાં પ્રદર્શન કરવામાં આવ્યું હતું. મુંબઈમાં ૧ લાખથી વધુ દર્શકો મેળવ્યા પછી પછી, હમારી વિરાસત હવે અમદાવાદમાં પ્રદર્શિત કરવામાં આવી છે અને માર્ચમાં દિલ્હીની મુસાફરી કરશે.

# ટંકારા ખાતે મહર્ષિ દયાનંદ સરસ્વતીજીના જન્મસ્થળની મુલાકાત લેતાં રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી



। (માહિતી બ્યુરો) મોરબી, તા.૧૨ ।

રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ મહર્ષિ દયાનંદ સરસ્વતીજીના ટંકારા ખાતે આવેલ જન્મસ્થળની મુલાકાત લઈ ધન્યતા અનુભવી હતી. રાજ્યપાલશ્રીએ મહર્ષિ દયાનંદજીનો જ્યાં જન્મ થયો તે ઓરડાની મુલાકાત લઈ નમન કર્યા હતા. સમગ્ર પરિસર તથા દયાનંદજી સ્મારકની મુલાકાત લઈ નિરીક્ષણ કર્યું હતું. આ પ્રસંગે લેડી ગવર્નર શ્રીમતી દર્શનાદેવીજી, ડી.એ.વી.કોલેજના પ્રબંધક પૂનમ સુરી, શ્રી અજય સહેગલ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# શંખેશ્વરના ગામોમાં પ્રેમરત્ન માનવસેવા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા મીઠાઈનું વિતરણ

। (પ્રતિનિધી) થરા, તા.૧૨ ।

જૈન તીર્થ શંખેશ્વર ખાતે સેવા સમર્પણની ભાવના સાથે કાર્યરત શ્રી પ્રેમરત્ન માનવ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા પંથકના જરૂરિયાત મંદ લોકોને અનેક રીતે મદદરૂપ બનવાની સેવાકીય પ્રવૃત્તિ પંથકના લોકોમાં સરાહનીય બની છે.

શંખેશ્વર તીર્થ નજીક આવેલ ગામોમાં પ્રેમરત્ન માનવસેવા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા અનેક પરિવારોમાં મીઠાઈ વિતરણ કરવામાં આવ્યું. જેમાં તપાગચ્છા ધિપતિ પ.પૂ.આ.શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા તથા માનવતાના મસીહા પ.પૂ. આ. શ્રી મદ્ વિજય રત્નશેખરસૂરીશ્વર જી મહારાજાના દિવ્ય આશીર્વાદથી અને પૂજયમુનિરાજ શ્રી નયશેખર વિજયજી મ.સાની પાવન પ્રેરણા થી શંખેશ્વર મહાતીર્થે નજીક પ્રેમરત્ન માનવ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા અનેક પરિવારોમાં મીઠાઈ વિતરણ કરવામાં આવેલ. આ મીઠાઈ વિતરણના લાભાર્થી સ્વ.વિનોદ ધનજી ભાણજી દેઢિયા કચ્છ કોડાય પ્રીતિબેન હેમંતભાઈ શેઠ અમેરિકા,મિત્તલબેન સંજય ભાઈ પાંચણી ગામ-થરા, વંદના બેન દિલીપ ભાઈ મહેતા ખેડબ્રહ્મા, બરસાત ટેલિકોમ કચ્છ-કોડાય,ગુરુભક્તપરિવારશંખેશ્વર,સુનંદાસાઈનીંગ ગ્રુપ- ચોપડા પરિવાર- રાજસ્થાન આદિ પરિવારોએ પોતાની સંપત્તિ નો સદ્ ઉપયોગ કરી ઉદાર દિલે સુંદર લાભ લીધેલ.આ મીઠાઈનું વિતરણ ચેરમેન કર્મ વીરાંગના,દિન દુખિયાના બેલી, સેવાભાવી જીજ્ઞાબેન શેઠે પોતાનો કિંમતી સમય કાઢી ઉપસ્થિત રહી વિતરણ કરેલ.આ પ્રસંગે પ્રેમરત્ન માનવસેવા ચેરીટેબલ ટ્રસ્ટ તથા પ્રેમરત્ન પરિવારે દરેક દાતા પરિવારોની ખૂબ ખૂબ અનુમોદના કરેલ.

શંખેશ્વર જેવા વઢીયાર પંથકમાં અનેકવિધ સેવાકીય પ્રવૃત્તિ કરતી શ્રી પ્રેમરત્ન માનવસેવા ચેરીટેબલ ટ્રસ્ટની સેવા પ્રવૃત્તિ સરાહનીય બની. પંથકના જરૂરિયાત મંદ લોકો ને શિયાળાની ઠંડીમાં ધાબળાઓનું -રાશનકીટનું વિતરણ કરવામાં આવ્યું આ પ્રસંગે જેસડા,રૂની, મોટી ચંદુર, થરા, રાજસ્થાન મીરપુર વિગેરે ગામોમાં પણ મીઠાઈનું વિતરણ કરવામાં આવેલ.

# વિદેશમાં જન્મેલા અને ભારતમાં લાઈફલોંગ વિઝાથી રહેતા બિલીમોરાના નિશીદ લોખંડવાળાને નવસારી કલેક્ટર ક્ષિપ્રા આગ્રેએ નાગરિકતાપત્ર એનાયત કર્યો



। (માહિતી) સુરત, તા.૧૨ ।

જિલ્લા કલેક્ટર કચેરીના કોન્ફરન્સ હોલ ખાતે જિલ્લા કલેક્ટર ક્ષિપ્રા આગ્રેના હસ્તે આફ્રિકા ખંડના કેન્યા દેશમાં જન્મેલા બીલીમોરાના રહેવાસી શ્રી નિશીદ લોખંડવાળાને નાગરિકતાપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. બીલીમોરાના વતની શ્રી નિશીદ લોખંડવાળાનો જન્મ ૨૧ નવેમ્બર ૧૯૮૭ના રોજ કિસુમુ, કેન્યામાં થયો હતો . જેમની પાસે ભારતીય ગણરાજ્યના લાઈફ લોંગ વિઝા પહેલાથી ઉપલબ્ધ હોઈ ભારતીય નાગરિકતા માટે બંધારણીય નિયમ મુજબ નવસારી જિલ્લા વહીવટી તંત્રને અરજી કરી હતી. ભારતીય નાગરિકતા અધિનિયમ ૧૯૫૫ના નિયમો પ્રમાણે વિદેશી નાગરિકોને બંધારણીય પ્રક્રિયા અનુસરીને નાગરિકતા પત્ર આપવામાં આવે છે. જેને અનુસંધાને તેમને મિનીસ્ટ્રી ઓફ હોમ અફેર્સ (Ministry of Home Affairs) માંથી આવેલ ભારતીય નાગરિકતા પ્રમાણપત્ર આજરોજ જિલ્લા કલેકટરશ્રી ક્ષિપ્રા આગ્રેના હસ્તે આપવામાં આવ્યું હતું. ભારતીય નાગરિકતાપત્ર મળતા શ્રી નિશીદ લોખંડવાળાએ આનંદ વ્યક્ત કર્યો હતો અને સરકાર તથા નવસારી જિલ્લા વહીવટીતંત્રનો આભાર માન્યો હતો.

## નર્મદા જિલ્લામાં સર્પદંશના કિસ્સામાં દેવદૂત બની ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા

# છેલ્લા એક વર્ષમાં સાપ કરડવાના બનાવોમાં ૧૨ દર્દીઓને તત્કાલ સારવાર આપી જીવ બચાવાયા

## નર્મદા જિલ્લામાં બહુધા મળી આવતા કોબ્રા અને રસેલ વાઇપરને મારશો નહિ, કરડે તો તુરંત સારવાર કરાવજો

। (માહિતી) નર્મદા, તા.૧૨ ।

બહુધા વનવિસ્તાર ધરાવતા નર્મદા જિલ્લાના ગરૂડેશ્વર તાલુકાના પહાડી વિસ્તારમાં આવેલા ઝરવાણીના ધીરખાડી વિસ્તારની આ વાત છે. ગત જુલાઈ માસની એક સમી સાંજે ફળીયામાં રહેતા રિંગુબેન વસાવાને એક સર્પ કરડ્યો હતો. તેમને એમ થયું કે કોઈ જંતુ કરડ્યું છે. આ બાબતને સામાન્ય સમજીને તેઓ સાંજે વાળુપાણી કરીને સુઈ ગયા હતો. સવાર થતા જ સર્પના ઝેરની અસર થવા લાગી હતી. આવા સમયે દુર્ગમ વિસ્તારમાં ૧૦૮ દેવદૂત બનીને આવી અને તત્કાલ સારવારથી રિંગુબેનનો જીવ બચાવ્યો. મૂળ વાત એવી છે, સવારના પોરમાં ૧૦૮ ને ફોન કરવામાં આવ્યો હતો. ઈમરજન્સી મેડિકલ ટેકનિશિયન શ્રી સંજયભાઈ તડવી મારતી ગાડીએ ઝરવાણીના આ દુર્ગમ વિસ્તારમાં માત્ર ૧૮ મિનિટમાં પહોચી ગયા. ત્યાં જઈને જોયું તો રિંગુબેનના આંખના પોપચા ચઢી ગયા હતા. તેઓ બેશુધ હતા. સંજયભાઈએ તુરંત વિષનાશક દવાના પાંચ ડોઝ આપ્યા. ૧૦૮ એમ્બ્યુલન્સમાં બેસાડી



દર્દીને ગરૂડેશ્વર સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ખસેડવાની તજવીજ કરી. પ્રથમ પાંચ ડોઝની અસર નહિવત થતા વધારાના પાંચ ડોઝ ચાલુ ગાડીએ આપવામાં આવ્યાં. આમ કરીને અણીના સમયે ૧૦૮ એમ્બ્યુલન્સે મદદ કરી રિંગુબેનને દવાખાને દાખલ કરતા તેઓનો જીવ બચ્યો હતો. એમ્બ્યુલસન્સમાં સાથે રહેલા રિંગુબેનના પતિ અને ત્રણેક વર્ષના બાળકના જીવ આ દરમિયાન તાળવે ચોંટી ગયા હતાં. સારવાર બાદ રિંગુબેન ખતરામાંથી બહાર આવતાં પરિવાર જનોને હાંશકારો થયો હતો. નર્મદા જિલ્લામાં વન વિસ્તાર હોવાથી સર્પદંશના કિસ્સાઓ વારંવાર બને છે. આવા સમયે ૧૦૮ એમ્બ્યુલન્સની તત્કાલ સેવા આશીર્વાદરૂપ બને છે.

# થરા નગરમાં નેશનલ હાઇવે ઓથોરિટી દ્વારા સર્વિસ રોડના દબાણ હટાવાય તેવી શક્યતા

। (પ્રતિનિધી) થરા, તા.૧૨ ।

બનાસકાંઠા - કચ્છ જિલ્લામાં સામખીયારીથી રાધનપુર થરા શિહોરી ખીમાણા ભીલડીથી પાલનપુર દિલ્હી નેશનલ હાઈવે નં.૨૭ ફોર લેન બનાવી ગ્રામ્ય શહેરના વિસ્તારોમાં ઓવરબ્રિજ સાથે બંને બાજુ સર્વિસ રોડ ગટરો ફૂટપાથથી વ્યવસ્થિત બનાવ્યા છે પરંતુ ગ્રામ્ય શહેરના વિસ્તારોમાં આ સર્વિસ રોડ ગટરો ફૂટપાથ પર લોકોએ દબાણો કરી ટ્રાફિકને અડચણરૂપ અને ગટરોમાં કચરો નાખી વરસાદી પાણી માટેના નિકાલનો માર્ગ બંધ કરતાં વિકટ સ્થિતિ ઊભી થઈ છે ત્યારે કાંકરેજ તાલુકાના થરા નગરમાં ભાભર ત્રણ રસ્તાથી પોલીસ સ્ટેશન સુધીના આવા દબાણો હટાવવા માટે કલમ ૨૬ ધિ કંટ્રોલ ઓફ નેશનલ હાઈવે (લેન્ડ એન્ડ ટ્રાફિક) એક્ટ ૨૦૦૮ અન્વયે આવા દબાણ કરેલ દબાણ કરનારાઓને ગત તા.૦૬/૦૨/૨૪ ના રોજ લેખિતમાં નોટિસ આપી આ સમય મર્યાદામાં પોતે કરેલ દબાણ હટાવી લેવા જો એ સમય મર્યાદામાં દબાણ હટાવવામાં



તસ્વીર : યશપાલસિંહ ટી.વાઘેલા થરા

નહી આવે તો તે પછી તંત્ર તેની રીતે દબાણો હટાવશે..આ મુદ્દત ગઈકાલે તા.૧૧/૦૨/૨૪ના પૂરી થતાં આજે તા.૧૨/૦૨/૨૪ના થરા નગરમાં નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા સર્વિસ રોડ પરના દબાણો હટાવવા કાર્યવાહી હાથ ધરવામાં આવે તેવી શક્યતા છે. થરા નગરમાં ટ્રાફિક પ્રજા અને પોલીસ માટે માથાનો દુઃખાવો છે જેમાં રખડતા આખલા ગાયો પ્રત્યે નગર પાલિકાની ઢીલી નીતિ સામે લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે.હવે આજે દબાણ હટાવવામાં આવશે કે તેમાંય રાજકારણ રમાશે ?

# જિલ્લા પંચાયત થી નવા સર્કિટ હાઉસ તરફ અંદાજિત રૂ.૫ કરોડના ખર્ચે નિર્માણ પામેલ બ્રિજનું લોકાર્પણ કરતાં નાયબ મુખ્ય દંડકશ્રી જગદીશભાઈ મકવાણા

। (માહિતી બ્યુરો) સુરેન્દ્રનગર, તા.૧૨ ।

આજરોજ નાયબ મુખ્ય દંડકશ્રી જગદીશભાઈ મકવાણાના વરદહસ્તે જિલ્લા પંચાયત થી નવા સર્કિટ હાઉસ તરફ અંદાજિત રૂ.૦૫ કરોડના ખર્ચે નિર્માણ પામેલ બ્રિજનું લોકાર્પણ થયું હતું. આ પ્રસંગે નાયબ મુખ્ય દંડકશ્રી જગદીશભાઈ મકવાણાએ જણાવ્યું હતું કે, સુરેન્દ્રનગર-દુધરેજ-વઢવાણ સંયુક્ત નગરપાલિકા દ્વારા અંદાજિત રૂ.પાંચ કરોડના ખર્ચે જિલ્લા પંચાયત થી નવા સર્કિટ હાઉસ તરફ બ્રિજનું નિર્માણ કરવામાં આવ્યું છે. દાળમીલ રોડ, કલેકટર કચેરી, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રીની કચેરી, જિલ્લા પંચાયત, મુળી, સાયલા, ચોટીલા અને થાન તરફથી જતાં-આવતાં લોકોને આ બ્રિજ ખૂબ જ ઉપયોગી બનશે. ચોમાસામાં ભોગાવો નદીમાં વરસાદી પાણી ભરાવાના કારણે આ



રોડ વારંવાર બંધ રહેતો હતો. આજે આ લોકાર્પણથી આ સમસ્યાનો કાયમી સુઃખદ ઉકેલ આવ્યો છે. આ લોકાર્પણથી સુરેન્દ્રનગર શહેરીવાસીઓની સુખાકારીમાં વધારો થશે. આગામી દિવસોમાં સરકારશ્રી દ્વારા ડેમ પાસે પણ રૂ.૨૮ કરોડના ખર્ચે નવો બ્રિજ તૈયાર કરવામાં આવશે. જેનો પણ જિલ્લાવાસીઓને ખૂબ જ ટૂંકા સમયગાળામાં લાભ મળશે. સુરેન્દ્રનગર-દુધરેજ-વઢવાણ સંયુક્ત નગરપાલિકાને મહાનગર પાલિકા બનાવતા સરકારશ્રીનો આભાર વ્યક્ત કરતાં વધુમાં તેમણે ઉમેર્યું હતું કે, રાજ્ય સરકારે સુઆયોજિત શહેરી વ્યવસ્થાપન માટે સુરેન્દ્રનગર-વઢવાણ સંયુક્ત નગરપાલિકાનો મહાનગરપાલિકામાં સમાવેશ કર્યો છે. મહાનગરપાલિકા બનવાની સાથે જ સુરેન્દ્રનગર શહેર ખૂબ જ ઝપડથી પ્રગતિ કરશે અને શહેરના વિકાસને નવી ગતિ મળશે. આ પ્રસંગે પૂર્વ ધારાસભ્યશ્રી ધનજીભાઈ પટેલ, નગરપાલિકા પ્રમુખશ્રી જીજ્ઞાબેન પંડ્યા, તાલુકા પંચાયત પ્રમુખશ્રી જયેન્દ્રભાઈ પટેલ, નગરપાલિકા ઉપપ્રમુખશ્રી પંકજભાઈ પરમાર, કારોબારી ચેરમેનશ્રી જીતેન્દ્રસિંહ ચાવડા, અગ્રણી સર્વશ્રી મહેન્દ્રભાઈ પટેલ, તાલીમી આઈ.એ.એસ.શ્રી હિરેન બારોટ, ચીફ ઓફિસરશ્રી સાગરભાઈ રાડીયા ઉપસ્થિત રહ્યા હતા.

# ડાંગ જિલ્લા આરોગ્ય શાખા દ્વારા પંચાયતી રાજ સંસ્થાના પ્રતિનિધિઓ માટે યોજનાકીય જાણકારી અંગેનો વર્કશોપ યાજાયો

। (માહિતી) ડાંગ, તા.૧૨ ।

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની વિવિધ યોજનાઓ જન જન સુધી પહોચે તે માટે ડાંગ જિલ્લા પંચાયતની આરોગ્ય શાખા દ્વારા, જિલ્લા અને તાલુકા પંચાયતના પંચાયતી રાજ સંસ્થાના પ્રતિનિધિઓ માટે, સરકારી યોજનાઓની જાણકારી આપવા તેમજ લાભાર્થીઓને યોજનાઓના લાભ લેવા પ્રોત્સાહિત કરવા માટે આહવાના સર્કિટ હાઉસ ખાતે આરોગ્ય વિભાગની યોજનાકીય જાણકારી અંગેના વર્કશોપનુ આયોજન કરવામા આવ્યુ હતુ. પરીવારમા બીમારીઓ તેમજ અકસ્માત જેવી નાની મોટી ઘટનાઓ બને છે, ત્યારે આરોગ્ય વિભાગની યોજનાઓ ખુબ જ ઉપયોગી સાબીત થાય છે. જેથી આરોગ્યની યોજનાઓ લોકો સુધી પહોચવી ખુબ જ જરૂરી છે. તેમ આહવા તાલુકા પંચાયતના પ્રમુખ શ્રી



સુરેશભાઈ ચૌધરીએ આ પ્રંસગે જણાવ્યું હતું. ડાંગ જિલ્લાના અધિક જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડો. હિમાંશુ ગામિત દ્વારા તમામ જન પ્રતિનિધિઓને આરોગ્ય શાખા હસ્તકની સરકારી યોજનાઓ વિશે જાણકારી આપી જન જન સુધી યોજનાઓના પ્રચાર, તેમજ લાભાર્થીઓને યોજનાકિય માહિતી આપી લાભાર્થીઓને સાચી દિશામા માર્ગદર્શન પુરુ પાડવા અનુરોધ કરાયો હતો.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે તમારૂં અવિચારી વર્તન તમારા મિત્ર માટે કેટલીક સમસ્યાઓ સર્જી શકે છે. જે લોકો લઘુ ઉદ્યોગ કરે છે તે લોકો ને આજે પોતાના કોઈ નજીકી દ્વારા સલાહ મળી શકે છે જેના દ્વારા તેમને આર્થિક લાભ થવા ની શક્યતા છે. તમે ભાગ્યે જ મળતા હો એવા લોકો સાથે સંપર્ક સાધવા માટે સારો દિવસ. પ્રેમ જીવન આજે વિવાદાસ્પદ બની શકે છે.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે તમારો માયાળુ સ્વભાવ આજે અનેક ખુશીભરી ક્ષણો લાવશે. વિવિધ સ્થળેથી આર્થિક લાભ મળી રહેશે. પોતાની જાત પર દયા ખાવામાં સમય વેડફશો નહીં, એના કરતાં જીવનના પાઠ શીખવાનો પ્રયાસ કરજો. તમારૂં પ્રિયપાત્ર વચનબદ્ધતાની અપેક્ષા રાખશે-તમને પાળવામાં મુશ્કેલી પડે તેવા વચનો આપ તા નહીં.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે તમારૂં માનસિક સ્વાસ્થ્ય જાળવો-આધ્યાત્મિક જીવન માટે તે પૂર્વશરત છે. મગજએ તમારા જીવનનું પ્રવેશદ્વાર છે કેમ કે સારૂં-ખરાબ બધું જ તેના વાટે તમારા મગજમાં પ્રવેશે છે. તે જીવનની સમસ્યાઓને ઉકેલવામાં મદદ કરે છે તથા વ્યક્તિના જીવનમાં જરૂરી એવો પ્રકાશ રેલાવે છે. પોતાના જીવનસાથી જોડે તમે આજે ભવિષ્ય માટે ની કોઈ યોજના બનાવી શકો છો અને શક્યતા છે કે તે યોજના સફળ પણ થાય.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે સ્વાસ્થ્ય સારૂં રહેશે પણ મુસાફરી મુશ્કેલ તથા થકવનારી પુરવાર થશે. રાત્રી ના સમયે આજે તમને ધન લાભ થવા ની પૂરી શક્યતા છે કે કેમ કે તમારા દ્વારા આપેલું ધન આજે પાછું આવી શકે છે. ટપાલ દ્વારા આવેલો પત્ર આખા પરિવાર માટે ખુશીના સમાચાર લાવશે. આજના અદભુત દિવસે તમારા સંબંધોમાંની તમામ ફરિયાદો તથા તથા રોષ આજે અદશ્ય થઈ જશે.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે તમારા બાળકનો દેખાવ તમને અનહદ આનંદ આપશે. અયોગ્ય આર્થિક સ્થિતિને કારણે કેટલાક મહત્વના કાર્યો અટકી પડશે. દૂરના સ્થળેથી કોઈ સંબંધી તમારો સંપર્ક કરી શકે છે. સમય, કામ, નાણાં, મિત્રો, પરિવાર, સંબંધીઓ, બધું જ આજે એક તરફ હશે અને તમારા પ્રિયપાત્ર બીજી તરફ હશે, બધું જ એકમેકમાં સમાયેલું જણાશે.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે એવો દિવસ જ્યારે તમે આરામ કરી શકશો. તમારા શરીરને તેલથી માલિશ કરો અને તમારા સ્નાયુઓને આરામ આપો. આજે તમારી સામે રજૂ કરવામાં આવતી રોકાણ યોજનાઓ તરફ તમારે બેવાર જોઈ લેવું. તમારા ઉદાર વર્તનનો લાભ તમારા બાળકોને ન લેવા દો. રોમાન્સમાં ઓટ આવશે અને તમારી મોંઘી ભેટ-સોગાદો પણ આજે જાદુ નહીં સર્જી શકે.

**તુલા (ર,ત) :**
આજના દિવસે આપવાનો તમારો સ્વભાવ છૂપા આશીર્વાદ સમાન સાબિત થશે કેમ કે શંકા, નાહિંમત થવું, શ્રદ્ધાનો અભાવ,લાલચ, જોડાણ,અહંકાર તથા ઈર્ષા જેવા દુર્ગુણોથી તમને મુક્ત કરશે. આજ ના દિવસે ઘર માં કોઈ ઈલેક્ટ્રિક વસ્તુ ખરાબ થવા ના લીધે તમારું ધન ખર્ચ થયી શકે છે. સામાજિક કાર્યક્રમો વગદાર તથા મહત્વના લોકો સાથે સંબંધ સુધારવા માટેની શ્રેષ્ઠ તક સાબિત થશે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે તમે જો યોગ્ય આરામ નહીં લેતા હો તો તમને અત્યંત થાક લાગશે અને તમને વધારાની આરામની જરૂર પડશે. ધન તમારા માટે જરૂરી છે પરંતુ ધન ને લયીને એટલું ગંભીર પણ ના થયી જાઓ કે તે તમારા સંબંધો બગાડી દે. ઘરના બાકી રહેલા કાર્યો તમારો સમય લેશે. તમારૂં સ્મિત તમારા પ્રિયપાત્રની ખુશા માટેની અકસીર દવા છે.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે ગર્ભવતી સ્ત્રીઓ જમીન પર ચાલતી વખતે ખાસ દરકાર રાખે અને શક્ય હોય તો ધૂમ્રપાન કરતા મિત્ર સાથે ઊભાં ન રહો કેમ કે તે તમારા ભાવિ બાળક માટે જોખમી પુરવાર થઈ શકે છે. પૈસા ની અછત આજે ઘર માં વિવાદ નું કારણ બની શકે છે, આવી સ્થિતિ માં તમારા ઘર ના લોકો સાથે કાળજીપૂર્વક વાત કરો અને તેમની સલાહ લો.

**મકર (ખ,જ) :**
આજના દિવસે મજા માટેની ટ્રીપ તથા સામાજિક મેળાવડા તમને નિરાંતવા તથા ખુશ રાખશે. તમારી જાતને મોટા ગ્રુપ સાથે સાંકળવાની પ્રવૃત્તિ ખૂબ જ મનોરંજક સાબિત થશે-પણ તમારો ખર્ચ ખાસ્સો વધી જશે. ઘરના વાતાવરણમાં તમે કોઈ ફેરફાર કરો તે પૂર્વે અન્યોની મંજૂરી છે કે નહીં તેની ખાતરી કરો. તમારા પ્રિયપાત્ર સાથે કેન્ડીફ્લૉસ તથા ટૉફી શૅર કરશો એવી શક્યતા જોવાય છે.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે બાળક જેવો તમારો સ્વભાવ સપાટી પર આવશે તથા તમે આનંદના મિજાજમાં હશો. આજનો દિવસ છેલ્લો છે એ રીતે જીવવાના તથા મનોરંજન પાછળ વધુ પડતો ખર્ચ કરવાના તમારા વલણ પ્રત્યે ધ્યાન આપો. સંબંધીઓ-મિત્રો એક સુંદર સાંજ માટે તમને મળવા આવશે. તમે વાસ્તવિક્તા સાથે મુકાબલો કરશો તેથી તમારે તમારા પ્રિયપાત્રને ભૂલી જવું પડશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે દોડધામભર્યો દિવસ હોવા છતાં સારો દિવસ. કોઈ નજીક ના મિત્રો થી અમુક વેપારીઓ ને સારું ધન લાભ થવા ની શક્યતા છે. આ ધન તમારી ઘણી મુશ્કેલીઓ ને દૂર કરી શકે છે. સાંજે મિત્રો સાથે બહાર જાવ-કેમ કે તે તમારી માટે કશુંક સારૂં કરશે. પ્રિયપાત્ર સાથે કેન્ડલ લાઈટમાં ભોજન શૅર કરશો. કામના સ્થળે તમારી ભૂલોનો એકરાર તમારી તરફેણમાં જશે.

**ન્યૂઝ બ્રિફ**

## ઈંગ્લેન્ડ સામેની બાકીની ત્રણ ટેસ્ટ માટે ભારતીય ટીમની જાહેરાત

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।

ઈંગ્લેન્ડ સામેની પાંચ ટેસ્ટ મેચોની શ્રેણીની બાકીની મેચો માટે ભારતીય ટીમની જાહેરાત કરવામાં આવી છે. અનુભવી બેટ્સમેન વિરાટ કોહલી આ શ્રેણીમાંથી સંપૂર્ણપણે બહાર છે. પારિવારિક કારણોસર તે પ્રથમ બે ટેસ્ટમાં રમી શક્યો નહોતો. ફાસ્ટ બોલર આકાશ દીપ સિંહને બાકીની મેચો માટે ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે. સિરીઝની ત્રીજી મેચ રાજકોટમાં રમાશે. ભારત અને ઈંગ્લેન્ડની ટીમો અત્યાર સુધી રમાયેલી બે ટેસ્ટમાં ૧-૧થી બરાબરી પર છે. ત્રીજી ટેસ્ટ ૧૫ ફેબ્રુઆરીથી રાજકોટમાં શરૂ થશે. જ્યારે ચોથી ટેસ્ટ ૨૩ ફેબ્રુઆરીથી રાંચીમાં રમાશે. શ્રેણીની પાંચમી અને અંતિમ ટેસ્ટ ૭ માર્ચથી ધર્મશાળામાં રમાશે. રોહિત શર્મા (કેપ્ટન), જસપ્રિત બુમરાહ (વાઈસ-કેપ્ટન), યશસ્વી જયસ્વાલ, શુભમન ગિલ, કેએલ રાહુલ, રજત પાટીદાર, સરફરાઝ ખાન, ધ્રુવ જુરેલ (વિકેટકીપર), કેએસ ભરત (વિકેટકીપર), આર અશ્વિન, રવીન્દ્ર જાડેજા, અક્ષર પટેલ, વોશિંગ્ટન સુંદર, કુલદીપ યાદવ, મોહમ્મદ સિરાજ, મુકેશ કુમાર, આકાશ દીપ.

## બેટરના રન આઉટ પર અપીલ ન કરાતા અમ્પાયરે આઉટ ન આપ્યો

। (એજન્સી) એડિલેડ, તા.૧૨ ।

ઓસ્ટ્રેલિયા અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચે બીજી ટી૨૦આઈમેચ ગઈકાલે એડિલેડના ઓવલ ગ્રાઉન્ડમાં રમાઈ હતી. આ મેચમાં ઓસ્ટ્રેલિયાએ વેસ્ટ ઈન્ડિઝને ૩૪ રને હરાવ્યું અને ૩ મેચની સીરિઝમાં ૨-૦ની અજેય સરસાઈ મેળવી હતી. પ્રથમ બેટિંગ કરતા ઓસ્ટ્રેલિયાએ વેસ્ટ ઈન્ડિઝને ૨૪૨ રનનો ટાર્ગેટ આપ્યો હતો. ટાર્ગેટનો પીછો કરતી વખતે વેસ્ટ ઈન્ડિઝની ઈનિંગ દરમિયાન એક વિચિત્ર દ્રશ્ય જોવા મળ્યું હતું. ઈનિંગ્સની છેલ્લી ઓવરમાં રન આઉટને લઈને થોડો વિવાદ થયો હતો, પરંતુ બાદમાં અમ્પાયરે ખેલાડીને રન આઉટ આપ્યો ન હતો. વેસ્ટ ઈન્ડિઝની ઈનિંગ્સની ૧૯મી ઓવર ચાલી રહી હતી ત્યારે આ ઘટના બની હતી. ક્રિઝ પર અલઝારી જોસેફ અને જેસન હોલ્ડર બેટિંગ કરી રહ્યા હતા. ઓવરના ત્રીજા બોલ પર અલઝારી જોસેફે કવર તરફ શોટ રમ્યો અને સિંગલ લેવા માટે દોડ્યો. ત્યાર પછી સ્પેન્સર જોન્સને નોન-સ્ટ્રાઈકર એન્ડ પર બેલ્સ ઉડાવી દીધા. પરંતુ બોલર કે કોઈ ઓસ્ટ્રેલિયન ખેલાડીએ અપીલ કરી ન હતી. અમ્પાયર પણ દરેક ખેલાડીને લાંબા સમય સુધી જોતો રહ્યો, પરંતુ કોઈ ઓસ્ટ્રેલિયન ખેલાડીએ અપીલ કરી નહીં. કોઈપણ ઓસ્ટ્રેલિયન ફિલ્ડર દ્વારા અપીલ ન કરતા અમ્પાયરે પણ કોઈ નિર્ણય ન આપ્યો.

### વિશ્વકપની ફાઈનલમાં ભારતનો કારમો પરાજય

# ઓસ્ટ્રેલિયા સામે ભારતની હાર થતા ફેન્સના દિલ તૂટ્યા

### અન્ડર-૧૯ વિશ્વકપમાં પણ ઓસ્ટ્રેલિયા સામે હાર્યું ભારત, ફાઈનલમાં ૭૯ રને થયો પરાજય થતા ફેન્સ નિરાશ

। (એજન્સી) બિનોની, તા.૧૨ ।

૧૯ નવેમ્બર ૨૦૨૩ના ઓસ્ટ્રેલિયાએ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં વિશ્વકપની ફાઈનલમાં ભારતને કારમો પરાજય આપી અનેક ફેન્સના દિલ તોડી નાખ્યા હતા. હવે તેના ત્રણ મહિના બાદ ફરી વિશ્વકપ ફાઈનલમાં ઓસ્ટ્રેલિયા સામે ભારતને હારનો સામનો કરવો પડ્યો છે. હવે અન્ડર-૧૯ વિશ્વકપની ફાઈનલમાં ઓસ્ટ્રેલિયાએ કમાલનું પ્રદર્શન કરતા ભારતીય ટીમનું ટાઈટલ જીતવાનું સપનું તોડી નાખ્યું છે. ઓસ્ટ્રેલિયાએ ટોસ જીતી પ્રથમ બેટિંગ કરતા ૫૦ ઓવરમાં ૭ વિકેટે ૨૫૩ રન બનાવ્યા હતા. જેના જવાબમાં ભારતીય ટીમ ૧૭૪ રન બનાવી ઓલઆઉટ થઈ ગઈ હતી અને તેણે ૭૯ રને હારનો સામનો કરવો પડ્યો છે. ઓસ્ટ્રેલિયા ચોથીવાર અન્ડર-૧૯ વિશ્વકપમાં વિજેતા બન્યું છે.

ઓસ્ટ્રેલિયાએ આપેલા લક્ષ્યનો પીછો કરવા ઉતરેલી ટીમ ઈન્ડિયાની શરૂઆત ખરાબ રહી હતી. અર્શિન કુલકર્ણી ૩ રન બનાવી કેલમ વિડલરનો શિકાર બન્યો હતો. ભારતે ધીમી શરૂઆત કરી અને પ્રથમ પાવરપ્લેમાં માત્ર ૨૮ રન બનાવ્યા હતા. ભારતને ૪૦ રનના સ્કોર પર મુશીર ખાનના રૂપ માં મોટો ઝટકો લાગ્યો હતો. મુશીર ૩૩ બોલમાં ૩ ચોગ્ગા સાથે ૨૨ રન બનાવી આઉટ થયો હતો.

સેમીફાઈનલમાં ભારતને શાનદાર જીત અપ ાવનાર ઉદય સહારન અને સચિન ધસ પણ ફાઈનલમાં



સારૂ પ્રદર્શન કરી શક્યા નહીં. ઉદય સહારન માત્ર ૮ રન બનાવી આઉટ થયો હતો. જ્યારે સચિન ધસ ૯ રન બનાવી આઉટ થયો હતો. ભારતે ૬૮ રનના સ્કોર પર ચાર વિકેટ ગુમાવી દીધી હતી. ભારતને પાંચમો ઝટકો પ્રિયાંશુ મોલિયાના રૂપમાં લાગ્યો હતો. મોલિયા ૨૧ બોલમાં ૯ રન બનાવી આઉટ થયો હતો.

ભારતીય ઓપનર આદર્શ સિંહે ખુબ ધીમી શરૂઆત કરી હતી. સિંહ શરૂઆતમાં સંઘર્ષ કરી રહ્યો હતો. પરંતુ તે ભારતની સાતમી વિકેટના રૂપમાં આઉટ થયો હતો. આદર્શ સિંહે ૭૭ બોલમાં ૪ ફોર અને ૧ સિક્સ સાથે ૪૭ રન બનાવ્યા હતા. તે બ્રેડમેનનો શિકાર બન્યો હતો. રાજ લિંબાણી શૂન્ય રન બનાવી આઉટ થયો હતો. મુરુગન અભિષેકે ૪૬ બોલમાં ૫ ચોગ્ગા અને ૧ સિક્સ સાથે ૪૨ રન બનાવ્યા હતા. સૌમ્ય પાંડે અંતિમ વિકેટના રૂપમાં આઉટ થયો હતો.

અન્ડર-૧૯ વિશ્વકપની ફાઈનલમાં ઓસ્ટ્રેલિયાએ પ્રથમ બેટિંગ કરતા ૫૦ ઓવરમાં ૭ વિકેટે ૨૫૩ રન બનાવ્યા હતા. આ અત્યાર સુધી રમાયેલા અન્ડર-૧૯ વિશ્વકપનો સૌથી મોટો સ્કોર છે. ઓસ્ટ્રેલિયા તરફથી હરજાસ સિંહે અડધી સદી ફટકારી હતી. સિંહે ૬૪ બોલમાં ૩ ફોર અને ૩ સિક્સ સાથે ૫૫ રન બનાવ્યા હતા. ઓસ્ટ્રેલિયા તરફથી કેપ્ટન હ્યુજ વેઈબજેને પણ ૬૬ બોલમાં ૫ ચોગ્ગાની મદદથી ૪૮ રન ફટકાર્યા હતા. આ સિવાય ઓપનર હેરી ડિક્ષોને ૫૬ બોલમાં ૩ ચોગ્ગા અને ૧ સિક્સ સાથે ૪૨ રન બનાવ્યા હતા. ઓસ્ટ્રેલિયન ટીમે પણ નિયમિત અંતરે વિકેટ ગુમાવી હતી. રોફ મેકમિલન ૨, અને વિકેટકીપર રેયાન હિક્સ ૨૦ રન બનાવી આઉટ થયા હતા. અંતિમ ઓવરોમાં ઓલિવર પીકે એક છેડો સાચવી ઓસ્ટ્રેલિયાનો સ્કોર ૨૫૦ને પાર પહોંચાડ્યો હતો. પીક ૪૩ બોલમાં ૨ ફોર અને ૧ સિક્સ સાથે ૪૬ રન બનાવી અણનમ રહ્યો હતો. ભારત તરફથી રાજ લિંબાણીએ ૧૦ ઓવરમાં ૩૮ રન આપી ત્રણ વિકેટ ઝડપી હતી. આ સિવાય નમન તિવારીને ૨ તથા મુશીર ખાન અને સૌમ્ય પાન્ડેને એક-એક વિકેટ મળી હતી.

### શ્રીલંકા-અફઘાનિસ્તાનની બીજી વન-ડે

## સ્પિનર હસરંગાનો જાદૂ, અફઘાને ૨૫ રનમાં નવ વિકેટ ગુમાવી

### હસરંગાએ શાનદાર બોલિંગ કરી અને ૬.૫ ઓવરના સ્પેલમાં ૨૭ રન આપીને ૪ વિકેટ ઝડપી લીધી હતી

। પલ્લેકેલે, તા.૧૨ ।

શ્રીલંકા અને અફઘાનિસ્તાન વચ્ચેની વન-ડેસીરિઝની બીજી મેચમાં શ્રીલંકાની ટીમે જીત મેળવી હતી. પલ્લેકેલેમાં રમાયેલી આ મેચમાં શ્રીલંકાની ટીમે પ્રથમ બેટિંગ કરીને ૩૦૮ રન બનાવ્યા હતા. જવાબમાં અફઘાનિસ્તાનની આખી ટીમ ૧૫૩ રનમાં સમેટાઈ ગઈ હતી. જો કે જ્યારે અફઘાનિસ્તાનની ટીમ રન ચેઝ કરવા માટે આવી ત્યારે તેની સ્થિતિ ઘણી મજબૂત દેખાઈ રહી હતી. પરંતુ ત્યારબાદ શ્રીલંકાના સ્ટાર સ્પિનર વાનિન્દુ હસરંગાએ પોતાની જાદુઈ બોલિંગથી બાજી પલટી દીધી હતી. માત્ર ૨૫ રનની અંદર અફઘાનિસ્તાનના ૯ બેટર્સ પેવેલિયન ભેગા થઈ ગયા હતા.

અફઘાનિસ્તાનની ટીમને ટાર્ગેટનો પીછો કરતા ૫ હેલો ઝાટકો ૩૧ રનના સ્કોર પર રહેમાનુલ્લાહ ગુરબાઝ (૮ રન)ના રૂપમાં લાગ્યો હતો. જો કે આ પછી ઈબ્રાહિમ ઝાદરાન અને રહમત શાહે ટીમની કમાન સંભાળી અને સ્કોર ૧૦૦ રનના ૫ ાર પહોંચવી દીધો હતો. બંને ખેલાડીઓને બેટિંગ કરતા જોઈ લાગી રહ્યું હતું કે અફઘાનિસ્તાન આ મેચ આસાનીથી જીતી જશે. પરંતુ ત્યારબાદ શ્રીલંકાનો સ્ટાર સ્પિનર વાનિન્દુ હસરંગા બોલિંગ કરવા આવ્યો હતો. હસરગા પહેલા અસિથા ફર્નાન્ડોએ ૧૨૮ રનના સ્કોર પર ઈબ્રાહિમ ઝાદરાન (૫૪ રન)ને આઉટ કર્યો હતો. આ પછી હસરંગાએ પોતાની જાદુઈ બોલિંગ શરુ કરી અને સેટ દેખાઈ રહેલા રહમત શાહ (૬૩ રન)ને પેવેલિયન પરત કર્યો હતો. ત્યારબાદ હસરંગાએ અફઘાનિસ્તાનના કેપ્ટન હસમતુલ્લાહ શાહિદી (૯ રન), મોહમ્મદ નબી (૧ રન) અને ગુલબદિન નાયબ (૦ રન)ને પણ આઉટ કર્યો હતો.

## રાજકોટમાં યોજાનારી મેચ પહેલા ઈંગ્લેન્ડની ટીમને મોટો ઝટકો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે પાંચ ટેસ્ટ મેચની સિરીઝની ત્રીજી મેચ ૧૫ ફેબ્રુઆરીથી રાજકોટમાં રમાશે. બંને ટીમો વચ્ચેની સિરીઝ હાલમાં ૧-૧થી બરાબર છે. રાજકોટમાં યોજાનારી મેચ પહેલા ઈંગ્લેન્ડની ટીમને મોટો ઝટકો લાગ્યો છે. તેનો અનુભવી સ્પિનર જેક લીચ શ્રેણીની બાકીની મેચોમાંથી બહાર થઈ ગયો છે.

ઘૂંટણની ઈજાને કારણે તે બીજી મેચમાં રમ્યો નહોતો. હવે તે રાજકોટ, રાંચી અને ધર્મશાળામાં યોજાનારી મેચોમાં પણ નહીં રમે. જેક લીચને બાકાત રાખવા અંગેની માહિતી ઈંગ્લેન્ડ એન્ડ વેલ્સ ક્રિકેટ બોર્ડ (ECB) દ્વારા રવિવારે (૧૧ ફેબ્રુઆરી) આપ વામાં આવી હતી. ઈંગ્લેન્ડે પુષ્ટિ કરી છે કે ટીમ કોઈ રિપ્લેસમેન્ટને બોલાવશે નહીં. તેમની ટીમમાં પાર્ટ ટાઈમ જો રૂટ સહિત ચાર સ્પિનરો છે. જેક લીચને હૈદરાબાદમાં પ્રથમ ટેસ્ટ દરમિયાન ઘૂંટણમાં ઈજા થઈ હતી. આ મેચમાં ઈંગ્લેન્ડ જીત્યું હતું. ડાબોડી



સ્પિનર લીચ વિશાખાપટ્ટનમમાં રમાયેલી બીજી ટેસ્ટમાં ભાગ લઈ શક્યો નહોતો અને ઈંગ્લેન્ડે તેની ગેરહાજરી અનુભવી હતી. લીચ બીજી ટેસ્ટ બાદ બાકીની ટીમ સાથે આગામી મેચ પહેલા નવ દિવસનો વિરામ પસાર કરવા માટે અબુ ધાબી ગયો. રવિવારે, ઈઝમ્એ કહ્યું કે તે અબુ ધાબીથી ઘરે પરત ફરશે અને ફિટનેસ પર કામ કરશે. ઈસીબીએ જણાવ્યું હતું કે, "જેક લીચ આગામી ૨૪ કલાકમાં અબુ ધાબીથી ઘરે જશે, જ્યાં ઈંગ્લેન્ડની ટીમ રાજકોટમાં ત્રીજી ટેસ્ટ પહેલા સ્થિત છે." લીચ તેની ફિટનેસને લઈને ઈંગ્લેન્ડ અને સમરસેટની મેડિકલ ટીમો સાથે મળીને કામ કરશે.

## સૌથી વધુ રન બનાવનારા ટોચના બેટરમાં ત્રણ ભારતીય

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।

ભારત સામેની ફાઈનલ મેચમાં ઓસ્ટ્રેલિયાએ ૭૯ રનથી જીત મેળવીને અંડર-૧૯ વર્લ્ડકપની ચોથી ટ્રોફી જીતી લીધી હતી. ઓસ્ટ્રેલિયા છેલ્લે અંડર-૧૯ વર્લ્ડકપ ૨૦૧૦માં ચેમ્પિયન બન્યું હતું. સમગ્ર ટૂર્નામેન્ટમાં ઓસ્ટ્રેલિયાના ખેલાડીઓનું પ્રદર્શન શાનદાર રહ્યું હતું, તમામ ખેલાડીઓએ શાનદાર પ્રદર્શન કર્યું હતું અને ટીમની જીતમાં મહત્વની ભૂમિકા ભજવી હતી. ટૂર્નામેન્ટમાં ઓસ્ટ્રેલિયા એકમાત્ર એવી ટીમ હતી જેને કોઈ હરાવી શક્યું ન હતું. જો કે તેમ છતાં, તેનો કોઈ પણ ખેલાડી ટૂર્નામેન્ટમાં સૌથી વધુ રન બનાવનાર અથવા વિકેટ લેનારા બોલરોની યાદીમાં ટોપ પર નથી. અંડર-૧૯ વર્લ્ડકપ ૨૦૨૪માં સૌથી વધુ રન બનાવનાર ટોપ-૫ બેટરની યાદીમાં ભારતીય ક્રિકેટ ટીમનો કેપ્ટન ઉદય સહારન ટોપ પર છે. તેણે ટુર્નામેન્ટની ૭ મેચોમાં ૫૬.૭૧ની એવરેજ સાથે ૩૯૭ રન બનાવ્યા હતા. આ દરમિયાન તેણે એક સદી અને ત્રણ ફિફ્ટી ફટકારી હતી. ભારતીય ટીમમાંથી ઉદય સહારન ઉપરાંત મુશીર ખાન અને સચિન ધાસને આ યાદીમાં સ્થાન મળ્યું છે, જ્યારે ઓસ્ટ્રેલિયા તરફથી હેરી ડિક્સન અને હ્યુગ વિબગેનનો સમાવેશ કરવામાં આવ્યો છે. ટૂર્નામેન્ટમાં સૌથી વધુ વિકેટ લેનારા બોલરોની વાત કરીએ તો સાઉથ આફ્રિકા ટીમનો ફાસ્ટ બોલર ક્વેના મફાકા ૨૧ વિકેટ સાથે ટોપ પર છે. મફાકાએ ટુર્નામેન્ટ દરમિયાન બે વખત ૫ વિકેટ અને એક ઈનિંગમાં ૬ વિકેટ ઝડપી હતી. ભારત સામેની સેમિફાઈનલમાં પણ તેનું પ્રદર્શન શાનદાર રહ્યું હતું. તેણે ૧૦ ઓવરના ક્વોટામાં ૩૨ રન આપીને ૩ વિકેટ લીધી હતી. મફાકાને તેના શ્રેષ્ઠ પ્રદર્શન માટે પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટનો એવોર્ડ પણ આપવામાં આવ્યો હતો. ટોપ-૫ વિકેટ લેનારા બોલરોની યાદીમાં એકમાત્ર ભારતીય નામ સૌમ્ય પાંડેનું છે, જેણે કુલ ૧૮ વિકેટ લીધી હતી.

### બીસીસીઆઈની ક્રિકેટરોને ચેતવણી

## તમામ ખેલાડીને પોતાની ટીમ માટે રણજી રમવા કહેવાશે

### રણજી ટ્રોફીમાં આઈપીએલ મોડમાં આવતા ખેલાડીઓથી બીસીસીઆઈ ખૂબ નારાજ, ઈશાન કિશન નિશાના પર

। નવી દિલ્હી, તા.૧૨ ।

બીસીસીઆઈ એવા ક્રિકેટરોને એક મજબૂત સંદેશ મોકલવાની તૈયારી કરી રહ્યું છે જેઓ ન તો ભારતીય ટીમનો ભાગ છે અને ન તો રણજી ટ્રોફી જેવી મહત્વપૂર્ણ ડોમેસ્ટિક ટુર્નામેન્ટમાં ભાગ લઈ રહ્યા છે. બીસીસીઆઈઆવા ખેલાડીઓથી નારાજ છે અને ટૂંક સમયમાં તેમની સામે આદેશ જારી કરી શકે છે. આ યાદીમાં વિકેટકીપર બેટર ઈશાન કિશનનું નામ સૌથી આગળ છે.

સાઉથ આફ્રિકાના પ્રવાસ દરમિયાન ઈશાને અચાનક ટીમ મેનેજમેન્ટ પાસેથી બ્રેકની માંગ કરી હતી, ત્યારબાદ તે સતત ક્રિકેટથી દૂર છે. ભારતીય ક્રિકેટ ટીમના હેડ કોચ રાહુલ દ્રવિડે કહ્યું હતું કે, "જો ઈશાન કિશન ટીમમાં વાપસી કરવા ઈચ્છે છે તો તેણે થોડું ક્રિકેટ રમવું પડશે." જો કે ઈશાને અત્યાર સુધી રણજી ટ્રોફીની એકપણ મેચ રમી નથી. થોડા દિવસો પહેલા સમાચાર મળ્યા હતા કે ઈશાન કિશન પંડ્યા બ્રધર્સ સાથે પ્રેક્ટિસ શરુ કરી દીધી છે. આવી સ્થિતિમાં એવી અટકળો લગાવવામાં આવી રહી હતી કે ઈશાન કિશન રણજી ટ્રોફી માટે નહીં પરંતુ આઈ પીએલની તૈયારી કરી રહ્યો છે. આવી સ્થિતિમાં રણજી ટ્રોફી દરમિયાન આઈપીએલમોડમાં આવતા ખેલાડીઓથી બીસીસીઆઈખૂબ નારાજ છે.

બીસીસીઆઈના સુત્રે જણાવ્યું, "આગામી થોડા દિવસોમાં તમામ ખેલાડીઓને બીસીસીઆઈદ્વારા રણજી ટ્રોફીમાં તેમના રાજ્યની ટીમ માટે રમવાની જાણ કરવામાં આવશે. જે ખેલાડીઓ રાષ્ટ્રીય ફરજ પર હોય અથવા અનફિટ છે અને એનસીએમાં રિહેબમાંથી પસાર થઈ રહ્યા છે તેમને જ છૂટ આપવામાં આવશે. બોર્ડ એવા કેટલાક ખેલાડીઓથી ખુશ નથી જેઓ જાન્યુઆરીથી "- મોડમાં આવી ગયા છે." જો કે સુત્રે ખુલ્લેઆમ અહીં કોઈ ખેલાડીનું નામ લીધું નથી, પરંતુ સમજી શકાય છે કે આ ચેતવણી માત્ર ઈશાન કિશન માટે છે.

**વિશેષ** | ભારતીય ક્રિકેટ ટીમના ઓલ-રાઉન્ડર હાર્દિક પંડ્યા અને બીસીસીઆઈના સેક્રેટરી જય શાહની પ્રોત્સાહક ઉપસ્થિતિ

# કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહ અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સાંસદ ખેલકૂદ સ્પર્ધા અંતર્ગત 'ગાંધીનગર લોકસભા પ્રીમિયર લીગ'નો પ્રારંભ કરાવ્યો

। (માહિતી) અમદાવાદ ।

કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહ અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદના છારોડી SGVP ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતેથી 'ગાંધીનગર લોકસભા પ્રીમિયર લીગ'નો પ્રારંભ કરાવ્યો હતો. સાંસદ ખેલકૂદ સ્પર્ધા અંતર્ગત SGVP કેમ્પસ ખાતે યોજાનાર 'ગાંધીનગર લોકસભા પ્રીમિયર લીગ'માં ગાંધીનગર લોકસભા વિસ્તારની ૧૦૭૮ ટીમો ભાગ લેશે. ભારતીય ક્રિકેટ ટીમના ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યા અને બીસીસીઆઈના સેક્રેટરી શ્રી જય શાહ પણ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ટ્રોફીનું અનાવરણ કરીને કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહ અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે સ્પર્ધાને ખુલ્લી મૂકી હતી તથા ગાંધીનગર ઉત્તર અને ઘાટલોડિયા વચ્ચેની પ્રથમ મેચ નિહાળી હતી.

ગાંધીનગર લોકસભા પ્રીમિયર લીગનું અમદાવાદ ખાતે ઉદઘાટન કરતા કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતું કે ૨૦૩૬ની ઓલિમ્પિક ગેમ્સ અમદાવાદમાં જ યોજાશે અને ૨૦૪૭માં ભારત પોતાની આઝાદીની શતાબ્દી મનાવી રહ્યું હશે ત્યારે ઓલિમ્પિકમાં ગોલ્ડ મેડલમાં ભારત ટોપ પર હશે, એની ખાતરી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈના નેતૃત્વમાં છેલ્લાં ૧૦ વર્ષમાં અન્ય



ક્ષેત્રોની જેમ રમતગમત ક્ષેત્રે પણ ખૂબ જ વિકાસ જોવા મળ્યો, એનાં ભવ્ય પરિણામ આગામી ૨૫ વર્ષોમાં જોવા મળશે, એવું તેમણે ઉમેર્યું હતું.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં માત્ર ક્રિકેટ જ નહીં પરંતુ તમામ રમતોને પ્રોત્સાહન પૂરું પાડવામાં આવ્યું છે.આધુનિક સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો વિકાસ, સઘન તાલીમ, પારદર્શક પસંદગી વ્યવસ્થા, એથ્લેટ્સના સ્વાસ્થ્યની વિશેષ કાળજી થકી રમતવીરોને પ્રોત્સાહન મળ્યું છે, જેના પરિણામો આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે જોવા મળ્યા છે. આંતરરાષ્ટ્રીય સ્પ ર્ધાઓમાં ભારતીય ખેલાડીઓના પર્ફોર્મન્સમાં આવેલા સુધારાનો વિશેષ ઉલ્લેખ કરીને કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું હતું કે ઓલિમ્પિકમાં આપણે માત્ર બે મેડલ જીતતા હતા, તાજેતરમાં સાત મેડલ જીત્યા છીએ. પેરાલિમ્પિકમાં પહેલા આપણે ૪ મેડલ જીત્યા હતા, જેની સામે ૨૦૨૦માં પેરાલિમ્પિકમાં આપણે ૧૯ મેડલ જીત્યા.

એશિયન ગેમ્સમાં ૫૭ની સામે ૨૦૨૩માં ૧૦૭ મેડલ જીત્યા છીએ. પેરા એશિયન ખેલમાં ૩૩ની સામે ૨૦૨૨માં આપણે ૧૧૧ પદક હાંસલ કર્યા છે. કોમનવેલ્થમાં ૧૫ ગોલ્ડ મેડલની સામે દેશના ખેલાડીઓ હવે ૨૬ ગોલ્ડ મેડલ જીતી લાવ્યા છે. વધુમાં શ્રી અમિતભાઈએ જણાવ્યું હતું કે શ્રી નરેન્દ્રભાઈએ સ્પોર્ટ્સ ક્ષેત્રે જે પાયો નાખ્યો છે, તેના પર ભવ્ય ઈમારત ચણાશે, જેમાં દેશની રાજ્ય સરકારોની સાથે સાથે દેશના યુવાનોનું મહત્ત્વ પૂર્ણ યોગદાન હશે. દેશના રમતવીરો વિશ્વમાં નામના અપાવશે, એવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો.

તાજેતરમાં સંપન્ન થયેલ ગાંધીનગર સાંસદ ખેલકૂદ સ્પર્ધાની વાત કરતા શ્રી અમિતભાઈએ જણાવ્યું હતું કે કુલ ૩૭,૮૦૦ ખેલાડીઓએ જુદી જુદી ૪૨ રમતોમાં ભાગ લીધો હતો. આ ૪૨ રમતમાં ક્રિકેટનો સમાવેશ નહોતો કરાયો, જેથી યુવાનોને ભારતીય સંસ્કૃતિનાં મૂલ્યો શીખવે એવી દેશી રમતોને પૂરતું પ્રોત્સાહન મળે. આજથી શરૂ થવા જઈ રહેલ ગાંધીનગર લોકસભા પ્રીમિયર લીગમાં ૧૦૭૮ ટીમો ભાગ લઈ રહી છે અને ૧૬,૧૦૦ ખેલાડીઓ રમવાના છે, જે રાજ્યમાં વધી રહેલા સ્પોર્ટ્સ કલ્ચરને દર્શાવે છે, એવું તેમણે ઉમેર્યું હતું. કેન્દ્રીય મંત્રીશ્રીએ ખેલાડીઓને પ્રોત્સાહન આપતા જણાવ્યું હતું કે રમતમાં હાર અને જીત બંને હોય છે. હારશો તો જીતવાનું જુનૂન પેદા થશે, અગાઉની જીતનો અહંકાર ચૂરચૂર થશે. હારથી હતાશ નથી થવાનું અને જીતથી અહંકાર નથી લાવવાનો, આપણી સામે જીતનાર કે હારનાર આપણો ભાઈ જ હોય છે, આવી ભાવના ખેલદિલી પેદા કરે છે. કેન્દ્રીય મંત્રીશ્રીએ જણાવ્યું કે સાંસદ ખેલકુદ સ્પર્ધા તેમજ ગાંધીનગર સાંસદ ક્રિકેટ લીગ (જીએલપીએલ)નો આ પ્રારંભ છે અને તેનો ક્યારેય અંત આવવાનો નથી, એવી તેમણે ખાતરી આપી હતી.

ગાંધીનગર લોકસભા પ્રીમિયર લીગના ઉદ્ઘાટન પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સ્પોર્ટ્સ ક્ષેત્રે યુવાનોને આગળ વધવા પોટેન્શિયલ પ્લેટફોર્મ = પરફોર્મન્સનું આગવું સૂત્ર આપ્યું છે. કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહના માર્ગદર્શનમાં ગાંધીનગર લોકસભા મતવિસ્તારમાં યોજાઈ રહેલી 'ગાંધીનગર લોકસભા પ્રીમિયર લીગ'(GLPL)યુવાનોને પ્લેટફોર્મ પૂરું પાડીને તેમના પોટેન્શિયલને બહાર લાવવાનો ઉપક્રમ છે, એમ તેમણે ઉમેર્યું હતું. સાંસદ ખેલકૂદ સ્પર્ધા અને સાંસદ જન મહોત્સવ અંગે વાત કરતા મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહના માર્ગદર્શનમાં જન ભાગીદારીથી જન વિકાસને સાકાર કરવા અને કલ્ચર, સ્પોર્ટ્સ તથા હેલ્થી લાઈફ સ્ટાઈલને પ્રમોટ કરવાના હેતુસર સાંસદ જન મહોત્સવનો પ્રારંભ કરવામાં આવ્યો છે. 'ખેલે તે ખીલે'ના સૂત્ર સાથે વડાપ્રધાનશ્રી એ શરૂ કરાવેલી સાંસદ ખેલ કૂદ સ્પર્ધા અંતર્ગત GLPL જેવી સ્પર્ધાઓ યોજાઈ રહી છે.

## ન્યૂઝ બ્રિફ

### સુરેન્દ્રનગરના થાનગઢના જોગસરમાં અસામાજિક તત્વો બેફામ બન્યા

। સુરેન્દ્રનગર, તા.૧૨ ।

સુરેન્દ્રનગરના થાનગઢના જોગસરમાં અસામાજિક તત્વો બેફામ બન્યા છે. સિરામિક કારખાનેદાર પાસે રોજની ૨૦ હજારની ખંડણી માગી હોવાનું સામે આવ્યુ છે. કારમાં આવેલા શખ્સોએ કારખાનાના વોચમેનને છરો બતાવી ધમકી આપી હતી. રાજ્યમાં અવારનવાર અસામાજીક તત્વોનો આતંક જોવા મળતો હોય છે. ત્યારે ફરી એકવાર સુરેન્દ્રનગરમાં અસામાજીક તત્વોનો આતંક સામે આવ્યો છે. સુરેન્દ્રનગરના થાનગઢના જોગસરમાં અસામાજિક તત્વો બેફામ બન્યા છે. સિરામિક કારખાનેદાર પાસે રોજની ૨૦ હજારની ખંડણી માગી હોવાનું સામે આવ્યુ છે.

### વિજાપુરના પાટીદાર આગેવાન નાથાલાલ પટેલે રાજીનામું આપ્યું

। વિજાપુર, તા.૧૨ ।

કોંગ્રેસને એક બાદ એક ઝટકા લોકસભાની ચૂંટણી પહેલા મળી રહ્યા છે. કોંગ્રેસના વિજાપુરના પાટીદાર આગેવાન નાથાલાલ પટેલે પણ હવે રાજીનામું ધરી દીધુ છે. કોંગ્રેસ પક્ષની અને નેતાઓની નિષ્ક્રિયતાને લઈ રાજીનામું ધરી રહ્યા હોવાનો પત્ર પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ શક્તિસિંહ ગોહિલને લખ્યો છે. નાથાલાલ પટેલ કોંગ્રસ તરફથી વર્ષ ૨૦૧૭માં વિજાપુરના ઉમેદવાર રહ્યા હતા.વિજાપુરના ધારાસભ્ય સીજે ચાવડાએ રાજીનામું ધર્યા બાદ વધુ એક ઝટકો વિજાપુરથી કોંગ્રેસને લાગ્યો છે. વિધાનસભાના વર્ષ ૨૦૧૭ના ઉમેદવાર નાથાલાલ પ્રભુદાસ પટેલે કોંગ્રેસમાંથી રાજીનામું ધરી દીધુ છે.

### અમદાવાદના જેતલપુર ખાતે

# ગૃહમંત્રી અમિત શાહના હસ્તે ઇન્સ્ટિટ્યૂટ ઓફ ફોરેન્સિક સાયન્સ એન્ડ સાયબર સિક્યુરિટીના નવા વિભાગનું ઉદ્‌ઘાટન કરાયું

। અમદાવાદ, તા.૧૨ ।

અમદાવાદ જિલ્લાના દસ્ક્રોઈ તાલુકાના જેતલપુર તાલુકામાં આવેલ નરનારાયણ શાસ્ત્રી ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી કોલેજના નવા વિભાગ ફોરેન્સિક સાયન્સ અને સાયબર સિક્યુરિટી વિભાગનું કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે ઉદ્‌ઘાટન કર્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી (NFSU) દ્વારા માન્યતાપ્રાપ્ત રાજ્યની એકમાત્ર કોલેજ છે કે જેમાં વિદ્યાર્થીઓ ફોરેન્સિક સાયન્સ અને સાયબર સિક્યુરિટીનું શિક્ષણ મેળવી શકશે. આ પ્રસંગે કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે સૌપ્રથમ જેતલ પુર ગામ વિશે વાત કરતાં જણાવ્યું હતું કે, જેતલપુર ગામ ભગવાન શ્રી સ્વામિનારાયણની પ્રસાદીનું ગામ છે. અહીં અનેક વાર ભગવાન શ્રી સ્વામિનારાયણ પધાર્યા છે. આ ગામ સાથે મારી અનેક યાદો જોડાયેલી છે, તેવું તેમણે ઉમેર્યું હતું. સ્વામિનારાયણ સંપ્રદાય વિશે શ્રી અમિતભાઈ શાહે ગૌરવભેર જણાવ્યું હતું કે, આ સંપ્રદાય દ્વારા અત્યાર સુધી જગતના કલ્યાણ અર્થે અનેકવિધ કાર્યો કર્યા




છે. પરિવારો મજબૂત બને અને ભારતીય સંસ્કૃતિ સુદૃઢ બને તે હેતુથી સત્સંગ સભા યોજવાનું કામ પણ આ સંપ્રદાય કરી રહ્યો છે. સ્વામિનારાયણ સંપ્રદાય દ્વારા શિક્ષણ ક્ષેત્રે કરેલા કામ વિશે ગૃહમંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, સ્વામિનારાયણ સંપ્રદાય દ્વારા અનેક જગ્યાએ ગુરુકુળ સ્થાપી શિક્ષણના ક્ષેત્રમાં આપેલું બહુમૂલ્ય યોગદાન અપાયું છે. જેતલપુરને પણ શિક્ષાનું ધામ બનાવ્યું છે ત્યારે અહીં ફોરેન્સિક સાયન્સ અભ્યાસક્રમ શરૂ કરી આધુનિક શિક્ષણ આપવાની દિશામાં કામ કર્યું છે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાત ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીની સ્થાપના કરી અને જ્યારે વડાપ્રધાન બન્યા ત્યારે તે યુનિવર્સિટીને નેશનલ દરજ્જો આપી નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી બનાવી. વધુમાં ગૃહમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, દેશમાં ફોરેન્સિક સાયન્સની ૯મી કોલેજ જેતલપુર ખાતે શરૂ થઈ છે.

### પૂર્વ ધારાસભ્ય સી જે ચાવડા ભાજપમાં જોડાયા

# પ્રદેશ અધ્યક્ષ સી આર પાટીલના હસ્તે સી જે ચાવડાએ કેસરિયા કર્યા



। (એજન્સી) વિજાપુર, તા.૧૨ ।

વિજાપુરના પૂર્વ ધારાસભ્ય સી જે ચાવડા ભાજપમાં જોડાયા છે, તેમની સાથે તેમના કાર્યકરો પણ ભાજપમાં જોડાયા છે. કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય સી જે ચાવડાએ પ્રદેશ ભાજપ ના અધ્યક્ષ સી આર પાટીલના હસ્તે કેસરિયો ધારણ કર્યો છે. વિજાપુર ખાતે સી જે ચાવડા સાથે અનેક હોદ્દેદારો અને મોટી સંખ્યામાં કોંગ્રેસના કાર્યકરો ભાજપમાં જોડાયા છે. જેમાં મોટી સંખ્યામાં કાર્યકરો અને આગેવાનોને ઉપસ્થિત રહ્યાં હતાં. આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલ, બહુચરાજી, ઊંઝા, કડીના ધારાસભ્યો, લોકસભા સાંસદ શારદાબેન પટેલ અને દૂધસાગર ડેરીના ચેરમેન અને પૂર્વ ગૃહમંત્રી વિપુલ ચૌધરી પણ આ પ્રસંગે હાજર રહ્યાં હતાં. સી.જે. ચાવડાની સફર કોંગ્રેસ સાથે લાંબી રહી હતી. દાયકાઓની કોંગ્રેસની સફરમાંથી હવે સી.જે.ચાવડાએ પોતાનો રસ્તો બદલ્યો છે અને કોંગ્રેસમાંથી રાજીનામું આપ્યા બાદ ભાજપમાં જોડાયા છે. તેમણે કહ્યું કે, મેં ધારાસભ્ય પદથી અને કોંગ્રેસમાંથી રાજીનામુ આપી દીધું છે. વધુમાં કહ્યું કે, હવે હું ભાજપમાં જોડાઈ ગયો છું અને મેને જે કામગીરી આપવામાં આવશે તે કામગીરી કરીશ. મને ખ્યાલ છે કે, આ વિજાપુર તાલુકામાં કોને શું જોઈએ છે. તેમણે કોંગ્રેસ પર પ્રહાર કરતા કહ્યું કે, કોંગ્રેસ જે રસ્તે ચાલે છે તે રસ્તે હું ચાલી શક્તો નથી. કોંગ્રેસ સારી બાબતને વખાણી શકવાની ક્ષમતા ગુમાવી ચુકી છે. રામમંદિરનો વિરોધ કરવો કોંગ્રેસ માટે યોગ્ય નથી.

### ૧૨ અલ્ટ્રાફાસ્ટ સ્ટેશનને કેન્દ્રીય ગૃહ પ્રધાન દ્વારા શરુ કરાયા

# અમદાવાદમાં ૧૨ ઇલેક્ટ્રિક ચાર્જિંગ સ્ટેશન ખુલ્લા મુકાયા

। (એજન્સી) અમદાવાદ, તા.૧૨ ।

સરકાર દ્વારા ઈલેક્ટ્રીક વ્હીકલ માટે પોલિસી તો બનાવી દેવામાં આવી હતી, પરંતુ અમદાવાદમાં ચાર્જિંગ સ્ટેશનનું ઈન્ફ્રાસ્ટ્રકચર ઊભું થયુ ન હતુ.જેના કારણે ઈલેક્ટ્રીક વાહન ખરીદી લેનારા અને ખરીદવા ઈચ્છતા લોકોમાં મુંઝવણ રહેતી હતી.જો કે હવે અમદાવાદમાં આજથી ૧૨ ઈલેક્ટ્રિક ચાર્જિંગ સ્ટેશન ખુલ્લા મૂકાશે. સરકાર દ્વારા ઈલેક્ટ્રીક વ્હીકલ માટે પોલિસી તો બનાવી દેવામાં આવી હતી, પરંતુ અમદાવાદમાં ચાર્જિંગ સ્ટેશનનું ઈન્ફ્રાસ્ટ્રકચર ઊભું થયુ ન હતુ. જેના કારણે ઈલેક્ટ્રીક વાહન ખરીદી લેનારા અને ખરીદવા ઈચ્છતા લોકોમાં મુંઝવણ રહેતી હતી.જો કે હવે અમદાવાદમાં આજથી ૧૨ ઈલેક્ટ્રિક ચાર્જિંગ સ્ટેશન ખુલ્લા મૂકાશે. લોકોમાં મુંઝવણ રહેતી હતી કે પોતાના ઈફ વાહનોને ચાર્જ કયા કરવા, કેમકે ઘરે જે ચાર્જિંગ પોઈન્ટ હોય છે તે એટલા ફાસ્ટ હોતા નથી અથવા તમામ લોકો પાસે




ચાર્જિંગની વ્યવસ્થા હોતી નથી.જેના કારણે લોકો ઈફ વાહન ખરીદતા પહેલા વીચારતા હતા. હવે અમદાવાદના અને અમદાવાદ બહારથી ઈલેકટ્રીક વાહન લઈને શહેરમાં આવતા લોકો માટે સારા સમાચાર સામે આવ્યા છે. અમદાવાદમાં એકસાથે ૧૨ અલ્ટ્રાફાસ્ટ સ્ટેશનને કેન્દ્રીય ગૃહ પ્રધાન દ્વારા શરુ કરાવવામાં આવ્યા છે. હવે અમદાવાદ બહારથી આવનારા લોકોને ઈફ વાહન ક્યા ચાર્જ કરવા તેની સમસ્યા રહેશે નહીં.

### હોસ્પિટલમાં રીલ્સ બનાવવાનું પડ્યું ભારે

# RTO બાદ હવે એરપોર્ટના સર્વરમાં ખામી : મુસાફરો ૧ કલાક સુધી અટવાયા

। અમદાવાદ, તા.૧૨ ।

RTOની જેમ હવે અમદાવાદ એરપોર્ટ પર પણ સર્વરમાં ખામી સામે આવી હતી. સર્વરમાં ખામી સર્જાતા એક કલાક મુસાફરો અટવાયા હતા. એરપોર્ટ પર સર્વરમાં ખામી સર્જાવાની ભાગ્યે જ ઘટના જોવા મળતી હોય છે ત્યારે સર્વરમાં ખામી સર્જાતા ઈમિગ્રેશન કાઉન્ટર પર મુસાફરોની લાઈનો લાગી હતી. જે સમયે મુસાફરોએ ટ્વીટ કરી ધ્યાન દોરતા તંત્ર કામે લાગ્યું હતું. આ સમસ્યાને કારણે ફ્લાઈટના ટેકઓફમાં પણ મોડુ થતા મુસાફરોને હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. ગુજરાતનાં સૌથી વ્યસ્ત રહેતા એરપોર્ટ એવા અમદાવાદનાં સરદાર પટેલ વલ્લભભાઈ પટેલ એરપોર્ટને વધુને વધુ આધુનિક બનાવવાના પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. તેમજ મુસાફરોનો તકલીફ ન પડે તે માટે અમદાવાદ એરપોર્ટ ખાતે ડોમેસ્ટિક અને ઈન્ટરનેશનલ ટર્મિનલ પર ઈમિગ્રેશન કાઉન્ટરમાં વધારો કરવામાં આવ્યો છે. પરંતુ તા. ૮ અને ૯ ફેબ્રુઆરીનાં રોજ રાત્રિ દરમ્યાન ઈમિગ્રેશન કાઉન્ટર પરના સર્વરમાં ખામી સર્જાતા મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.

### ટોળાએ વાહનોમાં આગચંપી કરી

# વડોદરામાં ક્રેને પગપાળા મંદિરે જતા યાત્રીને કચડી નાંખ્યો

। વડોદરા, તા.૧૨ ।

અનગઢ ગામના મંદિરે ચાલતા જતા પદયાત્રીઓ પૈકી એક પદયાત્રીનું ક્રેનની અડફેટે મોત નીપજ્યુ છે. પગપ ાળા જતા શ્રદ્ધાળુને ક્રેને કચડી નાંખતા ટોળામાં રોષ પ્રવર્તી ગયો હતો. આ ઉશ્કારેયાલા ટોળા દ્વારા વાહનોને આગચંપી કરતા અફરાતફરીનો માહોલ છવાયો છે. આ ટોળાએ ડ્રાઈવરને માર મારી ત્રણ વાહનોને આગ ચાંપી દીધી છે. જોકે, આ મામલે પોલીસે ડ્રાઈવર સામે અકસ્માત અને ડ્રાઈવરની ફરિયાદના આધારે ટોળા સામે રાયોટિંગનો ગુનો દાખલ કર્યો છે. આ અંગે મળતી માહિતી પ્રમાણે, વડોદરાના અનગઢ ગામમાં આવેલા મંદિરે પદયાત્રીઓ ચાલતા જતા હતા. આ દરમિયાન ત્યાંથી પસાર થયેલી ક્રેને એક પદયાત્રીને અડફેટે લઈને કચડી નાંખ્યો હતો. હાઈડ્રો ક્રેનના તોતિંગ પૈંડા યુવકના માથા પર ફરી વળતા મૃતકનું માથું છુંદાઈ જતા તેનું મોત નીપજ્યુ હતુ. જે બાદ પગપાળા જતા શ્રદ્ધાળુને ક્રેને કચડી નાંખતા ટોળામાં રોષ પ્રવર્તી ગયો હતો. ઉશ્કેરાયેલા ટોળા દ્વારા ત્રણ વાહનોને આગચંપી કરાતા અફરાતફરી મચી ગઈ હતી. ઉશ્કારેયાલા ટોળાએ સળિયા તથા ડંડા વડે ડ્રાઈવર પર હુમલો કર્યો હતો. જેથી ડ્રાઈવરને હાથ અને પગે ઈજા પહોંચી હતી.

### રાજ્યની ૧૬૦૬ શાળા માત્ર એક શિક્ષકથી ચાલે છે

# છોટાઉદેપુરમાં ૨૮૩ અને ભરૂચની ૧૦૨ શાળાઓમાં શિક્ષકોની ભારે અછત

। અમદાવાદ, તા.૧૨ ।

ગુજરાતમાં શિક્ષણ સાવ ખાડે ગયું તેના પુરાવા ખુદ ગુજરાત સરકારે વિધાનસભામાં આપ્યા છે. આ સાથે જ સરકારે સભામાં સ્વીકાર્યું કે, રાજ્યમાં ૧૩ હજાર શિક્ષકોની ઘટ છે. કોંગ્રેસ દ્વારા પૂછાયેલા સવાલોના સરકારે જવાબ આપ્યા. ૧૬૦૬ શાળાઓ એક શિક્ષકથી ચાલતી હોવાનો સ્વીકાર રાજ્ય સરકારે કર્યો છે.

કોંગ્રેસના ધારાસભ્ય તુષાર ચૌધરીના પ્રશ્નના જવાબમાં શિક્ષણ મંત્રી કુબેર ડીડોરે જણાવ્યું કે, ૦૬૦૬ શાળાઓ નિયમિત શાળાઓ જ છે આ શાળાઓમાં શિક્ષકને વતનનો લાભ આપવા સહિતના મુદ્દાઓને કારણે શિક્ષકોની સંખ્યા ઘટી છે, આ માટે જલ્દી ભરતી કરવામાં આવશે. અમદાવાદમાં પણ ૧૭, ભરૂચમાં ૧૦૨, બોટાદમાં ૨૯, છોટાઉદેપુરમાં ૨૮૩, દાહોદમાં ૨૦, ડાંગમાં ૧૦ અને ગાંધીનગરમાં શાળાઓમાં શિક્ષકોની ઘટ છે. ૫.૩ ટકા શાળાઓમાં એક જ શિક્ષક હોવાનો સ્વીકાર સરકારે કર્યો છે. કોંગ્રેસના શૈલેષ પરમારે પ્રશ્ન કર્યો હતો કે, એક શિક્ષકથી શાળા ચાલતી હોય તેવી શાળાઓ ૨૦૨૨ માં ૭૦૦ હતી તેની સામે આજે એક શિક્ષકથી શાળાઓની જગ્યા વધી રહી છે. આજે આ આંકડો ૧૬૦૬ પર પહોંચી ગયો છે.







માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨